સાંધ્ય દૈનિક

# પ્રતાપ દર્પણ

RNI NO : 67531/97 | મુદ્રક તથા પ્રકાશક : રાજેશ બાલુભાઈ પટેલ ● તંત્રી : પ્રવીણ ગોહિલ ● સહતંત્રી : જગદીશ વાલજીભાઈ ચાવડા ● વર્ષ : ૩૦ ● અંક : ૯૮ ● મોબાઈલ નં. ૯૮૨૫૫ ૩૨૫૦૫

www.pratapdarpan.in | pratapdarpan_official | pratapdarpansrt@gmail.com | pratapdarpan_official11

# લોકસભામાં વકફ સુધારા બિલની રજૂઆત

## સંસદીયમંત્રી કિરણ રિજિજુએ બિલ રજૂ કરતા વિપક્ષોનો હોબાળો : બિલ પર ચર્ચા શરૂ : ટીડીપી અને જેડીયુ દ્વારા બિલને સમર્થન

નવી દિલ્હી, તા. ૨

કેન્દ્રીય સંસદીય કાર્ય મંત્રી કિરણ રિજિજુ તેને પ્રશ્નકાળ પછી બપોરે ૧૨ વાગ્યે ગૃહમાં ચર્ચા માટે વકફ સુધારા બિલ રજૂ કર્યું હતું. સ્પીકર ઓમ બિરલાએ બિલ પર ચર્ચા માટે ૮ કલાકનો સમય નક્કી કર્યો છે. તેમાંથી NDAને ૪ કલાક ૪૦ મિનિટનો સમય આપવામાં આવ્યો છે, જ્યારે વિપક્ષને બાકીનો સમય મળ્યો છે. વકફ સુધારા બિલ લોકસભામાં રજૂ થતા વિપક્ષે ભારે હોબાળો મચાવી દીધો હતો.

ચંદ્રબાબુ નાયડુની તેલુગુ દેશમ પાર્ટી (TDP) અને નીતિશ કુમારની જનતા દળ યુનાઈટેડ (JDU)એ બિલને સમર્થન જાહેર કર્યું છે. બંને પક્ષોએ પોતાના તમામ સાંસદોને ગૃહમાં હાજર રહેવા વ્હીપ પણ જાહેર કર્યો છે.

બીજી તરફ, વિપક્ષ બિલનો વિરોધ કરી રહ્યો છે. તમિલનાડુના એઆઈએડીએમકે, નવીન પટનાયકના બીજુ જનતા દળ અને કે ચંદ્રશેખર રાવની ભારત રાષ્ટ્ર સમિતિ જેવા તટસ્થ પક્ષો પણ આ મામલે વિપક્ષ સાથે છે. ગઈકાલે, ઈન્ડિયા બ્લોકના પક્ષોએ સંસદ ભવનમાં એક બેઠક યોજી હતી અને બિલ પર તેમની વ્યૂહરચના અંગે ચર્ચા કરી હતી.

આ ઉપરાંત, વિપક્ષે ચર્ચાનો સમય વધારીને ૧૨ કલાક કરવાની માંગ કરી છે. આ અંગે સંસદીય કાર્ય મંત્રી કિરેન રિજિજુએ કહ્યું કે ચર્ચાનો સમય વધારી શકાય છે. દેશ એ પણ જાણવા માંગે છે કે કયા પક્ષનું વલણ શું




છે.કિરેન રિજિજુએ કહ્યું કે ૨૦૧૩માં ચૂંટણી માટે થોડા જ દિવસો બાકી હતા. ૫ માર્ચ, ૨૦૧૪ના રોજ ૧૨૩ પ્રાઈમ પ્રોપર્ટીને દિલ્હી વક્ફ બોર્ડને ટ્રાન્સફર કરવામાં આવી હતી. ચૂંટણીને થોડા દિવસો બાકી હતા, તમારે રાહ જોવી જોઈતી હતી. તમે વિચાર્યું હતું કે તમને મત મળશે, પણ તમે ચૂંટણી હારી ગયા.

તમે કહ્યું હતું કે કોઈપણ ભારતીય વકફ બનાવી શકે છે. અમે આ મુદ્દાને ફરીથી જીવંત કર્યો છે કે ફક્ત તે વ્યક્તિ જ વકફનો દાવો કરી શકે છે જેણે ઓછામાં ઓછા પાંચ વર્ષ સુધી ઈસ્લામનું પાલન કર્યું હોય. વક્ફ બોર્ડને ધર્મનિરપેક્ષ બનાવવા માંગુ છું. હવે વક્ફમાં શિયા, સુન્ની, બોહરા, પછાત વર્ગના મુસ્લિમો, બિન-મુસ્લિમ નિષ્ણાતો અને મહિલાઓ પણ હશે. વકફ બોર્ડમાં ૪ બિન-મુસ્લિમ સભ્યો હોઈ શકે છે, અને તેમાંથી ૨ મહિલા સભ્યો હોવા જોઈએ.

કેન્દ્રીય મંત્રી રિજિજુએ કહ્યું કે ૨૦૧૪ માં આપણે બધા ચૂંટણીમાં હતા. તે પહેલાં ૨૦૧૩ માં કેટલાક પગલાં લેવામાં આવ્યા હતા. એક નાગરિક અને સભ્ય તરીકે તમારા મનમાં એક પ્રશ્ન ઉદ્ભવશે કે આ પગલું શા માટે લેવામાં આવ્યું.

પહેલું એ હતું કે કોઈપણ વ્યક્તિ વકફ બનાવી શકે છે, પછી ભલે તે કોઈપણ ધર્મનો હોય. તમે એવી જોગવાઈ કરી હતી કે શિયા બોર્ડમાં શિયાઓ અને સુન્ની બોર્ડમાં સુન્નીઓ હશે. એક જોગવાઈ આવી હતી કે વકફ બોર્ડની જોગવાઈ ગમે તે હોય,

અનુસંધાન પાના ૭ પર

# તેલંગાણામાં ઓબીસી અનામત મંજૂર કરવા દિલ્હીમાં ધરણા

## વિરોધ પ્રદર્શનમાં રાહુલ ગાંધી પણ જોડાશે

નવી દિલ્હી, તા. ૨

કોંગ્રેસ નેતા રાહુલ ગાંધી આજે બુધવારે દિલ્હીના જંતર-મંતર ખાતે તેલંગાણાના પછાત વર્ગ સંગઠનોના વિરોધ પ્રદર્શનમાં જોડાશે. આ સંગઠનો ૧૭ માર્ચે તેલંગાણા વિધાનસભામાં પસાર થયેલા બિલના સમર્થનમાં વિરોધ કરી રહ્યા છે, જેમાં OBC (અન્ય પછાત વર્ગો) માટે અનામત ૨૩ ટકાથી વધારીને ૪૨ ટકા કરવાની વાત કરવામાં આવી છે.

જો આ બિલ લાગુ થશે, તો તેલંગાણામાં અનામત મર્યાદા વધીને ૬૨% થશે. પરંતુ ભારતમાં અનામતની મહત્તમ મર્યાદા ૫૦ ટકા નક્કી કરવામાં આવી છે. આવી સ્થિતિમાં, આ બિલને લાગુ કરવા માટે સંસદની મંજૂરી જરૂરી છે.

આ તરફ, તેલંગાણા કોંગ્રેસના અધ્યક્ષ બોમ્મા મહેશ કુમાર ગૌડ સહિત રાજ્યના ઘણા મંત્રીઓ અને ધારાસભ્યો મંગળવારે સાંજે દિલ્હી જવા રવાના થયા હતા. અહેવાલો અનુસાર, સીએમ રેવંત રેડ્ડી પણ વિરોધ પ્રદર્શનમાં જોડાઈ શકે છે. કોંગ્રેસે ૨૦૨૩ની વિધાનસભા ચૂંટણી પહેલા OBC ક્વોટા વધારવાનું વચન આપ્યું હતું.

તેલંગાણાના મુખ્યમંત્રીએ વિધાનસભામાં કહ્યું- કોંગ્રેસ નેતા રાહુલ ગાંધીએ વચન આપ્યું હતું કે જો કોંગ્રેસ સત્તામાં આવશે તો OBC અનામત વધારીને ૪૨ ટકા કરવામાં આવશે. સત્તા સંભાળ્યા પછી

અનુસંધાન પાના ૭ પર

# યુપીના સફાઈ કર્મીને રૂ. ૩૪ કરોડની આવકવેરા નોટીસ

### અગાઉ જયુસ વેન્ડરને પણ કરોડોની કરચોરીની નોટીસ મળી હતી

આગ્રા, તા. ૨

મહાકુંભમાં બોટમેન એ ૪૫ દિવસમાં રૂા.૩૨ કરોડ કમાયા તેવા મુખ્યમંત્રી યોગી આદિત્યનાથના દાવા બાદ આવકવેરા વિભાગને હવે મહાકુંભમાં જંગી કમાણી કરનાર પર 'રડાર' ફેરવ્યુ છે તે પછી હવે લોકલ નાના-વેન્ડર પણ આઈટીની નોટીસો મળવા લાગી છે.

જેમાં અલીગઢમાં એક જયુસ વેચનારને રૂા.૭.૮ કરોડની આવકવેરા નોટીસ મળી અને એક ફેકટરી કામદારને રૂા.૧૧ કરોડના ટેક્ષચોરીની નોટીસ મળ્યા બાદ હવે મહીને રૂા.૧૫૦૦૦નો પગાર મેળવતા સફાઈ કામદારને પણ તેની આવક રૂા.૩૪ કરોડ છે તેવા દાવા સાથે આઈટી વિભાગે કરચોરી બદલ નોટીસ ફટકારવામાં આવી છે.તા.૨૨ માર્ચના રોજ કરનકુમાર નામના આવકવેરા અધિકારીને ૨૦૧૯-૨૦ના એસેસમેન્ટ વર્ષ માટે જે નોટીસ મળી તેમાં તેની આવક રૂા.૩૩,૮૫,૮૫,૩૬૮ હોવાનું આવકવેરા વિભાગે દર્શાવ્યુ છે.

આ ભાઈને સ્ટેટ બેન્ક ઓફ ઈન્ડીયામાં ખાતુ છે. જેમાં બેલેન્સ પણ થોડા સો રૂપિયાની છે. હવે તેના પાનકાર્ડનો ગેરઉપયોગ થયો

અનુસંધાન પાના ૭ પર

# કોર્ટને વ્યાજદર નક્કી કરવાનો અધિકાર છે : સર્વોચ્ચ અદાલત

### બાવન વર્ષે સુપ્રિમ કોર્ટમાં કેસનો નિકાલ આવ્યો

નવી દિલ્હી, તા. ૨

સુપ્રીમ કોર્ટે મંગળવારે મહત્ત્વનો ચુકાદો આપતા કહ્યું છે કે, કોર્ટને વ્યાજદર નક્કી કરવાનો અને તે ક્યારથી આપવાનો રહેશે તે નક્કી કરવાનો અધિકાર છે. આ અધિકાર દરેક કેસના તથ્યો પર આધાર રાખે છે જે, વ્યાજ મુક્તિની તારીખ, તે પહેલાં અથવા ડિક્રિની તારીખથી આપવામાં આવશે.

જસ્ટિસ જે.બી પારડીવાલા અને જસ્ટિસ આર. મહાદેવનની ખંડપીઠે ૫૨ વર્ષ લાંબી કાયદાકીય લડતનો અંત લાવતા સમયે પોતાના આદેશમાં આ ટિપ્પણી કરી હતી. જેમાં રાજસ્થાન સરકાર અને આઈ. કે. મર્ચન્ટ્સ પ્રાઈવેટ લિ. સહિત ખાનગી પક્ષો વચ્ચે રાજ્ય સરકારને આપલા શેરના મૂલ્યાંકન પર વિવાદ હતો.

ખંડપીઠે શેરના મૂલ્યની વિલંબિત ચુકવણી પર લાગુ થતા વ્યાજ દરોમાં પણ સુધારો કર્યો. ૩૨ પાનાના ચુકાદામાં ન્યાયાધીશ મહાદેવને કહ્યું કે, આ સંપૂર્ણપણે સ્પષ્ટ છે કે, અદાલતોને કાયદા અનુસાર તમામ તથ્યો અને પરિસ્થિતિઓને ધ્યાનમાં રાખીને યોગ્ય વ્યાજ દર નક્કી કરવાની સત્તા છે.ખાનગી પેઢીએ કોલકાતા હાઈકોર્ટના આદેશ સામે અપીલ દાખલ કરી હતી. જેમાં મેસર્સ રે એન્ડ રે દ્વારા રાખવામાં આવેલા શેરની ઈશ્યુ કિંમત ૬૪૦ રૂપિયા પ્રતિ શેર જાળવી રાખવામાં આવી હતી અને વાર્ષિક પાંચ ટકાના દરે સાદું વ્યાજ આપવામાં આવ્યું હતું. જ્યારે ખાનગી પેઢીએ વ્યાજમાં વધારો કરવાની માંગ કરી, ત્યારે રાજ્ય સરકારે આ કિંમતને ચેલેન્જ કરી હતી.૧૯૭૩ના આ વિવાદમાં અપીલકર્તાઓ દ્વારા રાજસ્થાન રાજ્ય ખાણ અને ખનિજ લિ. ના શેર રાજ્યને ટ્રાન્સફર કરવામાં આવ્યા હતા. સુપ્રીમ કોર્ટે ચુકવણીમાં વિલંબને ધ્યાનમાં લીધો અને આદેશ આપ્યો કે અપીલકર્તાઓ વ્યાજ રૂપે યોગ્ય વળતર મેળવવા માટે હકદાર છે.

# બુલઢાણામાં બલેરો ગાડી સાથે બે બસ અથડાતા પાંચનાં મોત

### શેગાંવ-ખામગાંવ હાઈ વે પર ભયાનક ત્રિપલ અકસ્માત

મુંબઈ, તા. ૨

મહારાષ્ટ્રના બુલઢાણા જિલ્લાના શેગાંવ ખામગાંવ હાઈવે પર એક ભયંકર ટ્રિપલ અકસ્માત સર્જાયો હતો. આ દુર્ઘટનામાં ઘટનાસ્થળે જ ૫ જેટલાં લોકો મૃત્યુ નિપજયા હતા.

મળતી માહિતી અનુસાર એક ખાનગી બસ, એક એસ.ટી. બસ અને બોલેરો વચ્ચે આ ભીષણ અકસ્માત સર્જાયો હતો. વહેલી સવારે પૂરપાટ ગતિએ દોડતી બોલેરો કાર એસ.ટી.બસ સાથે અથડાઈ હતી. જેના લીધે પાછળ આવતી ખાનગી બસ પણ આ અકસ્માતમાં લપેટાઈ ગઈ હતી. ભયાનક અકસ્માતમાં ૫ લોકો ઘટનાસ્થળે જ મૃત્યુ પામી ગયા.

જોકે ૨૪ લોકો ઈજાગ્રસ્ત થઈ ગયા હતા. અકસ્માત એટલો ભયાનક હતો કે બોલેરો કારનો તો કચ્ચરઘાણ થઈ ગયો હતો. બે બસ પણ અકસ્માતની લપેટમાં આવી જતાં ઈજાગ્રસ્તોનો આંકડો પણ ૨૪ પહોંચી ગયો હતો.

ઘટના વહેલી સવારે સર્જાઈ હતી. પોલીસને જાણકારી મળતાં ત્વરિત કાર્યવાહી હાથ ધરવામાં આવી હતી અને ઘાયલોને નજીકની હોસ્પિટલમાં સારવાર અર્થે ખસેડવામાં આવ્યા હતા.

# ભારતના કૃષિ બજાર પર અમેરિકાની નજર સાંજે ચાર વાગે ટ્રમ્પ ટેરીફની જાહેરાત થશે

## ટ્રમ્પની ટેરીફ નિતી પર ભારત, કેનેડા, ચીન, મેકિસકો અને દક્ષીણ કોરીયાની નજર

નવી દિલ્હી, તા. ૨

અમેરિકાના રાષ્ટ્રપતિ ડોનાલ્ડ ટ્રમ્પનો બહુચર્ચિત રેસિપ્રોકલ ટેરિફ (જેવા સાથે તેવો શુલ્ક) બુધવારથી અમલમાં આવશે. ટ્રમ્પે ૨ એપ્રિલને આઝાદી દિવસ તરીકે જાહેર કર્યો છે. વ્હાઈટ હાઉસે મંગળવારે જણાવ્યું હતું કે, ટ્રમ્પ બુધવારે સાંજે ૪ વાગ્યે (સ્થાનિક સમય) રોઝ ગાર્ડન ખાતે 'મેક અમેરિકા વેલ્થી અગેઈન' કાર્યક્રમમાં ભાષણ આપશે. ટેરિફની પૂર્વસંધ્યાએ ટ્રમ્પે કહ્યું કે, મને આશા છે કે ભારત અમેરિકન ઉત્પાદનો પરના ઊંચા ટેરિફ દર ઘટાડશે. તેમણે કહ્યું, ભારતે આ પહેલા કરી લેવું જોઈતું હતું. નિષ્ણાતોના મતે, ટ્રમ્પ અમેરિકન કંપનીઓને ભારતીય કૃષિ ક્ષેત્રમાં પ્રવેશ કરાવવા પ્રયાસ કરી રહ્યા છે.અમેરિકા હાલમાં ભારત સાથે લગભગ ૪ લાખ કરોડ રૂપિયાની વેપાર ખાધનો સામનો કરી રહ્યું છે. અમેરિકા હવે ભારત પર કૃષિ ટેરિફ ઘટાડવાના મુદ્દા પર અટવાયું છે. વ્હાઈટ હાઉસના પ્રવક્તા કેરોલિન લેવિટે જણાવ્યું હતું કે ભારત યુએસ કૃષિ ઉત્પાદનો પર ૧૦૦% ટેરિફ લાદે છે. ઉપરાંત, કેટલાક યુરોપિયન દેશો અને જાપાન અમેરિકન કૃષિ ઉત્પાદનો પર ૭૦૦% સુધીના ટેરિફ લાદે છે. ૩ એપ્રિલથી ટ્રમ્પે અમેરિકામાં આયાત થતી કાર પર ૨૫% ટેરિફની પણ કરી છે. કેન્દ્રીય વાણિજ્ય મંત્રી જિતિન પ્રસાદે કહ્યું કે, ભારતીય ટેરિફ નીતિનો ઉદ્દેશ્ય વેપાર વધારવા અને ઉદ્યોગ સાહસિકોને રક્ષણ પૂરું પાડવાનો છે.ચીન, જાપાન અને દક્ષિણ કોરિયા હાથ મિલાવ્યો: ચીન, જાપાન અને દક્ષિણ કોરિયાએ મુક્ત વેપાર કરાર માટે મોટી તૈયારીઓ શરૂ કરી દીધી છે. ટ્રમ્પના ૨૫% ઓટો ટેરિફથી આ ત્રણ દેશો મુખ્ય રીતે પ્રભાવિત થશે, જે ૩ એપ્રિલથી અમલમાં આવશે.



અનુસંધાન પાના ૭ પર

# ઓડીશામાં વાવાઝોડા અંગે હવામાન વિભાગનું યલો એલર્ટ

### હિમાચલમાં વરસાદ અને હિમ વર્ષાની ચેતવણી

નવી દિલ્હી, તા. ૨

હવામાન વિભાગે બુધવારે મધ્યપ્રદેશ, છત્તીસગઢ સહિત ૧૧ રાજ્યોમાં વરસાદ, કરા અને વાવાઝોડાનું એલર્ટ આપ્યું છે. ગુજરાત અને રાજસ્થાનમાં હાટવેવની ચેતવણી આપવામાં આવી છે. રાજસ્થાનના કેટલાક ભાગોમાં હળવો વરસાદ પણ પડી શકે છે.

હવામાન વિભાગના જણાવ્યા અનુસાર, ઓડિશાના ૧૫ જિલ્લાઓમાં વાવાઝોડાનું યલો એલર્ટ આપ્યું છે. આ દરમિયાન પવન ૫૦-૬૦ કિલોમીટર પ્રતિ કલાકની ઝડપે ફૂંકાશે. રાજ્યમાં ૭ એપ્રિલ સુધી આવું જ હવામાન રહેશે.

જમ્મુ-કાશ્મીર અને લદ્દાખને જોડતા ઝોજીલા પાસ પર એક મહિનાથી બંધ રહેલો શ્રીનગર-લેહ દ્રૐ૧ ફરીથી ખોલવામાં આવ્યો છે. નેશનલ હાઈવે ૩૩ દિવસ સુધી બંધ રહ્યો, જો કે છેલ્લા કેટલાક વર્ષોમાં આ સૌથી ઓછા દિવસો છે.આ તરફ, મધ્યપ્રદેશના ૮ જિલ્લાઓમાં કરા પડવાનું એલર્ટ છે. તેમજ, ભોપાલ-જબલપુરમાં ભારે પવન ફૂંકાઈ શકે છે. હિમાચલ પ્રદેશમાં વરસાદ અને હિમવર્ષાની ચેતવણી આપવામાં આવી છે. ૩ એપ્રિલે પણ ૬ જિલ્લામાં વરસાદની શક્યતા છે.

અનુસંધાન પાના ૭ પર

# દુનિયામાં ફરવા માટે સૌથી સસ્તા શહેરોમાં દિલ્હી પાંચમા ક્રમાંકે

### કિફાયતી શહેરોમાં પોર્ટુગલનું અલ્ગાર્વે પ્રથમ ક્રમે

નવી દિલ્હી, તા. ૨

દુનિયામાં ફરવા માટે વર્ષ ૨૦૨૫માં સૌથી કિફાયતી (પોષાઈ શકે તેવા) શહેરોમાં દિલ્હી પાંચમા ક્રમે છે, જયારે પહેલા નંબરે પોર્ટુગલનું અલ્ગાર્વે શહેર છે. બ્રિટીશ કંપની યુકે પોસ્ટ ઓફિસની વાર્ષિક હોલિડે મનીએ પોતાના રિપોર્ટમાં આ યાદી જાહેર કરી છે.

યાદી તૈયાર કરવા માટે પોસ્ટ ઓફિસે દુનિયાભરના ૪૭ લોકપ્રિય યાત્રાસ્થળને જોયા. ત્યારબાદ ખોરાકથી લઈને પેય પદાર્થોની રોજની સરેરાશ ખર્ચની ગણતરી કરી. ત્યારબાદ આ યાદી તૈયાર કરવામાં આવી.

આ ખર્ચમાં વિમાન યાત્રા અને હોટેલનો ખર્ચ સામેલ નથી કરાયો. યાદીમાં પ્રથમ ક્રમે પોર્ટુગલનું અલ્ગાર્વે શહેર છે. બીજા સ્થાને દક્ષિણ આફ્રિકાનું કેપટાઉન, ત્રીજા સ્થાને જાપાનનું ટોકયો, ચોથા ક્રમે ઈન્ડોનેશિયાનું બાલી અને પાંચમા નંબરે ભારતનું દિલ્હી શહેર છે. ભારતનું દિલ્હી ટોપ પાંચમા સામેલ છે. કિંમતોમાં ૧૦.૭ ટકાના ઘટાડાનું કારણ તે ૨૦૨૪માં ૧૩માં સ્થાનથી આ વર્ષે પાંચમા સ્થાને પહોંચી ગયું છે. દિલ્હીમાં આવશ્યક વસ્તુઓનો દૈનિક ખર્ચ લગભગ ૮૯.૬૮ ડોલર છે. ઓછા ભાવોના આધારે મુલ્યાંકન પોર્ટુગલમાં અલ્ગાર્વે વર્ષ ૨૦૨૫માં યાત્રા કરવા માટે સૌથી સસ્તી જગ્યા છે. પોર્ટુગલના દક્ષિણી તટ પર આવેલ આ ક્ષેત્ર ભોજન અને પેય પદાર્થોની સતત ઓછી કિંમતોના કારણે ટોપ સ્થાને છે. જયાં યાત્રા માટે જરૂરી વસ્તુ માટે સરેરાશ દૈનિક બજેટ લગભગ ૭૬.૦૬ ડોલર છે.

યાદીમાં બીજા ક્રમે દક્ષિણ આફ્રિકાનું શહેર કેપટાઉન છે, જે ૨૦૨૪ની યાદીમાં પણ બીજા ક્રમે હતુ. કેપટાઉનમાં જરૂરી વસ્તુઓના કુલ દૈનિક ખર્ચ ૭૭.૧૯ ડોલર છે. જાપાનનું શહેર ટોકયો આ

અનુસંધાન પાના ૭ પર

# બજરમાંથી નાણા એકત્ર કવા ૧૪ કંપનીઓએ મંજૂરી માંગી

### ઘણી કંપનીઓએડ્રાફટ પ્રોસ્પેકટસ સેબી સમક્ષ મુકયા

મુંબઈ, તા. ૨

શેરબજારમાં કેટલાંક વખતની મંદી અને ટેરિફ વોરની આશંકાથી અનિશ્ચિતતાભર્યો માહોલ છતાં આવતા દિવસોમાં ફરી તેજી આવવાના આશાવાદ હેઠળ કોર્પોરેટ કંપનીઓએ માર્કેટમાંથી નાણાં ઉઘરાવવાના પ્લાન ચાલુ જ રાખ્યા છે. નાણાં વર્ષની સમાપ્તિ પુર્વે જ છેલ્લી ઘડીએ ૧૪ કંપનીઓએ સેબી સમક્ષ દસ્તાવેજ-પ્રોસ્પેકટસ રજુ કરી દીધા હતા.શેરબજારની મંદીને કારણે થોડા સમયથી આઈપીઓ માર્કેટ ઠંડી પડી હોવા છતાં નાણાં એકત્રીત કરવાના કોર્પોરેટ કંપનીઓના પ્લાનમાં કોઈ મોટો બદલાવ નથી. નાણાંવર્ષની સમાપ્તિના અંતિમ ત્રણ દિવસમાં જ ૧૪ કંપનીઓએ સેબીમાં ડ્રાફટ પ્રોસ્પેકટસ ફાઈલ કરી દીધા હતા.૩૧મી માર્ચ સુધી સપ્ટેમ્બર ત્રિમાસિક ગાળાના હિસાબો સાથે પ્રોસ્પેકટસ રજુ કરવાની મુદત હતી એટલે છેલ્લી ઘડીએ કંપનીઓએ ધસારો કર્યો હતો. તેના આધારે આઈપીઓ લાવવાના પ્લાનમાં આગળ વધવાનો તેમનો ઈરાદો સ્પષ્ટ થતો હતો.

જાણકારોનાં કહેવા પ્રમાણે માર્કેટમાંથી અનિશ્ચિત માહોલ હોય છતાં આઈપીઓ લાવવાનો તેમનો ઈરાદો સ્પષ્ટ હોવાનું

અનુસંધાન પાના ૭ પર

# બિહારનો ચૂંટણી જંગ જીતવા અમીત શાહે બ્લુપ્રિન્ટ તૈયાર કરી

### ૨૨૫ બેઠકનો ટાર્ગેટ નક્કી કરી ભુપેન્દ્ર યાદવને જવાબદારી સોંપાઈ



નવી દિલ્હી, તા. ૨

આગામી સમયમાં યોજાનારી બિહાર વિધાનસભાની ચૂંટણી માટે કેન્દ્રીય ગૃહમંત્રી તથા ભાજપના ચાણકય અમીત શાહે બે દિવસ પટણામાં રોકાઈને રાજયમાં ચુંટણી જીતવા માટેનું પ્રારંભીક પ્લાનીગ પુરુ કર્યુ છે અને હવે આગામી સમયમાં જનતાદળ (યુ) સાથે બેઠક વહેંચણી સહિતના મુદે વધુ એક રાઉન્ડ યોજાશે અને આગામી ત્રણ માસનું ટાસ્ક સ્થાનિક નેતાઓને સોંપતા આવ્યા છે અને હવે તેમાં બિહારના પ્રભારી તરીકે હાલમાં જ મહારાષ્ટ્ર સહિતના રાજયમાં ભાજપને જીતાડવામાં મહત્વની ભૂમિકા ભજવનાર ભુપેન્દ્ર યાદવને હવે બિહારની જવાબદારી સોંપવામાં આવી છે.

શ્રી અમીત શાહે બુથ સ્તર પર ભાજપની બેઠકોનું આયોજન શરુ કરી દેવા અને મતદાતાઓનું સ્કેનીગ કરીને છેલ્લી બે ચુંટણીમાં જે કાંઈ મતોની વહેંચણી થઈ છે તેની બુથ સુધીના આંકડાઓ તૈયાર કરવા જણાવ્યુ છે. અગાઉ મહારાષ્ટ્રમાં ભાજપે આ જ ફોર્મ્યુલા અમલમાં મુકી હતી અને

અનુસંધાન પાના ૭ પર





# સુરતમાં 'એક ભારત, શ્રેષ્ઠ ભારત'ની થીમ પર ભવ્ય સાંસ્કૃતિક કાર્યક્રમ યોજાયો

## પૂર્વોત્તર રાજ્યોના ૨૦૦ તથા ગુજરાતના ૨૦૦ કલાકારોએ રંગારંગ પ્રસ્તૃતિઓ રજૂ કરી

સુરત, તા.૨

પોરબંદર જિલ્લાના માધવપુર ખાતે તા.૬ થી ૧૦ એપ્રિલ સુધી માધવપુરનો ભાતીગળ મેળો યોજાશે, જેમાં સાંસ્કૃતિક વિરાસતો અને ધરોહરોને જોવા, જાણવા અને માણવાની તક મળશે, ત્યારે સુરતવાસીઓ પણ રાજ્યની આગવી સાંસ્કૃતિક પરંપરાથી અવગત થાય એ માટે સુરતના ઈન્ડોર સ્ટેડિયમ-અઠવાલાઈન્સ ખાતે 'એક ભારત, શ્રેષ્ઠ ભારત'ની થીમ પર આયોજિત ભવ્ય સાંસ્કૃતિક કાર્યક્રમમાં પૂર્વોત્તર રાજ્યોના ૨૦૦ તથા ગુજરાતના ૨૦૦ કલાકારોએ એક એકથી ચડિયાતી રંગારંગ પ્રસ્તુતિઓ રજૂ કરી હતી.

રાજ્યના રમતગમત, યુવા અને સાંસ્કૃતિક પ્રવૃત્તિઓ વિભાગ અને પ્રવાસન વિભાગની પ્રેરણા અને માર્ગદર્શનમાં જિલ્લા વહીવટી તંત્ર અને સુરત મહાનગરપાલિકા આયોજિત આ કાર્યક્રમમાં પૂર્વોત્તર રાજયો; અરૂણાચલ પ્રદેશ, આસામ, મણિપુર, મિઝોરમ, મેઘાલય, સિક્કિમ, ત્રિપુરા અને નાગાલેન્ડ અને ગુજરાતના મળી કુલ ૪૦૦ કલાકારોએ સુરતમાં સૌપ્રથમવાર સંયુક્ત રીતે ભવ્ય સાંસ્કૃતિક પ્રસ્તુતિઓ રજૂ કરી સુરતવાસીઓ મંત્રમુગ્ધ કર્યા હતા. દેશની બે અલગ અલગ સંસ્કૃતિના કલાકારો દ્વારા સંયુક્ત રીતે પરફોર્મ કરવામાં આવેલી આ સૌથી મોટી સામૂહિક સાંસ્કૃતિક કૃતિઓ હતી.

આ પ્રસંગે પૂર્વ કેન્દ્રીય ટેક્ષટાઈલ રાજ્ય મંત્રી શ્રીમતી દર્શનાબેન જરદોશ, જિલ્લા કલેક્ટર ડો.સૌરભ પારધી, પોલીસ કમિશનરશ્રી અનુપમસિંહ ગહલૌત, નાયબ પો. કમિશનર વબાંગ ઝમીર સહિત વરિષ્ઠ પોલીસ અધિકારીઓ, જિલ્લા યુવા વિકાસ અધિકારી રાધિકા લાઠીયા, જિલ્લા વહીવટીતંત્ર અને મનપાના અધિકારીઓ, વિવિધ શાળાના વિદ્યાર્થીઓ, શહેરીજનો મોટી સંખ્યામાં ઉપસ્થિત રહ્યા હતા.

### પૂર્વ-પશ્ચિમના વિવિધ કલાનૃત્યો આકર્ષણનું કેન્દ્ર બન્યા

ઈન્ડોર સ્ટેડિયમમાં નોર્થ ઈસ્ટના વિવિધ કલા નૃત્યોમાં અરૂણાચલનું ટેંગ કો ન્યોન, તાપુ, આસામનું બિહુ અને દાસોઅરી દેલાઈ નાચ, મણિપુરનું પંગ ઢોંગ ઢોલોક ચોલમ, મિઝોરમનું ચોંગ્લેઝવોન, વાંગલા, મેઘાલયનું કોચ, નાગાલેન્ડનું સંગતામ (માકુ હીનયાચી), સિંગઈ/યોક છમ, તેમાંગ સેલો, સિક્કિમનું ચુટકે, હોજાગીરી, ત્રિપુરાનું મમીતા અને સંગ્રેઈન નૃત્ય રજૂ કર્યા હતા. ગુજરાતના સુરેન્દ્રનગરનો રાસ, મહિસાગર ટ્રાઈબલ નૃત્ય, છોટાઉદેપુરનું રાઠવા, ડાંગનું ડાંગી, જોરાવરનગરનું હુડો, પોરબંદરના ઢાલ તલવાર અને મણિયારો, પોરબંદર ગાંધીનગરનો મિશ્ર રાસ, મોરબીના ગરબા, ભાલ વિસ્તારનું પઢાર મંજીરા નૃત્ય રજૂ કરી કલાકારોએ કાર્યક્રમમાં ચાર ચાંદ લગાવી દીધા હતા.

# અમદાવાદ એડવર્ટાઈઝીંગ સર્કલની નવી એક્ઝીક્યુટીવ કમિટીની ઘોષણા

## પ્રમુખ તરીકે મનીષ પી.ગાંધીની વરણી

સુરત, તા.૨

ગુજરાતમાં એડવર્ટાઈઝીંગ એજન્સીઓ માટે અગ્રણીત સ્વરૂપે કાર્ય કરતી અમદાવાદ એડવર્ટાઈઝીંગ વેલફેર સર્કલ એસોસિએશન (AACA) દ્વારા વર્ષ ૨૦૨૫-૨૭ માટે નવી એકઝીકયુટીવ કમિટીની નિમણૂક કરવામાં આવી છે. છછઝછ એજન્સીઓ વચ્ચે સારા સંબંધો, હેલ્થી કોમ્પિટિશન અને પ્રોફેશનલ ગ્રોથ માટે સતત પ્રયત્નશીલ છે.

AACA ના નવાપ્રમુખ શ્રીમનીષ પી.ગાંધી તથા કમિટિ એડવર્ટાઈઝીંગ ક્ષેત્રના વિકાસ માટે નવા ઈનોવેટિવ પ્રોગ્રામ કરવા સતત પ્રયત્ન રહેશે. તરીકે એકઝીકયુટીવ કમિટી પ્રમુખઃ મનીષ પી. ગાંધી (પી. ગૌતમ એન્ડ કંપની), સેક્રેટરીઃ જગત બી. ગાંધી (દિપ્તી એડ્સ), ઉપપ્રમુખઃ ભદ્રેશ બી. ગાંધી (રાકેશ એડવર્ટાઈઝીંગ), ઉપપ્રમુખઃ પીનલ એ. શાહ (શાર્પ મીડિયા સર્વિસીસ), જોઈન્ટસેક્રેટરીઃ હાર્દિક એ. શાહ (અરવીન એન્ડ કું.) અને ટ્રેઝરરઃ હિરેન એમ. શાહ (હિરેન એડવર્ટાઈઝીંગ)નો સમાવેશ કરાયો છે. જ્યારે કારોબારી સભ્યોમાં અજીતભાઈઆર. શાહ (અજીતએડ્સ), સંદીપભાઈ એન. શાહ (અમોલાએડવર્ટાઈઝીંગ), રાજેન્દ્રભાઈ સોની (પૂર્ણિમાએડ્સ), સમીર એન. શાહ (આદિશ્વર એડવર્ટાઈઝીંગ), પ્રશાંત પી. નારેચાણીયા (વર્ધમાન એડવર્ટાઈઝીંગ), પ્રદીપ એસ. મહેતા (વૃષ્ટિ કોમ્યુનિકેશન), કેતન એસ. દેસાઈ (આસ્થા માર્કેટીંગ), જીગ્નેશ જે. ગાંધી (શ્રીગિરીરાજ એડવર્ટાઈઝીંગ), અભિક એમ. પટેલ (અભિક એડ્સ), ચિંતન શાહ (અજીત એડ્સ), મૌલીન સોની (પૂર્ણિમા એડ્સ)નો સમાવેશ કરાયો છે. પ્રમુખ શ્રી મનિષ ગાંધીએ જણાવ્યુંહ તું કે"એડવર્ટાઈઝીંગએ આર્ટ છે, જેમાં લોકપ્રિય બ્રાન્ડ્સનું બિલ્ડિંગ અને કમ્યુનિકેશન કૌશલ્ય કામ કરે છે. AACA એજન્સીઓને એક સરસ પ્લેટફોર્મ આપે છે, જ્યાં એજન્સીઓ, મીડિયા હાઉસ અને ક્લાઈન્ટસ વચ્ચે સારી સમજણ અને હેલ્થી કોમ્પિટિશન બને. અત્રે ઉલ્લેખનીય છે કે AACA દ્વારા દર વર્ષે એજ્યુકેશનલ સેમિનાર, ટોકશો, સ્ટુડન્ટ એપ્રિસીએશન પ્રોગ્રામ, સ્પોર્ટ્સઈવેન્ટ્સ, ક્રિએટિવ કોમ્પિટિશન અને બ્લડ ડોનેશન કેમ્પ જેવા ઘણા સામાજિક અને ઉદ્યોગ વિકાસ કાર્યક્રમો યોજવામાં આવે છે.



**ઉપરોક્ત પરીક્ષા માં શ્રી ગટુ વિદ્યાલયના વિદ્યાર્થીઓએ ૧૦૦% પરિણામ મેળવી શ્રેષ્ઠ સિદ્ધિ મેળવી છે. જેમાં ધોરણ ૫ થી ૮ ના વિદ્યાર્થીઓએ ૮ ગોલ્ડ મેડલ ૫ સિલ્વર મેડલ અને ૫ બ્રોન્ઝ મેડલ મેળવી શાળાને ગૌરવ અપાવ્યુ છે. ભરૂચ જિલ્લામાં બીજો ક્રમ મેળવીને આ વિધાર્થી ઓ એ શાળાને ગૌરવ અપાવ્યો છે. શાળા સંચાલક મંડળે આ સિદ્ધિ મેળવનાર વિદ્યાર્થીઓને અને તેમને તૈયાર કરનાર શિક્ષકો ને અભિનંદન પાઠવ્યા છે.**

# સગરામપુરાના ગિરીશ વેલારી દ્વારા રૂપિયા ૫૧.૮૮ લાખની છેતરપિંડી

## દિપક ઉર્ફે કાલુ ગુજરીયાએ સિંગણપોર પોલીસ સ્ટેશનમાં ફરીયાદ નોંધાવી

(પ્રતાપ પ્રતિનિધિ) સુરત, તા.૨

સિંગણપોર ગામ ભાગ્યલક્ષ્મી સોસાયટીમાં રહેતા જમીન દલાલ દિપક ઉર્ફે કાલુ ગુજરીયાના પરિચીત ગીરીશ વેલારીએ દિપક ગુજરીયાને એનર્જી ડ્રિંકના ધંધામાં રોકાણ કરવાનું જણાવી કુલ રૂ.૫૧.૮૮ લાખ રૂપીયા લઈ નફા પેટે રૂ.૩૧ લાખ ચુકવી બાકીના રૂ.૨૦ લાખ પરત નહીં કરી છેતરપિંડી કરી હોવાની ફરીયાદ સિંગણપોર પોલીસ સ્ટેશનમાં નોંધાઈ છે.

સિંગણપોર પોલીસ સુત્રો પાસેથી મળતી વિગત પ્રમાણે મુળ ભાવનગર જિલ્લાના વતની અને હાલ સિંગણપોર ગામ તળાવ ફળીયા પાસે ભાગ્યલક્ષ્મી સોસાયટીમાં રહેતા દિપક મુળજીભાઈ ગુજરીયા જમીન દલાલી અને ડ્રાઈવીંગના કામ સાથે સંકળાયેલા છે. દિપક ગુજરીયાએ સને ૨૦૨૩ થી ૨૪ના સમયગાળામાં સગરામપુરા મલેક વાડી ખાતે તથા વીઆર મોલની પાછળ આવાસમાં રહેતા ગીરીશ શંભુભાઈ વેલારી સાથે પરિચય થયો હોય ગિરિશ વેલારીએ દિપકને એનર્જી ડ્રિંકના ધંધામાં રોકાણ કરાવવાનું કહી કુલ રૂ.૫૧.૮૮ લાખ મેળવી લીધા હતા. જેની સામે ૩૧ લાખ ચુકવી દીધા હતા જ્યારે બાકીની રકમ ચુકવી ન હતી. તેમજ દિપકની પત્ની પાસેથી પણ ૨૦.૭૪ લાખ મેળવી લીધા હતા. જે પરત નહીં કરી છેતરપિંડી કરી હતી. જ્યારે રૂપીયાની ઉઘરાણી કરવામાં આવતી ત્યારે ગીરીશ ગલ્લા તલ્લા કરી ઉડાવ જવાબ આપતો હતો. રૂપીયા ગજવે ઘાલનાર ગીરીશે જે-તે સમયે નોટરાઇઝ લખાણ પણ કરી આપ્યું હતું. હાલ આ મામલે સિંગણપોર પોલીસ સ્ટેશનમાં વિશ્વાસઘાતની ફરીયાદ નોંધાવાતા પોલીસે તપાસ હાથ ધરી છે.



# માં શબ્દમા પુરું બ્રહ્માંડ સમાયેલું છે : ભાસ્કરભાઈ દવે

## કેળવણી ગામે અંબા માતાની પ્રતિષ્ઠા થઈ

ધરમપુર, તા.૨

ધરમપુર ની બાજુમાં આવેલા કેળવણી પટેલ ફળીયા મા કથાકાર ભાસ્કરભાઈ દવે ના સાનિધ્યમાં બે દિવસીય અંબામાતા ના મંદિર નો પ્રાણ પ્રતિષ્ઠા મહોત્સવ સંપન્ન થયો હતો. ભાસ્કરભાઈ દવે એ જણાવ્યું હતુ કે " ભગવાન ની કૃપા થી ચૈત્રી નવરાત્રી ના પવિત્ર દિવસ મા આપને ભજન, ભોજન અને અભિષેક નો ત્રિવેણી સંગમ પ્રાપ્ત થયો હતો. નવયુવક મંડળ અને મહિલા મંડળ કેળવણી ભારે જહેમત ઉઠાવી હતી. કેળવણી સહીત પુરા પ્રદેશ મા "જય ભવાની જય અંબે" ના નારા થી વાતાવરણ માઁમય બન્યું હતુ. કર્મકાંડ આચાર્ય કિશનભાઈ દવે, હિતેષભાઇ મહારાજ અને ઋષિકુમાર પ્રિન્સ દવે ના વેદમંત્રોચાર ના ધ્વની થી વાતાવરણ ધર્મમય બન્યું હતુ. પધારેલા ભાવિક ભક્તો માટે ભોજન પ્રસાદ અને રાત્રે ગરબા નુ આયોજન કરવામાં આવ્યું હતુ. અંબામાતા ના આગમન અને પ્રાણ પ્રતિષ્ઠા થી પુરા પ્રદેશ મા આનંદ ની લાગણી પ્રસરી છે.

# વ્યાજના કેસમાં નાણા ધીરધાર કિરણ બારૈયાનો એક કેસમાં નિર્દોષ છુટકારો

(પ્રતાપ પ્રતિનિધિ) સુરત, તા. ૨

નાણા ધીરધાર પાસેથી લીધેલી રકમ બાબતે ગેરસમજ ઉભી થતા સગરામપુરાના નાણા ધીરધાર સામે થયેલી ફરીયાદ કોર્ટે રદ કરતો હુકમ કરી નાણા ધીરધાર કિરણ બારૈયાને નિર્દોષ છોડી મુકવા હુકમ કર્યો હતો.

આ કેસની વિગત અનુસાર સગરામપુરા મલેકવાડી પાસે વર્ધમાન ફ્લેટમાં રહેતા અને વ્યાજે નાણા આપવાનું કામ કરતા કિરણ લક્ષ્મણ બારૈયા પાસેથી સુરત મનપામાં કામ કરતી ચોથા વર્ગની કર્મચારી હર્ષીદા કિશન સોલંકીએ રૂ.૩ લાખ વ્યાજે લીધા હતા. વ્યાજ ચુકવવું ન પડે તે માટે મહિલાએ અઠવા પોલીસ સ્ટેશનમાં કિરણ બારૈયા સામે ગુનો નોંધાવ્યો હતો. દરમિયાન આ કેસ કોર્ટમાં ચાલી જતા એડવોકેટ ધર્મેન્દ્ર માટલીવાલાએ દલીલો કરી હતી કે ફરીયાદી બહેનને હિસાબમાં ગેરસમજ ઉભી થતા કેસ કર્યો હતો. વ્યાજે લીધેલા રૂપીયા સામે ચેક પણ આપ્યા હતા. બંને પક્ષની દલીલો બાદ કોર્ટ કિરણ બારૈયાને નિર્દોષ છોડવા હુકમ કર્યો હતો.

# ઉનાળામાં જરૂરીયાતમંદ બાળકોને ચપ્પલનું વિતરણ

સુરત, તા.૨

સુરત શહેર ના સ્લમ વિસ્તારમાં રહેતા બાળકો ને ગરમીથી રાહત મળે તે માટે એક સેવાભાવી સંસ્થાએ એક અનોખો સેવા યજ્ઞ શરૂ કર્યો છે. ચપ્પલ વિના ચાલતા બાળકો ને ચપ્પલ વિતરણ કર્યું હતું. સુરત શહેરના અનેક સ્લમ વિસ્તારમાં કેટલાંક બાળકો પાસે હજી પણ પગમાં પહેરવાના ચપ્પલ નથી આવા બાળકો ની હાલત આ આકરી ગરમીમાં વધુ કફોડી થઈ રહી છે. આવા બાળકોની હાલત જોઈને સ્નેહ ચેરી. ટ્રસ્ટ દ્વારા બાળકો ને પગમાં પહેરવાના ચપ્પલ આપી તેમને ગરમીથી બચાવવા ના પ્રયાસ કરવામાં આવ્યો.ટ્રસ્ટ ના પ્રમુખ સ્વાતિબેન સોસા એ કહ્યું કે મારે ઘણીવાર સ્લમ વિસ્તારમાં જવાનું થાય છે ત્યારે હાલ આકરી ગરમીમાં આવા બાળકો ની હાલત દયનીય હોય છે. કતારગામ વિસ્તારના આવેલા લંકા વિજય ઓવારા વિસ્તાર માં ૧૨૫ બાળકો ને ચપ્પલ આપ્યા હતા, ચપ્પલ મળતા જ બાળકો ના ચહેરા ખીલી ઊઠ્યા હતા. આગામી દિવસોમાં ટ્રસ્ટ દ્વારા બાળકોને અનેક સુવિધાઓ આપવામાં આવશે.




# લિંબાયતથી કાદરશા નવાબશાહ ગુમ

સુરત, તા.૨

લિંબાયત પોલીસ સ્ટેશનના જણાવ્યા અનુસાર, તા.૦૨/૦૩/૨૦૨૫ ના રોજ, ઘર નં. ૨૫૬, ગલી નં.૧૬, રમાબાઈ ચોક, નુરાની મસ્જીદ પાસે, મીઠીખાડી, લિંબાયત, ખાતે રહેતા ૩૫ વર્ષીય કાદરશા નવાબશાહ ગુમ થયા છે. તેઓ મધ્યમ બાંધાન, ઘઉં વર્ણનું અને ઊંચાઈ ૫.૭ ફૂટ છે. ગુમ થતા સમયે, તેમણે વાઈટ ટી-શર્ટ તથા કોફી પેન્ટ પહેર્યો હતો. કોઈને ભાળ મળે તો તેમણે નજીકના પોલીસ સ્ટેશન અથવા લિંબાયત પોલીસ સ્ટેશનનો સંપર્ક કરવા વિનંતી છે.

# ચોકબજારથી મનીષા પટેલ લાપતા

સુરત, તા.૨

ચોકબજાર પોલીસ સ્ટેશનના જણાવ્યા અનુસાર, તા.૦૯/૦૩/૨૦૨૫ ના રોજ, પંડોલ ચોકીની બાજુમાં રહેમતનગર સોસાયટી વેડરોડ ખાતે રહેતા મનીષા અમરનાથ પટેલ ગુમ થયા છે. તેઓ મધ્યમ બાંધાનું, ઘઉ વર્ણનું અને ઊંચાઈ ૫.૪ ફૂટ છે. ગુમ થતા સમયે, તેમણે કાળા પેન્ટ, કાળા ટી-શર્ટ અને પગમાં સ્લીપર પહેરેલ છે. કોઈને ભાળ મળે તો તેમણે નજીકના પોલીસ સ્ટેશન અથવા ચોકબજાર પોલીસ સ્ટેશનનો સંપર્ક કરવા વિનંતી છે.

# ચોકબજારથી જીતુભી નાયક લાપતા

સુરત, તા.૨

ચોકબજાર પોલીસ સ્ટેશનના જણાવ્યા અનુસાર, તા.૧૧-૦૩-૨૦૨૫ ના રોજ, ઘર નં. ૯૧, હરીઓમ મીલ, વેડરોડ ખાતે રહેતા ૩૫ વર્ષીય જીતુભાઇ જયંતીભાઇ નાયક ગુમ થયા છે. તેઓ મધ્યમ બાંધાના ઘઉં વર્ણનું અને ઊંચાઈ ૫.૮ ફૂટ છે. ગુમ થતા સમયે, તેમણે બ્લુ શર્ટ, કાળા જીન્સ પેન્ટ અને પગમાં ચંપલ પહેર્યો હતો. કોઈને ભાળ મળે તો તેમણે નજીકના પોલીસ સ્ટેશન અથવા ચોકબજાર પોલીસ સ્ટેશનનો સંપર્ક કરવા વિનંતી છે.

# સચીન જીઆઈડીસીથી શોભાકુમારી ગુમ

સુરત, તા.૨

સચીન GIDC પોલીસ સ્ટેશનના જણાવ્યા અનુસાર, તા.૦૮/૦૩/૨૦૨૫ ના રોજ, પ્લોટ ન. ૧૬, કર્મયોગી સોસાયટી, ગભેણીચોકડી પાસે, ઉન (મુળ રહે-નોનાર, પોસ્ટ-છેવરી, થાના-રામગઢ, જી.કૈમુર, બિહાર) ખાતે રહેતા બબલુરામ ના ૧૯ વર્ષીય દીકરી શોભાકુમારી ગુમ થયા છે. તેઓ મધ્યમ બાંધાના, ઘઉં વર્ણનું અને ઊંચાઈ ૫.૦ ફૂટ છે. ગુમ થતા સમયે, તેમણે સફેદ ડ્રેસ પહેર્યું હતું. કોઈને ભાળ મળે તો તેમણે નજીકના પોલીસ સ્ટેશન અથવા સચીન GIDC પોલીસ સ્ટેશનનો સંપર્ક કરવા વિનંતી છે.

# જાપાનમાં ભારતીય રાજદૂતો સાથે ચેમ્બરના અગ્રણીએ મિટીંગ કરી

## દક્ષિણ ગુજરાત અને જાપાન વચ્ચે દ્વિપક્ષીય વેપાર વધારવા માટે વિસ્તૃત ચર્ચા

સુરત, તા.૨

સુરત ધી સધર્ન ગુજરાત ચેમ્બર ઓફ કોમર્સ એન્ડ ઈન્ડસ્ટ્રીના મેનેજિંગ કમિટીના સભ્ય તેમજ ચેમ્બરની MSME કમિટીના એડવાઈઝર શ્રી જનક પચ્ચીગરે જાપાન પ્રવાસ દરમ્યાન શુક્રવાર, તા. ૨૮ માર્ચ, ૨૦૨૫ના રોજ જાપાન ખાતે ઓસાકા સ્થિત ભારતીય દુતાવાસના વાઈસ કાઉન્સીલ જનરલ શ્રી કમલેશ પ્રસાદ સાથે મુલાકાત કરી હતી. આ મિટીંગમાં ચેમ્બરના પ્રતિનિધિ તરીકે શ્રી પરેશ ભટ્ટ વર્ચ્યુઅલી જોડાયા હતા અને તેમણે દક્ષિણ ગુજરાતના ટ્રેડ એન્ડ ઈન્ડસ્ટ્રીના ડેવલપમેન્ટ હેતુ ચેમ્બર ઓફ કોમર્સની ભૂમિકા તેમજ તેના કાર્યક્ષેત્ર બાબતે માહિતી આપી હતી.

જાપાન ખાતે ઓસાકા સ્થિત ભારતીય દૂતાવાસના વાઈસ કાઉન્સીલ જનરલ શ્રી કમલેશ પ્રસાદે ચેમ્બરના પ્રતિનિધિને જણાવ્યું હતું કે, જાપાનમાં થતા એકઝીબીશનોમાં ધી સધર્ન ગુજરાત ચેમ્બર ઓફ કોમર્સ એન્ડ ઈન્ડસ્ટ્રીએ પ્રતિનિધિત્વ કરી ચેમ્બરના સભ્યોને તથા સ્થાનિક ઉદ્યોગકારોને જાપાનની વિવિધ ઔદ્યોગિક સંસ્થાઓના સમૂહ સાથે તથા ભારતીય પ્રવાસીઓ સાથે જોડાણ કરવા માટે સમજૂતિ કરાર કરી શકાય તેમ છે. વધુમાં તેમણે કહયું કે, જાપાન એન્ટરપ્રાઈઝના સભ્યો ભારતમાં સ્થાનિક ઉદ્યોગ સાહસિકો સાથે ભાગીદારી કરવાની ઈચ્છા ધરાવે છે, આથી ચેમ્બર ઓફ કોમર્સના નેજા હેઠળ સુરત ખાતે દક્ષિણ ગુજરાતના ઉદ્યોગ સાહસિકો સાથે તેઓની ઈન્ટરેકટીવ મિટીગનું આયોજન કરવા તેમણે અનુરોધ કર્યો હતો.

ચેમ્બરના પ્રતિનિધિ શ્રી જનક પચ્ચીગરે જણાવ્યું હતું કે, ઉપરોકત મિટીગમાં દક્ષિણ ગુજરાત અને જાપાન વચ્ચે દ્વિપક્ષીય વેપાર વધે તે માટે તેમજ ખાસ કરીને ઈન્ફોર્મેશન ટેકનોલોજી, ટેક્ષેશન, ટેક્ષ્ટાઇલ અને એજયુકેશન જેવા વિવિધ ક્ષેત્રમાં એકબીજાની સહભાગીદારી વધે તે માટે વિસ્તૃત ચર્ચા થઇ હતી. આ ઉપરાંત, દક્ષિણ ગુજરાતના ઉદ્યોગ સાહસિકો અને જાપાનના ઉદ્યોગકારો, એકબીજા વચ્ચે પરસ્પર વ્યવસાયિક વિચારોનું આદાન – પ્રદાન કરી શકે અને એકબીજાને પરસ્પર ઉપયોગી થઇ શકે તે માટે તેઓની વચ્ચે ઈન્ટરેકટીવ મિટીંગ કરવા હેતુ બંને પક્ષે સહમતિ

અનુસંધાન પાના ૭ પર

# ખેતરો-ખાડીઓમાં મચ્છરો નાબુદ કરવા ડ્રોન ટેક્નોલોજીની મદદ

## ભેંસાણમાં ડાંગરના ખેતરોમાં ડ્રોન વડે દવાનો છંટકાવ

સુરત, તા.૨

સુરત મહાનગરપાલિકાનાં આરોગ્ય વિભાગ હસ્તકનાં વી.બી.ડી.સી વિભાગ દ્વારા ડ્રોન ટેકનોલોજીની મદદથી મચ્છરજન્યરોગો તેમજ મચ્છરોનાં નિયંત્રણ માટેની કામગીરી શરૂ કરવામાં આવી.

સુરત મહાનગરપાલિકાનાં આરોગ્ય વિભાગ હસ્તકનાં વી.બી.ડી.સી વિભાગ દ્વારા મચ્છરો તેમજ મચ્છરજન્ય રોગોનાં નિયંત્રણ માટે ડ્રોન ટેકનોલોજીનો ઉપયોગ કરવાનો આજે શુભારંભ મેયરશ્રી દક્ષેશભાઈ માવાણી આરોગ્ય સમિતિ ચેરમેન શ્રીમતિ નેન્સીબેન શાહનાં વરદ હસ્તે વેસ્ટઝોનનાં ભેંસાણગામનાં ડાંગરનાં ખેતરોથી કરવામાં આવ્યો.

ડ્રોન આર્ટીફીશીયલ AI મશીન લર્નિંગ ML નાં સોફ્ટવેર આધારીત પ્રોગામ મુજબ મચ્છરનાં ઉત્પતિ સ્થાનો શોધી તેની ઈમેજ કલાઉડ-બેઝ પ્લેટફોર્મ પર મોકલે છે અને તેના આધારે ગ્રાઉન્ડ ટીમો જે તે સ્થળે પહોંચી મચ્છરોનાં ઉત્પત્તિ સ્થાનો નાબુદ કરવાની કામગીરી કરે છે. જે સ્થળોએ ગ્રાઉન્ડ ટીમો દ્વારા કામગીરી શકય ન હોય ત્યાં ડ્રોન દ્વારા જંતુનાશક દવાનો છંટકાવ કરી મચ્છરોનું નિયંત્રણ કરવામાં છે. સુરત મહાનગરપાલિકાનાં જુદા જુદા ઝોનમાં ડાંગરનાં ખેતરો સીપેજ કેનાલો ખાડીઓ તળાવો કે જયાં મેન્યુઅલી જંતુનાશક દવાનો છંટકાવ શકય નથી તેવા સ્થળોએ જંતુનાશક દવાનો છંટકાવ કરવા

અનુસંધાન પાના ૭ પર

# ક્રિએટ ઈન ઈન્ડિયા ચેલેન્જમાં રજીસ્ટ્રેશન ૮૫ હજારને પાર

## WAVES 'ક્રિએટોસ્ફિયર'માં ભાગ લેવા માટેના ૩૨ પડકારોમાંથી ૭૫૦ ફાઈનલિસ્ટ

સુરત, તા.૨

૧થી ૪ મે, ૨૦૨૫ દરમિયાન મુંબઈના જિયો વર્લ્ડ સેન્ટર ખાતે યોજાનારી વર્લ્ડ ઓડિયો વિઝ્યુઅલ એન્ડ એન્ટરટેઈનમેન્ટ સમિટ (WAVES)ના ભાગરૂપે શરૂ કરવામાં આવેલી ક્રિએટ ઈન ઈન્ડિયા ચેલેન્જ (સીઆઈસી) સીઝન-૧એ ૧,૧૦૦ આંતરરાષ્ટ્રીય સહભાગીઓ સહિત ૮૫,૦૦૦ રજિસ્ટ્રેશનને પાર કરવાની નવી સિદ્ધિ હાંસલ કરી છે. ૩૨ વિવિધ પડકારોમાંથી પસંદગી પ્રક્રિયા બાદ પસંદ કરાયેલા ૭૫૦થી વધુ ફાઈનલિસ્ટને તેમના વ્યક્તિગત પડકારો, તેમની પ્રતિભા અને કુશળતાના પરિણામ અને આઉટપુટને પ્રદર્શિત કરવાની અનન્ય તક મળશે, આ ઉપરાંત પિચિંગ સેશન સહિત તેમના સંબંધિત ક્ષેત્રના બિઝનેસ લીડર્સ સાથે નેટર્વકિંગની તકો અને માસ્ટરક્લાસ, પેનલ ડિસ્કશન, પરિષદો વગેરે દ્વારા વૈશ્વિક દિગ્ગજો પાસેથી શીખવાની તક મળશે. ક્રિએટ ઈન ઈન્ડિયા ચેલેન્જના વિજેતાઓને મુંબઈ ખાતે એક ભવ્ય સમારોહમાં 'WAVES ક્રિએટર એવોર્ડ્સ'થી સન્માનિત કરવામાં આવશે. આ પડકારોએ સર્જનાત્મક પરિદ્રશ્યમાં શક્તિશાળી પ્રવેશ કર્યો છે, જેણે સમગ્ર ભારતમાં અને તેનાથી આગળ નવીનતા અને જોડાણના Waveને પ્રજવલિત કર્યો છે.

# સૌંદર્ય નિખારતાં ઉત્પાદન

## તમારા આરોગ્ય માટે કેટલાં ખતરનાક?

પ્રેઝન્ટેબલ દેખાવાની વ્યાખ્યામાં માત્ર સ્વચ્છ અને સુઘડ નહી, પણ સુંદર હોવું પણ સામેલ છે. તેથી મેકઅપ કે બ્યુટી પ્રોડક્ટસ હવે માત્ર માનુનીઓનો જ નહિ, પણ પુષોનો પણ કાયમી સાથી છે. જોકે, તમે જે બ્યુટી પ્રોડક્ટસ વાપરો છો તેના લેબલ ક્યારેય ધ્યાનથી જોયાં છે – વાંચ્યાં છો? શું તમે જાણો છો કે લગભગ બધાજ બ્યુટી પ્રોડક્ટસમાં કાર્સિનોજેનિક કે ઝેરીલા પદાર્થો હોય છે? ચાલો, જાણીએ એવા કેટલાક પદાર્થો વિશે, જેનાથી આપણે બધાએ સાવધાન થવાની જરૂર છે, જેમકેપ

આપણા રોજિંદા જીવનમાં વપરાતા પરફ્યુમ અને સ્કિનકેર પ્રોડક્ટ્સ રસાયણોથી ભરેલા હોય છે, જે આરોગ્ય નિષ્ણાતોના મતે આપણા સ્વાસ્થ્ય પર નકારાત્મક અસર કરે છે. શ્રેષ્ઠ બ્રાન્ડ્સ સ્કિનકેર વસ્તુઓનું ઉત્પાદન કરતી વખતે કડક કાયદાઓનું પાલન કરે છે. આમ છતાં કેટલાક કાર્સિનોજેન્સ હજુ પણ ગુણવત્તા પરીક્ષણોને પાર કરે છે અને બ્યુટી પ્રોડ્કટસ વેંચતા શોપના શેલ્ફ પર સરળતાથી જોઈ શકાય છે! કાર્સિનોજેનિક શું છે?

કેન્સરનું કારણ બની શકે તેવા પદાર્થો, એજન્ટો અથવા જીવોને 'કાર્સિનોજેનિક' કહેવામાં આવે છે. તમારી આસપાસના પર્યાવરણમાં કુદરતી રીતે વિવિધ કાર્સિનોજેન્સ જોવા મળે છે, જેમકે સૂર્યપ્રકાશમાંથી નીકળતા અલ્ટ્રાવાયોલેટ કિરણોપ કાર્સિનોજેન્સ ઓટોમોબાઈલ અને સિગારેટના એક્ઝોસ્ટમાં પણ જોવા મળે છે. સૌંદર્ય પ્રસાધનો પણ બાકાત નથી જ્યારે કોઈ વ્યક્તિ સૌંદર્ય પ્રસાધનોનો ઉપયોગ કરે છે, ત્યારે એમની ત્વચા રસાયણોને શોષી લે છે, જે પછી લોહીના પ્રવાહમાં પ્રવેશ કરી શકે છે. લોકો પાઉડર શ્વાસમાં પણ લઈ શકે છે અથવા કેટલાક સૌંદર્ય પ્રસાધનો પણ ગળી શકે છે – ઉદાહરણ તરીકે, લિપ્સ્ટિકપ

મેકઅપ અને અન્ય કોસ્મેટિક ઉત્પાદનોમાં હાજર કેટલાક રસાયણોમાં એવા ઘટક છે, જેને સંશોધકોએ ગંભીર સ્વાસ્થ્ય સમસ્યાઓ સાથે જોડ્યા છે. આમાંની કેટલીક સ્વાસ્થ્ય સમસ્યામાં શામેલ છેઃ

કેન્સર

અંતઃસ્ત્રાવી વિકૃતિઓ, જે શરીરમાં હોર્મોન્સના ઉત્પાદનને અસર કરે છે

વિકાસમાં વિલંબ ન્યુરોલોજીકલ સમસ્યાઓ

આપણે જાણીએ કે એવા કયા પદાર્થો છે જે સૌંદર્ય પ્રસાધનોનાં માધ્યમથી આપણા ઉપર ઝેરીલી અસર કરે છે.

ટેલ્ક એ કુદરતી રીતે બનતું ખનિજ છે, જેનો ઉપયોગ મેકઅપ અને ત્વચા સંભાળ ઉત્પાદનો જેમ કે ફેસ પાઉડર, બ્લશ, આઈ-શેડો, કોન્ટૂર પાઉડર અને હવે પાઉડરવાળા સનસ્ક્રીનમાં પણ થાય છે! લોકો બ્લશ, આઈ શેડો અને બ્રોન્ઝર સહિત વિવિધ મેકઅપ ઉત્પાદનોમાં ટેલ્ક જોઈ શકે છે. તે મેકઅપમાં ભેજ શોષી લેવા, અપારદર્શક ફિનિશ આપવા માટે કામ કરે છે. ટેલ્ક કુદરતી રીતે સલામત ઘટક હોવા છતાં, તે ઘણીવાર કાર્સિનોજેન્સ (એક ખનિજ), 'એસ્બેસ્ટોસ' નામના જાણીતા ઘટકથી દૂષિત હોય છે.

ટેલ્ક અને એસ્બેસ્ટોસ બંને પૃથ્વીમાં કુદરતી ખનિજો છે, જે ઘણીવાર એકબીજાની નજીક જોવા મળે છે.



એસ્બેસ્ટોસ એક જાણીતું કેન્સર પેદા કરતુ રસાયણ છે અને તે પરીક્ષણ ન કરાયેલ ટેલ્કમાં જોવા મળી શકે છે, જેનો ઉપયોગ ઉત્પાદકો ચોક્કસ સૌંદર્ય પ્રસાધનોમાં કરે છે.

ફોર્માલ્ડીહાઈડ (Fromaldehyde)

ફોર્માલ્ડીહાઈડ અને ચોક્કસ સમયગાળા દરમિયાન ફોર્માલ્ડીહાઈડ છોડતા રસાયણો સૌંદર્ય પ્રસાધનો, લોશન, શેમ્પૂ, શાવર જેલ, નેલ પોલીશ અને ત્યાં સુધી કે, વાળ સીધા કરવાના ઉત્પાદનોમાં પણ મોટા પ્રમાણમાં હાજર હોય છે. ફોર્માલ્ડીહાઈડની એલર્જીક પ્રતિક્રિયાઓ સાથે આંખો અને શ્વસનતંત્રમાં બળતરા પેદા કરી શકે છે. પ્રયોગશાળામાં પ્રાણીઓ પરના કેટલાક અભ્યાસોએ પણ આ રસાયણને કેન્સર સાથે જોડ્યું છે.

પેરાબેન્સ (Parabens)

ઉત્પાદકો ઘણાં સૌંદર્ય પ્રસાધનોમાં પેરાબેન્સનો ઉપયોગ કરે છે. કોસ્મેટિક લેબલ પર પેરાબેન્સ આ મુજબ દર્શાવામાં આવે છેઃ મિથાઈલપેરાબેન, પ્રોપીલપેરાબેન, એથિલપેરાબેન, બ્યુટીલપેરાબેન. પેરાબેન એ એક એન્ટિફંગલ ઘટક છે જેનો ઉપયોગ ત્વચા સંભાળ ઉત્પાદનોમાં ઉત્પાદનોની શેલ્ફ-લાઈફ વધારવા માટે થાય છે. પેરાબેન્સ મેકઅપ, મોઈશ્ચરાઈઝર્સ, હેર પ્રોડક્ટ્સ અને શેવિંગ ક્રીમમાં હોઈ શકે છે. પેરાબેન્સ ત્વચા દ્વારા શરીરમાં પ્રવેશી શકે છે. એસ્ટ્રોજનનું અસંતુલન ક્યારેક હોર્મોન રીસેપ્ટર-પોઝિટિવ સ્તન કેન્સર નામના ચોક્કસ પ્રકારના સ્તન કેન્સરને ઉત્તેજિત કરી શકે છે. બેન્ઝીનના કેન્સરગ્રસ્ત ગુણધર્મો શોધાયા તે પહેલાં, પેરાબેન ચર્ચામાં હતું. વિવિધ કોસ્મેટિક કંપનીઓએ હવે તેમના સ્કિનકેર ઉત્પાદનોમાં પેરાબેનને ટાળવાનું શરૂ કરી દીધું છે. આ ઉપરાંત કેટલીક નેલ ટ્રીટમેન્ટ અને નેલ પોલીશમાં હાજર ટોલ્યુએન પણ હાનિકારક હોય છે. મસ્કરા, આઈ લાઈનર અને લિપસ્ટિક, ઉત્પાદનોને રંગ આપનાર કાર્બન બ્લેક માનવો માટે કાર્સિનોજેનિક હોઈ શકે છે તેવું મનાય છે. ઓવર-ધ-કાઉન્ટર સ્કિનકેર ઉત્પાદનો અને ટૂથપેસ્ટમાં સરળતાથી મળી આવતો ટ્રાઈક્લોસન અને વાળ અને માથાની સંભાળના ઉત્પાદનો જેમ કે ડેન્ડ્રફ વિરોધી શેમ્પૂ, વાળના રંગો અને વાળને કાળા કરવાના અન્ય ઉત્પાદનોમાં હાજર કોલસાનો ટાર (કોલ ટાર) પણ જોખમી મનાયો છે.

આ બધાથી કઈ રીતે બચી શકાય?

હવે જ્યારે તમારા મોટાભાગના સ્કિનકેર ઉત્પાદનોમાં નુકસાનકારક ઘટકોને જાણી લીધા છે તો ઓર્ગેનિક સ્કિનકેર ઉત્પાદનો વધુ ઉપયોગ કરી આ હાનિકારક રસાયણોને ટાળી શકો. ઓછા ઉત્પાદનોનો ઉપયોગ કરો અથવા ઓછા ઘટકોની સૂચિવાળા ઉત્પાદનો પસંદ કરો. બધા લેબલ કાળજીપૂર્વક તપાસો અને કોઈપણ અજાણ્યા ઘટકો વિશે જાણકારી મેળવો. ઘરગથ્થું સાદા ખાદ્ય ઘટકોનો ઉપયોગ કરીને ઘરે બોડી સ્ક્રબ અને

જે ઉત્પાદનો 'શુદ્ધ' કે કુદરત દ્રવ્યોથી તૈયાર થયા હોવાનો દાવો કરે છે એના પર વિશેષ ધ્યાન આપો, કારણ કે આ દાવાઓ માટે કોઈ કાનૂની સમર્થન નથી માટે આપણે પોતાએ જ આપમેળે સુરક્ષિત બનવું પડશે.



# જલેબી જેવો જ દેખાવ ધરાવતું શ્રેષ્ઠ ફળ જંગલ જલેબી

શું આપને જલેબી ભાવે? ૯૯ ટકા વાંચકોનો જવાબ સકારાત્મક હશે. કેમ સાચી વાતને? જલેબી ખાવાની મજા તો ઘણી જ આવે પરંતુ તે રોજે રોજ તો ના જ ખવાયનેપ તોપ.ચાલો, આજે જલેબીના તંદુરસ્ત પર્યાય વિશે જાણકારી મેળવી લઈએ.

પ્રાચીન કાળથી જંગલ જલેબી કે ગંગા જલેબી ભારતમાં પાકે છે. આયુર્વેદમાં તેને 'અમૃત સમાન' ફળમાં સ્થાન આપવામાં આવ્યું છે. ઔષધી તરીકે તેનો મોટા પ્રમાણમાં ઉપયોગ કરવામાં આવે છે. જંગલ જલેબીને અંગ્રેજીમાં મદ્રાસ થોર્ન, મંકીપૉડ ટ્રી કે મનીલા ઈમલીના નામથી ઓળખવામાં આવે છે. અન્ય ભાષામાં વિલાયતી આમલી, ગંગા જલેબી, મીઠી આમલી કે ગંગા આમલી જેવા વિવિધ નામે ઓળખવામાં આવે છે.

ગામના પાદરે તથા જંગલમાં તેના કાંટાવાળા વૃક્ષો આપમેળે ઊગી નીકળતાં હોય છે. વૃક્ષમાં કાંટા વધુ હોવાથી ફળને તોડતી વખતે સર્તક્તા રાખવી પડે છે. દેખાવમાં આકર્ષક હોય છે. પરંતુ સ્વાદમાં થોડી મીઠાશની સાથે તુરાશ ધરાવતાં ગર કે માવો હોય છે. તેના ફળ જલેબી આકારના હોવાથી તેને જંગલ જલેબી તરીકે ઓળખવામાં આવે છે. એપ્રિલ -મેં માસમાં તેના ફળ ઊગી નીકળતાં હોય છે. શહેરમાં આ ફળ ઘણાં ઓછા જોવા મળે છે. ગામથી લાવીને શહેરમાં વેચાતા મળે કે કોઈ હિલસ્ટેશનમાં આ ફળ વધુ જોવા મળે છે. વટાણાના વૃક્ષ જેવા જ ગોરસ-આમલીના ઝાડ જોવા મળે છે. ઝૂમખાંમાં વૃક્ષ ઉપર લટકતી હોય છે.ગોરસ આમલી તરીકે ગુજરાતીમાં તે ઓળખાય છે. કાચી હોય ત્યારે તેનો રંગ લીલો હોય છે. પાકી જાય ત્યાર બાદ તેનો રંગ ગુલાબી કે લાલ દેખાય છે. એક આમલીમાં ૪-૫ નાના નાના ગર જોવા મળે છે. વચમાં સંકળાયેલું બી રંગમાં કાળું હોય છે. પાકી ગયા બાદ તેમાં એક આગવી મીઠાશ સમાયેલી જોવા મળે છે.

ગંગા જલેબીમાં સમાયેલાં પોષક તત્વોની વાત કરીએ તો તેમાં આયર્ન, વિટામિન સી, પોટેશ્યિમ, મૅગ્નેશ્યિમ, કાર્બોહાઈડ્રેટસ?? તથા પ્રોટીનની માત્રા ભરપૂર સમાયેલી જોવા મળે છે. રાઈબોફ્લેવીન તેમાં સમાયેલું છે. ઊનાળામાં તેનો પાક ભરપૂર થતો હોય છે. તેનું સેવન પ્રમાણભાન રાખીને કરવાથી શરીરને ગજબના લાભ મળે છે. સૌ પ્રથમ તેનો પાક મેક્સિકોમાં થયો હતો. ત્યારબાદ ધીમે ધીમે વિશ્વમાં તેના ગજબ સ્વાદને કારણે તેની જાણકારી વધવા લાગી.

જંગલ જલેબીના સ્વાસ્થ્યવર્ધક લાભ

ડાયાબિટીસના દર્દીઓ માટે લાભકારી : ડાયાબિટીસના દર્દીઓ માટે જંગલ જલેબીનું સેવન લાભકારક ગણાય છે. ગંગા જલેબીના ફળમાં ઍન્ટિ-ઓક્સિડન્ટ તથા ઍન્ટિ-બાયોટિક પ્રોપર્ટીઝ હોય છે. તેના માવાનું સેવન કરવાથી ડાયાબિટીસની વ્યાધિમાં રાહત મળી રહે છે. ડાયાબિટીસને નિયંત્રણમાં રાખવામાં મદદ મળે છે.

ઍનિમિયાની વ્યાધિમાં લાભકારક : ગોરસ આમલીમાં આયર્નની માત્રા વધુ હોય છે. જેથી શરીરમાં લોહીની ઊણપ હોય તેને દૂર કરવામાં ઉપયોગી બને છે. જેમને વારંવાર શરીરમાં લોહીનું પ્રમાણ ઓછું હોય તેમને માટે ગોરસ-આમલીનો આહારમાં ઉપયોગ કરવા જેવો છે.

રોગપ્રતિકારક શક્તિ વધારવામાં લાભકારકઃ જંગલ જલેબીનું સેવન કરવાથી વ્યક્તિની રોગપ્રતિકારક શક્તિ મજબૂત બને છે. કેમ કે તેમાં વિટામિન સીની માત્રા વધુ હોય છે. જે શરીરમાં પહોંચીને ઍન્ટિ-ઓક્સિડન્ટનું કામ કરે છે. જેને કારણે ચેપી રોગની સામે રક્ષણ પુરું પાડે છે.

પાચનશક્તિમાં સુધારો થાય છેઃ ગંગા જલેબીનું સેવન ભોજન બાદ કરવાથી પાચનશક્તિમાં સુધારો થાય છે. ભોજન બાદ વારંવાર ચૂક આવવી, અપચો કે આફરો ચઢી જવાની તકલીફથી છૂટકારો મળી શકે છે.

ખરાબ કૉલેસ્ટ્રોલને વધતું રોકે છે : ગોરસ-આમલીમાં વિટામિન સીની માત્રા વધુ હોય છે. જે ખરાબ કૉલેસ્ટ્રોલને ઘટાડવામાં મદદ કરે છે. વળી પોટેશ્યિમનું પ્રમાણ સમાયેલું હોવાથી હૃદયરોગની વ્યાધિ ધરાવતાં લોકો માટે ફાયદાકારક ફળ ગણાય છે. જંગલ જલેબીનું સેવન કરવાથી લોહીમાં ખરાબ કૉલેસ્ટ્રોલની માત્રા હોય તેને નિયંત્રણમાં રાખવામાં મદદ મળે છે. હૃદય સંબંધિત વ્યાધિ જેવી કે હાર્ટ એટેક, અચાનક છાતીમાં દુખાવો કે બળતરાની તકલીફથી બચી શકાય છે. કેમ કે ગંગા આમલીમાં પોટેશ્યિમની માત્રા વધુ હોય છે.

સોજાને ઘટાડવામાં લાભકારક : જંગલ જલેબીમાં ઍન્ટિ-ઈન્ફ્લેમેટરી ગુણ સમાયેલાં છે. લોહીમાં યુરિક એસીડના સ્તરને ઘટાડવામાં મદદ કરે છે. તેના સેવનથી સાંધાના દુખાવાથી બચી શકાય છે.

જંગલ જલેબીને આહારમાં સમાવવાથી ત્વચાની ચમક વધે છે. કેમ કે તે ત્વચાને પૂરતાં પ્રમાણમાં ઑક્સિજન તથા લોહીનું પરિભ્રમણ સુધારવામાં મદદ કરી શકે છે. માઈક્રો-બૅક્ટેરિયલ ગુણ સમાયેલાં હોવાથી આંખની તંદુરસ્ત સ્વાસ્થ્યની સાથે બ્લડ સેલને વધારવામાં મદદ કરે છે.

કઈ રીતે તેનું સેવન કરવું? ગોરસઆમલી એક ફળ છે. તેનું સેવન ભોજન બાદ એક ફળ તરીકે કરી શકાય છે. સાદી આમલીમાં જોવા મળતાં બીજ જેવા જ બીજ ગંગા આમલીમાં હોય છે. આ બીજનો રંગ કાળો હોય છે. તેને કાઢી લેવા. અનેક લોકો ગોરસ-આમલીનો મુરબ્બો બનાવીને લાંબા સમય સુધી તેનો આસ્વાદ માણવાનું પસંદ કરે છે. ગોરસ-આમલીનું ચટપટું શાક, ચટણી, પકોડા તથા રાઈતું સ્વાદિષ્ટ બને છે.

જંગલ જલેબીનું રાઈતુંઃ સામગ્રી : ૧ વાટકી લાલ પાકેલી જંગલ જલેબી છોલીને બીજ કાઢેલી, ૧ વાટકી સફેદ પાકેલી જંગલ જલેબી, ૨૫૦ ગ્રામ તાજું ઘટ્ટ દહીં, ૫-૬ નંગ ફૂદીનાના પાન, શેકેલું જીરૂ ૧ નાની ચમચી, ૧ મોટી ચમચી ખાંડ, સ્વાદ પ્રમાણે મીઠું, ૧ નંગ કાપેલું લીલું મરચું, સજાવટ માટે કોથમીર

બનાવવાની રીત : સૌ પ્રથમ જંગલ જલેબીને છોલીને બીજ કાઢી લેવાં. તેને ઝીણી સમારી લેવી. હવે એક મોટા બાઉલમાં ઘટ્ટ દહીં લેવું. તેને બરાબર ઝરણીથી ભેળવી દેવું. દહીંમાં સાકર, મીઠું, ફૂદીનાના પાન ઝીણા સમારેલાં, લીલું મરચું વગેરે ભેળવવું.

# તડકામાં સૂકવેલા ખાદ્ય-પદાર્થનો વૈભવ

ભારતીય પાક શૈલી વિશ્વમાં સૌથી સર્વોત્તમ છે, આ પૂરા વિશ્વએ માન્યું છે. ભોજન પ્રસ્તુતિ એ કલા, વિજ્ઞાન અને શાસ્ત્ર છે. ભારતમાં ઋતુઓ પ્રમાણે ભોજનની વ્યવસ્થા છે. એ એક ઉચ્ચ સ્તરનું કૌશલ છે. જે આરોગ્ય માટે હંમેશાં જરૂરી રહ્યું છે. જે સ્વાસ્થ્યને તરોતાજા રાખે છે. ભારતીય ભોજન એ ઉન્નત વૈજ્ઞાનિક તક્નિક છે. જે વિભિન્ન ક્ષેત્રોમાં સભ્યતાની વચ્ચે જે કૃષિ, વાણિજય, વ્યાપાર અને પરિવહનનો વિસ્તાર કરે છે.

ખાદ્ય-પદાર્થ બનાવવાની અનેક રીતો છે. બાફીને, શેકીને, તળીને, વરાળથી બાફીને તેમજ તડકા કે હવામાં સૂકવીને. આ બનાવવાની કલા દરેક ઘરમાં જોવા મળે છે. ખાદ્ય-પદાર્થને લાંબા સમય સુધી સંરક્ષિત કરવા માટે તડકા અને હવામાં સૂકવવામાં આવતા. આનાથી મનુષ્ય પ્રાચીનકાળથી પરિચિત છે. આ કલા અનાદિકાળથી ચાલી આવે છે. આપણી દાદી-નાનીએ આ કળાનો ભરપૂર ઉપયોગ કર્યો છે. પાપડ, વડીઓ, વેફર, સેવ, ફળો, મુખવાસ, શાકભાજી સૂકવીને તેને સંગ્રહિત કરાય છે. તડકામાં સુકવેલા પદાર્થો કીડાના સંક્રમણથી બચેલા રહે છે. તેમજ મુશ્કેલ સમયમાં કે વીજળી અને પરિવહનનો જ્યારે અભાવ હતો ત્યારે આ ખાદ્ય-પદાર્થનો ઉપયોગ થતો હતો. તડકામાં સૂકવેલા પદાર્થનો અનોખો સ્વાદ છે. આ એક લોકપ્રિય રીત આજે પણ આપણને લલચાવે છે. સ્વાસ્થ્યને પણ તંદુરસ્ત રાખે છે. આજના આધુનિક યુગમાં આનું મોટું બજાર છે. આપાતકાલીન સમયમાં ભોજન સંરક્ષિત કરવાનો શાનદાર તરીકો છે.





આ વૈભવ આજની યુવા પેઢી ગુમાવી રહી છે. બહારના દેશોનો ખાદ્ય-પદાર્થ જે સ્વાસ્થ્ય માટે હાનિકારક છે તેને અપનાવી રહી છે. ફેક્ટરીઓમાં બનતા ભોજનમાં કેમિકલની માત્રા ખૂબ જ મોટા પ્રમાણમાં હોય છે જે સ્વાસ્થ્યની હાનિ કરે છે. આજની યુવા પેઢી નાની વયમાં જ સ્વાસ્થ્ય ગુમાવી રહી છે. ફેક્ટરીઓમાં રીહાઈડ્રેડ કરેલા ખાદ્ય-પદાર્થ નુકસાનદાયક છે. તડકામાં સુકવેલા ખાદ્ય-પદાર્થ સ્વાસ્થ્યને બનાવી રાખે છે. તડકામાં સૂકવેલી વસ્તુઓ લગભગ એક વર્ષ કે તેથી પણ વધુ સમય રહી શકે છે. સાવધાની અને દેખરેખ કરીને જે તડકામાં સુકવવામાં આવે તો તે અન્ય ખાદ્ય-પદાર્થથી અતુલનીય છે.ભારતનાં જુદાં જુદાં રાજ્યોમાં અનેક પદાર્થો સૂકવીને સંગ્રહિત કરવામાં આવે છે. જે એક માનવ માટે વરદાનરૂપ છે. કાશ્મીરમાં સલગમ, ટમેટા, મૂળા, રીંગણા, બિન્સ, પાલક, દૂધી, કમળના મૂળ, અલગ અલગ બેરી, મેવાઓ સૂકવીને સંગ્રહિત કરે છે. આ મોટું બજાર છે. પંજાબ, હરિયાણામાં અડદ દાળ અને મગદાળની વડીઓ, અથાણાં બનાવવામાં આવે છે. બંગાળમાં ગોયના બોરી બનાવવામાં આવે છે. આ અડદની દાળથી બનાવવામાં આવે છે. આનો આકાર અલગ અલગ ઘરેણાં કે આભૂષણની ડિઝાઈનો જેવો હોય છે. પછી તળીને કે શાક કે મીઠાઈ બનાવી ખાવામાં આવે છે. આ ગોયના બોરી એક પરંપરાગત અને મનમોહનીય સૂકવણી છે જે નારીઓની અદ્ભુત કલાકૌશલને દર્શાવે છે. રાજસ્થાનમાં પાપડ વડીઓ, કેરસાંગરીનું ગઢ છે. ગુજરાતમાં સૌથી મોખરે છે પાપડ, વડીઓ, વેફર, સેવ, અથાણાં, શાકભાજીઓ અને ફળોના મુરબ્બા જેવા ખાદ્યપદાર્થ. મહારાષ્ટ્રમાં કોળાના પાપડ, આમપાપડ, આમચૂર, ઘઉંના લોટની સેવ, આમલીનો પાવડર બનાવે છે. દક્ષિણ ભારતમાં દહીંવાળા મરચાં તડકામાં સૂકવવામાં આવે છે. જેને મોરમિલાગાઈ કહે છે. મરચાંને અડધા કરી તેમાં મીઠું, હિંગ, ધાણાજીરૂ અને દહીં નાખી મેરીનેટ કરવામાં આવે છે. પછી તેને તળીને ખવાય છે. આ એક અનોખો સ્વાદ છે. તેમજ કલ્સ્ટર બિન્સ, કરોંદા, બેરી, ભીંડા, કારેલા, રીંગણાને પણ છાસ કે દહીંમાં ભીજવીને સૂકવામાં આવે છે. મધ્ય પ્રદેશમાં ગાજર અને દૂધીને ખમણી મસાલા નાખીને ચપટા વડાના આકાર બનાવી તેને તડકામાં સૂકવવામાં આવે છે. પછી તેને તળીને કે શાક બનાવવામાં આવે છે.દક્ષિણ ભારતમાં કેળાને સૂકવીને લોટ બનાવવામાં આવે છે. આ કાચા કેળાનો લોટ ચારથી પાંચ દિવસમાં બની જાય છે જે લગભગ બે વર્ષ સુધી ખરાબ થતો નથી. ચીન જેવા દેશમાં શક્કરિયા લોટ, કોર્નફલોર, બીજા અન્ય કંદના લોટ તડકામાં સૂકવીને બનાવવામાં આવે છે.ભારતમાં તડકામાં સૂકવેલી ઘણીય ચીજો ભૂલાઈ ગઈ છે. લાલ નાના બોર, રાયણ, કરવંદા, કાચી કેરી વગેરે જેવી વસ્તુઓને સંગ્રહ કરી શકાય છે. પાપડ એ કેલ્શિયમરીચ છે. વડીઓ શરીરની ધાતુઓની ખામી પૂરી કરે છે. સૂકવેલા ફળો અને શાકભાજીઓ વિટામિન્સની ગરજ પૂરી કરે છે. તડકામાં સૂકવેલી ખાટીઓ જે જાંબુ, કાજુ, ચણાની હોય છે તે કેન્સર જેવી બીમારી તેમજ પથરીઓની સમસ્યાઓ ત્વરિત દૂર કરે છે. જાંબુ ખાટી ઘરમાં સરળતાથી બનાવી શકાય છે. ગુલાબના ફુલનો ગુલકંદ એસીડીટી દૂર કરે છે.પેકેટ પદાર્થની દુનિયાથી દૂર થવાની ખરેખર જરૂર છે, જે બાળકોનું સ્વાસ્થ્ય છીનવી રહી છે. દવાઓના શિકાર બની જઈએ છીએ. કોઈપણ દવા હાનિકારક જ છે. દવાઓની ઉપચારની શોધ બંધ કરો. ઘરમાં બનતી વાનગીઓનો વૈભવ અપનાવો. આજકાલની માતા ખૂબ જ આળસુ છે. કામ કરવું લગભગ નીચ કક્ષાનું ગણી રહી છે. બાળકોનું સ્વાસ્થ્ય ખરાબ કરવા માટે જવાબદાર છે. થોડા કામથી સ્વાસ્થ્ય સારું રહે તેનું ચિંતન કરવાની ગરજ છે. બેઠાડુ જીવનથી શરીરનો ગ્લાયસેમિક ઈન્ડેક્સ વધી જાય છે.

# શાકભાજીના પાકોની નકામી આડપેદાશમાંથી પશુપોષણ

સમતોલ આહારમાં શાકભાજીનું સ્થાન મહત્વનું છે. જેમાંથી પોષણ માટે અગત્યના પોષકતત્વો જેવા કે કાર્બોહાઈડ્રેટસ, પ્રોટીન, ચરબી અને વિપુલ પ્રમાણમાં નત્રિલ ખનિજ તત્વો તેમજ વિટામિન્સ મળે છે. શાકભાજી ઉત્પાદનમા વિશ્વમાં ભારત, ચીન પછી બીજા ક્રમે આવે છે. ખેડૂતો સીમ વિસ્તારમાં ઉત્પાદિત કરેલ શાકભાજીના માત્ર ૬૦ થી ૬૫ ટકા ભાગનો આહારમાં ઉપયોગ થાય છે. જ્યારે બાકીનો ૩૫ થી ૪૦ટકા ભાગનો પરિવહન, પાકી જવાથી અને યોગ્ય બજાર વ્યવસ્થાના અભાવે બગાડ થતો હોય છે. આવા શાકભાજીની આડપેદાશ જેવી કે પાંદડા, શાકભાજીના ફળો છાલ, બીજ વગેરેનો વિવિધ રીતે ઉપયોગ કરી શકાય છે. શાકભાજીના પાકોની આડપેદાશો જેવી કે, કઠોળ પાકોનો થડ, પાંદડા, સૂકી ડાળીઓ, બટાટાના સુકાઈ ગયેલ છોડ, કોબી ફ્લાવરના પાન, થડ,રીગણના ફરતે વેલાવાળા શાકભાજીના ફળો વગેરેનો પશુ આહારમાં યોગ્ય સમયે યોગ્ય માવજત કરી ઉપયોગ કરી શકાય છે. આમ પશુઓ માટે લીલા-સૂકાચારાની અછત સમયે ખોરાક તરીકે આપી શકાય છે. ખેડૂતો ખેતીની સાથે સાથે આમ પોતાના બે થી ત્રણ દુધાળા પશુઓનું પાલન કરી શકે છે. અવારનવાર વરસાદની અછતના કારણે દુકાળની પરિસ્થિતિ સર્જાય ત્યારે શાકભાજી પાકોની આડપેદાશોની યોગ્ય માવજત સાથે ઉપયોગ કરી પશુ માટેના ખોરાકની અછત પૂર્તિ કરી શકાય છે. શાકભાજી પાકોની આડપેદાશમાંથી કેરોટીન અને અન્ય પ્રજીવકો મળી રહે છે.નકામ બટાટાને યુરિયા અને મગફળીનાં ખોળ સાથે ભેગા કરી પશુખોરાક તરીકે આપવામાં આવે છે. પશુ આહારમાં ધાન્ય આહારને બદલે નકામા બટાટાનો ઉપયોગ કરી શકાય છે. સામાન્ય રીતે કોબીજ ફ્લાવરના પાનમાં કાર્બોદિત પદાર્થ ૩૮ થી ૪૦ટકા, નત્રિલ પદાર્થ ૨૦ ટકા અને રેષાનું પ્રમાણ ૧૦ થી ૧૨ ટકા શક્કરીયા અને કઠોળના વેલામાં કાર્બોદિત પદાર્થ ૪૦ થી ૪૫ ટકા,નત્રિલ પદાર્થ ૧૫ થી ૨૦ ટકા અને રેષાનું પ્રમાણ ૨૦ ટકા હોય છે. આમ રીગણના ફળ, ટામેટાના કૂચા વગેરેમાં ઊંચી માત્રામાં પોષકતત્વો આવેલા હોય છે. શાકભાજી પાકોમાં કઠોળ પાકોના પાન, વેલા ડાળીઓનું ગોતર તરીકે રીગણ, દૂધી,ગલ, તુરીયાના નકામા ફળોને ટુકડાઓ કરી ખોરાકમાં પૂરક ખોરાક તરીકે ઉપયોગ કરી શકાય છે. ઉપરાંત કોબીજ, ફ્લાવર, બટાટા, પાલક, મેથી જેવા પાકોના સુકાઈ ગયેલ બોળનો તેમજ લીલા છોડના ભાગોનો ઉપયોગ પશુઆહારમાં લઈ શકાય છે.



તંત્રી લેખ...-

બુધવાર, તા.૦૨ એપ્રિલ ૨૦૨૫

# પરિવાર ભાવના સુપ્રીમની ટકોર

સુપ્રીમ કોર્ટે એક કેસમાં સુનાવણી દરમિયાન ટિપ્પણી કરી છે કે, શું આપણે એક વ્યક્તિ, એક પરિવાર ભણી આગળ વધી રહ્યા છીએ? પોતાના નિકટના પરિવારજનોને પણ સહન નથી કરી શકતા. આપણે વાત વસુધૈવ કુટુમ્બકમ્‌ની કરીએ છીએ, પરંતુ પરિસ્થિતિ એ છે કે, નિકટત્તમ સંબંધી સાથે પણ નથી રહી શકતા. સુપ્રીમ કોર્ટે આ ટિપ્પણી વૃદ્ધ માતા-પિતા અને તેમના પુત્રો વચ્ચે સંપત્તિ વિવાદ પર ચુકાદો આપતાં કરી છે. પરિવારોમાં સંપત્તિ વિવાદ તો ચાલ્યા આવે છે, પરંતુ આધુનિક સમાજમાં વધી રહ્યા છે. ઔદ્યોગિકીકરણ અને શહેરીકરણનાં કારણે 'એકલ પરિવારો'ની સંખ્યા વધી રહી છે અને સંયુક્ત પરિવાર વિખેરાઈ રહ્યા છે. બીજી મોટી સમસ્યા એ છે કે, આધુનિક સમાજે જે પ્રકારની ઉપભોક્તા સંસ્કૃતિને જન્મ આપ્યો છે, એવા લોકોની જરૂરિયાતો વધી ગઈ છે. ઉપભોક્તા સંસ્કૃતિએ જે રીતે ભૌતિકવાદને પોષ્યો છે એમાં જીવનની સફળતાની એકમાત્ર કસોટી એ છે કે એની પાસે કયા ઉપભોગનાં કેટલાં સાધન છે. પહેલાના જમાનામાં વ્યવસાય સામૂહિક રહેતો. ખેતી કે કૌટુંબિક કામકાજ બધા સાથે મળીને સંભાળતા, હવે ઉચ્ચ શિક્ષણ મેળવ્યા પછી પણ નોકરી કે વ્યવસાયની ગેરંટી નથી હોતી. સોશિયલ મીડિયા અને ઈન્ટરનેટને લીધે દુનિયા નાની થઇ જતાં મોજશોખ કે પ્રવાસન પર્યટન માટેની આકાંક્ષાઓ વધી ગઇ છે. સંતાનોનાં શિક્ષણમાં પણ પસંદગીનું ધોરણ ઉચ્ચ બનતાં મોર્ડન મા-બાપ મોંઘી ફી ભરીને પણ ખાનગી શિક્ષણ આપવાનું પસંદ કરે છે. કરકસર કે પૈસા બચાવવાની વિચારસરણી 'જૂનવાણી' કહીને વખોડવામાં આવે છે. આ સિનારિયો પણ પરિવારોને છિન્નભિન્ન કરવા માટે જવાબદાર છે. અગાઉ પરિવારથી કોઈપણ વ્યક્તિની ઓળખ સંકળાયેલી રહેતી હતી, આ માટે લોકો પરિવારથી સંકળાયેલા રહેતા હતા. હવે તેની ઓળખ કાર કે કપડાંના બ્રાન્ડથી થાય છે. આ ભૌતિકવાદની મૃગતૃષ્ણા ઈન્સાનની સામાજિક, સાંસ્કૃતિક, આધ્યાત્મિક ઓળખ પર હાવી થઈ ગઈ છે. ભારતમાં પરિવારના સભ્યોમાં અંતર સતત વધતું જાય છે. જમીન સંબંધી વિવાદ ભાઈ-ભાઈની વચ્ચે જ હોય છે અને પ્રકરણ હત્યા સુધી પહોંચી જાય છે. આજનાં સંતાનોને વારસાની સંપત્તિ તો જોઈએ છે, પણ માતા-પિતા સાથે સંબંધો સારા રાખવા તેમની પ્રાથમિકતા નથી હોતી. આવામાં અનેક માતા-પિતા પણ પોતાનાં સંતાનોને બેદખલ કરવા માટે મજબૂર બને છે આ સમય છે. જ્યારે આપણે જાણવાનું રહેશે કે પોતાના લોકોથી સંબંધ અને સંવાદ જ જીવન સાર્થક બનાવે છે. આપણે આપણા સંબંધનો દાયરો એટલો તો જરૂર વધારવો જોઈએ, જેમાં પરિવાર સંપૂર્ણ રીતે સામેલ હોય.

## મોદીની નાગપુર મુલાકાતથી સંઘ સાથે અસહજતાનો અંત

ભારતીય જનતા પાર્ટીની વૈચારિક માતૃ સંસ્થાનો વણજાહેર દરજ્જો ધરાવતા રાષ્ટ્રીય સ્વયંસેવક સંઘ (આરએસએસ)ના વડામથકની વડાપ્રધાન નરેન્દ્ર મોદીએ નાગપુરમાં રવિવારે મુલાકાત લઈને પક્ષ અને સંગઠન વચ્ચેની અસહજતાની અટકળોનો એકઝાટકે અંત આણી દીધો છે. વડાપ્રધાન તરીકે મોદીની સંઘના વડામથકની આ પ્રથમ મુલાકાત હતી. આ અગાઉ અટલ બિહારી વાજપેયી વડાપ્રધાન હતા, ત્યારે તેમણે ત્યાંની મુલાકાત લીધી હતી. આમ તો મોદી ગળથૂથીમાં સંઘના પ્રચારક રહ્યા છે અને તેમની સંઘની વિચારધારા તરફના સમર્પણની સામે કોઈ શંકા કરી શકે તેમ નથી. રવિવારે તેમણે નાગપુરની મુલાકાત દરમ્યાન સંઘના વડામથકે સારો એવો સમય વિતાવ્યો હતો, તેમણે સંઘના વરિષ્ઠ નેતાઓની સામે સંવાદ પણ કર્યો હતો. વડાપ્રધાને સંઘની પ્રશંસા કરતાં કહ્યું કે, રાષ્ટ્રીય ચેતના માટે જે વિચાર એકસો વર્ષ પહેલાં સંઘના રૂપમાં આરોપિત થયા હતા એ આજે વટવૃક્ષ બની ગયું છે. સંઘ આજે ભારતીય સંસ્કૃતિ અને રાષ્ટ્રીય ચેતનાને ઊર્જાવાન બનાવી રહ્યો છે. નરેન્દ્રભાઈએ દીક્ષાભૂમિ પહોંચીને ડો. બી.આર. આંબેડકરને શ્રદ્ધાંજલિ અર્પણ કરી હતી. છેલ્લા કેટલાક સમયથી કેન્દ્ર સરકાર અને સંઘ વચ્ચેના સંબંધોમાં થોડું અંતર ઊભું થઈ રહ્યાની છાપ ઉપસી આવી હતી. ગયાં વર્ષે લોકસભાની ચૂંટણી ટાણે ભાજપના અધ્યક્ષ જે.પી. નડ્ડાએ એમ કહ્યંઅ હતું કે, તેમનો પક્ષ હવ એટલો સમર્થ થઈ ગયો છે કે, તેને હવે સંઘની મદદની જરૂરત રહી નથી. આ નિવેદનને લીધે સંઘ અને ભાજપ વચ્ચેના સંબંધ અસહજ બની રહ્યા હોવાના સંકેત મળવા લાગ્યા હતા. સ્વાભાવિક રીતે સંઘે નડ્ડાના નિવેદન પર કોઈ પ્રતિસાદ આપ્યો ન હતો, પણ લોકસભાની ચૂંટણીમાં ૪૦૦ બેઠકને પાર કરવાના દાવામાં ભાજપને સફળતા મળી શકી ન હતી. એ સમયે એમ કહેવાયું હતું કે, સંઘના કાર્યકરોની કહેવાતી નારાજગીને લીધે પક્ષ ૪૦૦ બેઠક પારનું લક્ષ્ય હાંસલ કરી શક્યો ન હતો. લોકસભાની ચૂંટણીનાં પરિણામો બાદ ગેરસમજણ દૂર કરવા ભાજપે સક્રિય પ્રયાસ હાથ ધર્યા હતા, તેને લીધે હરિયાણા, મહારાષ્ટ્ર અને દિલ્હીની વિધાનસભાની ચૂંટણીઓમાં ભાજપને નોંધપાત્ર સફળતા સાંપડી હતી. હવે મોદીએ બાકી રહેતી ગેરસમજણ દૂર કરવા રવિવારે સંઘના વડામથકની મુલાકાત લીધી હતી એમ મનાઈ રહ્યંઅ છે. આ મુલાકાત અન્ય એ કે, બાબતને લીધે ભારે મહત્ત્વ ધરાવે છે. ભાજપના રાષ્ટ્રીય અધ્યક્ષપદની માટે પસંદગીનો મુદ્દો દેશભરમાં રાજકીય કુતૂહલ જગાવી રહ્યો છે. એમ મનાય છે કે, આ પદ માટેના નામની ચર્ચા પણ મોદીએ સંઘના વરિષ્ઠ નેતાઓની સાથે કરી હોઈ શકે છે. સાથોસાથ આવનારા સમયમાં ભાજપ, કેન્દ્ર સરકાર અને સંઘ વચ્ચેના સંકલનને વધુ અસરકારક બનાવવા સહિતના નિર્ણયો મોદીની મુલાકાત બાદ ઝડપભેર હાથ ધરાશે એવી પૂરી શક્યતા છે. ખાસ તો ભાજપે છેલ્લા થોડા સમયમાં હિન્દુત્વના એજન્ડાને જે રીતે વધુ વ્યાપક અને નિર્ણાયક બનાવ્યો છે, તેના ભવિષ્ય અંગે અને કાર્યયોજના અંગે ભાજપ અને સંઘ હવે વધુ સંકલન સાથે આગળ વધશે એમ મનાઈ રહ્યંઅ છે. આમ લોકસભાની ચૂંટણીમાં ભાજપને વાસ્તવિકતાનું ભાન થયું હોવાની હકીકતના ફળસ્વરૂપે પક્ષે સંઘ સાથેના સંબંધોને પૂર્વવત કરવા જે કમર કસી છે, આનાં અનુસંધાનમાં વડાપ્રધાનની નાગપુર મુલાકાત ભારે મહત્ત્વ ધરાવે છે. બિહાર વિધાનસભાની ચૂંટણીમાં પરસ્પરના આ ભરોસાનું પ્રતિબિંબ જોવા મળી શકે છે. જો કે, ભાજપને તેના સાથી પક્ષોને વિશ્વાસમાં લેવાનું કામ રાજકીય રીતે પડકારભર્યું બની રહેશે.

ભારતમાં છેલ્લાં કેટલાંક વરસોથી કોઈ પણ તહેવાર પહેલાં વિવાદો ઊભા કરી જ દેવાય છે

# ૧૦ દિવસ માસ નથી ખાવાથી કઈ નથી થવાનું

રવિવારથી ચૈત્રી નવરાત્રિ શરૂ થઈ અને રમજાન મહિનો પૂરો થયો. રવિવારે ચાંદ દેખાતાં સોમવારે દેશભરમાં રમઝાન ઈદ ઊજવાઇ. મુસ્લિમોમાં ઈદ-ઉલ-ફિત્ર અને ઈદ અને ઈદ-અલ-અદહા બે સૌથી મોટા તહેવારો છે. ઈદ-ઉલ-ફિત્ર રમજાનના અંતે આવે છે તેથી તેને રમજાન ઈદ પણ કહે છે. ભારતના મુસ્લિમો માટે રમજાન ઈદ સૌથી મોટો તહેવાર છે તેથી મુસ્લિમો લગભગ આખું અઠવાડિયું ઈદની ઉજવણી કરે છે. ચૈત્રી નવરાત્રિ હિંદુઓ માટે બહુ મોટું પર્વ છે. શક્તિની આરાધનાના આ પર્વ દરમિયાન હિંદુઓ ભક્તિભાવપૂર્વક મા શક્તિનાં સ્વરૂપોની પૂજા અને આરાધના કરે છે.

ભારતમાં છેલ્લાં કેટલાંક વરસોથી કોઈ પણ તહેવાર પહેલાં વિવાદો ઊભા કરી જ દેવાય છે. તહેવારોની ઉજવણી કરવાનો આનંદ માણવાના બદલે કેટલાંક લોકોને વિવાદો ઊભા કરવામાં મજા આવે છે કેમ કે તેના કારણે તેમની દુકાન ચાલે છે. તેમનો સ્વાર્થ તેની સાથે જોડાયેલો છે તેથી સાવ ફાલતુ કહેવાય એવા મુદ્દા ઊભા કરીને એટલો હોબાળો ઊભો કરી દેવાય છે કે જાણે આ રાષ્ટ્રની સૌથી મોટી સમસ્યા હોય.

આ વખતે ચૈત્રી નવરાત્રિ અને ઈદ સાથે હોવાથી આવો જ વિવાદ માંસાહારને લગતો ઊભો કરી દેવાયો. કેટલાંક હિંદુવાદી સંગઠનોએ એવો મુદ્દો ઊભો કરી દીધો કે, હિંદુ ધર્મમાં માંસાહારની મનાઈ હોવાથી ચૈત્રી નવરાત્રિ દરમિયાન માંસ વેચતી તમામ દુકાનો બંધ રાખવી જોઈએ. ઉત્તર પ્રદેશમાં તો ભાજપની સરકાર છે તેથી ઉત્તર પ્રદેશમાં તો ઘણાં શહેરોમાં માંસ-માછલીના વેચાણ પર પ્રતિબંધ મૂકવાનો સત્તાવાર નિર્ણય જાહેર કરી દેવાયો. વડા પ્રધાન નરેન્દ્ર મોદીના મતવિસ્તાર વારાણસીમાં મ્યુનિસિપલ કોર્પોરેશને ૩૦ માર્ચથી ૬ એપ્રિલ સુધી માંસ, માછલી અને મરઘી જેવા પદાર્થોનાં વેચાણ પર સંપૂર્ણ પ્રતિબંધ લગાવી દીધો. બીજાં શહેરોમાં પણ આ પ્રકારના નિર્ણય લેવાયા.

દિલ્હીમાં નવીસવી ભાજપની સરકાર બની છે. નવો બાવો બે ચિપીયા વધુ ખખડાવે એ હિસાબે દિલ્હીમાં પણ ભાજપના નેતાઓએ માંસાહારની તમામ બધી દુકાનો બંધ કરાવવા કહી દીધું. બીજાં હિંદુવાદી સંગઠનો પણ તેમાં જોડાઈ ગયાં ને આ હિંદુઓની ધાર્મિક લાગણી સાથે જોડાયેલો મુદ્દો છે તેથી મુસ્લિમોએ હિંદુઓની ધાર્મિક લાગણીનું પાલન કરવું જોઈએ એવું કોરસ શરૂ કરી દીધું.

મુસ્લિમોમાં એક વર્ગ જડસુ અને પ્રતિક્રિયાવાદી છે. હિંદુવાદી સંગઠનો આ પ્રકારની વાતો કરે એટલે તેમની સામે કૂદી પડવું ને માહોલ બગાડી દેવામાં તેમને પણ રસ હોય છે કેમ કે તેમની દુકાન પણ તેના પર ચાલે છે. ભાજપ કે હિંદુવાદી સંગઠનોને મુસ્લિમ સંગઠનોના મોવડીઓ શું કહે છે તેમાં બહુ રસ નથી હોતો પણ કોંગ્રેસ અને બીજા કહેવાતા સેક્યુલર નેતાઓની પ્રતિક્રિયામાં રસ હોય છે કેમ કે સામાન્ય રીતે એવું બને છે કે, આ પ્રકારની વાતો સામે કોંગ્રેસીઓ ને બીજા સેક્યુલર નેતા મેદાનમાં આવી જાય છે. ભાજપ કે હિંદુત્વને લગતી દરેક વાતનો વિરોધ કરવાથી મુસ્લિમો ખુશ થાય છે એવો તેમને ભ્રમ છે તેથી એ લોકો કૂદી પડે છે.

આ વખતે એવું ના થયું. કેટલાક ભાજપ વિરોધી પક્ષોના નેતાઓએ રિએક્શન્સ આપ્યા પણ બીજા નેતા ચૂપ રહ્યા. ભાજપને સૌથી વધારે રસ કૉંગ્રેસને ઉશ્કેરવામાં હતો પણ કૉંગ્રેસના સાંસદ ઈમરાન મસૂદે આખી વાતની હવા કાઢી નાખી. ઈમરાન મસૂદે કહ્યુ કે, હું તો માંસ ખાતો નથી પણ બીજા મુસ્લિમો પણ એક દિવસ માંસ નહી ખાય તો આભ તૂટી પડવાનું નથી. બલકે ૧૦ દિવસ સુધી માંસ નહી ખાઓ તો કંઇ ઘસાઈ નથી જવાના. આપણે માંસ નહી ખાઈએ તેના કારણે કોઈને ખુશી મળતી હોય તો એવું કરવામાં કશું ખોટું નથી. આપણે એક-બીજાના ધર્મ અને તહેવારોનું સન્માન કરવું જોઈએ. આ જ ભારતીય સંસ્કૃતિ છે અને આપણે બધા ભારતીયોએ ભારતીય સંસ્કૃતિને અનુસરવું જોઈએ.

ઈમરાન મસૂદે જે સમજદારી બતાવી તેની પ્રશંસા કરવી જોઈએ. કહેવાતા હિંદુવાદીઓ ચૈત્રી નવરાત્રિ દરમિયાન માંસાહારને મુદ્દો બનાવવા માગતા હતા પણ મસૂદે તેમની જાળમાં ફસાવાના બદલે આખી વાતની હવા જ કાઢી નાખી છે. કૉંગ્રેસની મુસ્લિમ પાર્ટી તરીકેની છાપ પડી ગઈ છે. મુસ્લિમોને ખુશ કરવા કોંગ્રેસના નેતા હિંદુત્વનું અપમાન કર્યા કરે છે એવી છાપ ઊભી કરવામાં ભાજપની નેતાગીરી સફળ થઈ કેમ કે મોટા ભાગે આ પ્રકારના વિવાદો વખતે કોંગ્રેસના નેતા ફાલતુ લવારો કરવા બેસી જતા હોય છે.

ઈમરાન મસૂદે એવો લવારો કરવાનું ટાળ્યું છે. મસૂદમાં આ સમજદારી બહુ બધી ઠોકરો ખાઈને આવી છે કેમ કે ભૂતકાળમાં મસૂદે પણ આત્યંતિક રિએક્શન્સ આપેલાં જ છે. તેના કારણે રાજકીય કારકિર્દી પતી જવાના આરે આવી ગયેલી ને મસૂદ સાવ ફેંકાઈ ગયેલા. ૨૦૨૪ની લોકસભા ચૂંટણીમાં ફરી જીતીને મસૂદે પોતાની રાજકીય કારકિર્દી પાટા પર ચડાવી છે. મસૂદ એકલા મુસ્લિમોના મતથી જીત્યા નથી ને એ વાતનો તેમને અહેસાસ થયો એ સાં છે.

મસૂદમાંથી બીજા નેતાઓ જ નહી પણ મુસ્લિમ સંગઠનોના મોવડીઓ પણ બોધપાઠ લે એ જરૂરી છે, ભારતમાં રાજકીય સ્વાર્થને ખાતર હિંદુ અને મુસ્લિમોને સામસામે મૂકવાનો ખેલ વરસોથી ચાલ્યા કરે છે. પહેલાં કૉંગ્રેસે એ કર્યુ ને હવે ભાજપ એ કરે છે. તેના કારણે ફાયદો નેતાઓને થાય છે ને નુકસાન પ્રજાનું થાય છે. હિંદુ અને મુસ્લિમો બંને સંઘર્ષ ટાળે તો આ નુકસાન રોકી શકાય છે એ મસૂદે સાબિત કર્યું છે.

ખાન-પાનની આદતો ભૌગૌલિક પરિસ્થિતીઓને આધારે પડે છે. ભારતમાં વૈદિક કાળમાં માંસાહાર થતો હતો એવા ઉલ્લેખો છે. જેમ જેમ સભ્યતા વિકસતી ગઈ ને ખેતીનો પ્રભાવ વધતો ગયો તેમ તેમ ભોજનના નવા નવા વિકલ્પો ઉપલબ્ધ થતા ગયા. તેના કારણે નદીકિનારાનાં મેદાનોમાં વસતાં લોકો માંસાહાર છોડીને શાકાહાર તરફ વળ્યા. નવરાત્રિ દરમિયાન અસંખ્ય લોકો માંસાહાર છોડીને ઉપવાસ કરતા હોય છે અને તે દેવીની આરાધના વખતે જરૂરી છે.

તો વાત છે એક પીડિત મહિલાનીપ ઘૂંટણનો ભયંકર દુખાવો સહન કરતી

# ગીતાનો હેતુ આ ગૂઢ જ્ઞાન આપણા જીવન અંધકારને દૂર કરવાનો છે

### આમ કેટલાક કથીરમાંથી કુંદન થયેલા લોકોમાં જીવન જીવંત થાય છે, સાચી શરણાગતિથી!

ગત અંકમાં જિજ્ઞાસા અને જ્ઞાનની છણાવટ કરીને હવે પંદરમાં અધ્યાયના અંતમાં શ્રી કૃષ્ણ ભગવાન આ સમગ્ર જ્ઞાનને ગુઢ જ્ઞાન કહીને ઉપસંહાર કરી રહ્યા છે. અહી ગીતા આ ગ્રંથના ઉપદેશને ગુહ્ય શાસ્ત્ર કહીને એને જાણનારાને યથાર્થ જ્ઞાની અને પૂર્ણકામ કહે છે. હા, ભક્તિ, કર્મ, જ્ઞાન અને યોગને પોતાનામાં સમાવિષ્ટ કરતું આ શાસ્ત્ર ખરેખર ગૂઢ છે. પરંતુ ગીતાનો હેતુ આ ગૂઢ જ્ઞાન આપણા જીવન અંધકારને દૂર કરવાનો છે. માનવજીવનના પ્રત્યેક કદમ પર ગીતાનો પ્રકાશ રેલાય તો આ ઉપદેશ સાર્થક કહેવાય.

માણસનું મૂળ સ્વરૂપ ચેતન આત્મા છે, જે સદાય શાશ્વત અને પ્રકાશમય છે. અજ્ઞાન એ છે જ્યારે વ્યક્તિ પોતાની ઓળખ શરીર, મન અથવા ઈંદ્રિયો સુધી મર્યાદિત રાખે છે. અજ્ઞાનથી ઉપજતી મોહિત્વ (માયાની અસર) અને અહંકાર દૂર કરવો એ જ આધ્યાત્મિક જ્ઞાનનો હેતુ છે. જ્યારે અહમ દૂર થાય છે, ત્યારે સત્યનો પ્રકાશ પ્રગટ થાય છે. કારણ કે સર્વે પ્રાણીઓમાં એક જ ચેતન પરમાત્માનો પ્રકાશ છે. ગીતા આપણને અવિદ્યાનો (અજ્ઞાનનો) અંધકાર દૂર કરીને પરમાત્મ-જ્ઞાનનો પ્રકાશ ફેલાવવાનું કહે છે. તો આપણે આપણા જીવનમાંથી અજ્ઞાન-અંધકારને કેવી રીતે દૂર કરી શકીએ?

તો વાત છે એક પીડિત મહિલાનીપ ઘૂંટણનો ભયંકર દુખાવો સહન કરતી આ મહિલા અનેક ડોક્ટરો અને સ્પેશિયાલિસ્ટના દરવાજા ખખડાવી ચૂકી હતી. કોઈ મનોચિકિત્સક એ આ બહેનને એક વિચિત્ર પ્રશ્ન પૂછ્યો કે 'બહેન તમારે કોઈ સાથે અણબનાવ છે?' ત્યારે તે મહિલાએ પોતાના સગા ભાઈ સાથે પ્રોપર્ટી બાબતનો સંઘર્ષ અણબનાવની રજૂઆત કરી. પાંચ વર્ષથી ચાલતાં આ સંઘર્ષથી બહેન ભાઈના સંબંધના તાતણા ગૂંચવાઈ ગયા હતા.



મનોચિકિત્સકની ટ્રીટમેન્ટ રૂપે તે બહેને પોતાના ભાઈના પરિવારને ભોજન માટે આમંત્રિત કર્યા. ધીરે ધીરે પ્રેમના સંબંધ સ્થપાઈ ગયા. મહિલાની ઘૂંટણની પીડા ઓછી થઈ ગઈ. મનમાં સ્ફૂર્તિ આવી તો દેહમાં પણ સ્ફૂર્તિ આવી ગઈ. ચાલો ને ગીતાના આ જ્ઞાન પ્રકાશથી આપણે પણ આપણી આવી કોઈક ગૂંચ ઉકેલી અંતરનું અંધાં દૂર કરી નાખીએ. કહેવાયું છે ને કે

ગીતાના આ પ્રકાશની કલમ અને રંગોથી આપણે આપણા અંતરમાં એક વિશિષ્ટ રંગોળી પૂર્ણ કરીએ. અન્યના ગુણોરૂપી રંગોથી એક નવીન ભાત પાડીએ. બીજાના ગુણ જોવાથી સ્વયંને પણ લાભ થાય છે. વાત છે એક પુત્રવધૂની. સાસુની રોકટોકથી કંટાળેલી પુત્રવધૂએ જ્યારે એક મહાત્માનું શરણ લીધું ત્યારે તે મહાત્માએ તેને સોનેરી સલાહ આપી.'બહેન, તમે તમારા સાસુનો એક ગુણ રોજ ડાયરીમાં લખો.' નિત્ય ગુણ લખતાં લખતાં પુત્રવધૂ ને પોતાની સાસુ પ્રત્યે સકારાત્મક ભાવના જાગી. માતા અને પત્ની વચ્ચે પીસાતા પતિના અંતરમાં શાંતિ થઈ ગઈ. પરિવારમાં સ્નેહની રંગોળી પુરાઈ ગઈ. શુભ લાભના તોરણો સાથે અંતરમાં પણ અન્યના ગુણ ધરીને શુભ બનાવીએ. ગુણ ગ્રાહક દષ્ટિથી પરિવારમાં સંપ ને સુહૃદભાવના તોરણો આપમેળે બંધાવા લાગશે Healthy relationships are built on trust, respect, communication and compromise.

ગીતાના આ જ્ઞાનથી આપણે પ્રભુ પ્રત્યે ભક્તિ અને શ્રદ્ધાના દીપ પ્રગટાવી પરમાનંદની રોશનીથી અંતર ભરી દઈએ તો જ આ નવું વર્ષ ખરા અર્થોમાં દીપી ઊઠશે. અમાસની કાળી રાત જેવો આ માયાનો અંધકાર છે તેથી પ્રભુને પ્રાર્થના કરીએ કે ઊંડા અંધારેથી પ્રભુ પરમ તેજે તું લઈ જાપ પરમાત્મા અને સાચા ગુના શરણે જવાથી શું ન થાય? હૃદયના ચોપડે પાપ પુણ્યના, કર્મના લેખાજોખા કરતો વાલિયો નારદજીના શરણે ગયોપ

ઈતિહાસ સાક્ષી છે અંતરમાં અજવાળું થઈ ગયું. આમ કેટલાક કથીરમાંથી કુંદન થયેલા લોકોમાં જીવન જીવંત થાય છે, સાચી શરણાગતિથી! હા, ભગવાન સ્વામીનારાયણ સ્વયં રચિત શાસ્ત્ર વચનામૃતમાં કહે છે કે જ્યારે જ્યારે આ જીવને ભરત ખંડમાં જન્મ મળે છે ત્યારે ભગવાન અને સંત પૃથ્વી પર જરૂર વિચારતા હોય છે. એમની ઓળખાણ થવી જોઈએ, તો તે ભક્ત કહેવાય.

ચાલો, આપણે પણ ભગવાનના અખંડધારક સંતને શોધી, એમનું શરણું લઈને આ વર્ષે અંતરમાં ભક્તિના દીપ પ્રગટાવીએપભગવાન અને સાચા સંતને આશરે જઈ હૃદયનો ઓરડો તેમને સોંપી દઈને એક વિશિષ્ટ ઉદ્દીપન કરીને અંતરમાં અજવાળું કરી દઈએ. આ સમજણથી અહમ્?? સમાપ્ત થાય અને હૃદયમાં શાંતિ અને આનંદની અનુભૂતિ થાય છે.

શક્તિ અને સામર્થ્યની વાત તો પછી આવે, શ્વાસ પણ આપણો નથી

# તારી શક્તિ શ્રીરામની

### આધ્યાત્મ તરફની ગતિ માટે પણ ગુરુદેવે કૃપા કરી છે. જેને આપણે સંકલિત કર્મ તથા તેનાથી ઉદ્ભવેલ સંસ્કાર કહીએ છીએ તે પણ સમય અને સંજોગોની દેન છે.

કહેવાય છે કે રામાયણમાં એક પ્રસંગે બધા જ વાનરોએ પોતપોતાની શક્તિની વાત કરી, શ્રી હનુમાનજી કશું જ ના બોલ્યા. પ્રશ્ન પૂછવાથી તેમણે જણાવ્યું કે મારી તો કોઈ શક્તિ જ નથી, જે શક્તિ છે તે શ્રીરામની છે. જીવનનું આ સત્ય છે, જે શ્રીહનુમાનજી જેવા ઉપાસક જ સમજી શકે છે.શક્તિ અને સામર્થ્યની વાત તો પછી આવે, શ્વાસ પણ આપણો નથી. શરીર માતા-પિતા થકી પ્રાપ્ત થયું છે. શરીરનો નિર્વાહ થઈ શકે તેવી વ્યવસ્થા કુદરતે ઘડી છે. સમજ સંસારે આપી છે. સંબંધોના સમીકરણ સમાજ થકી પ્રાપ્ત થયા છે. આવડત તથા જ્ઞાન અન્ય તરફથી મળતા રહ્યા છે.આધ્યાત્મ તરફની ગતિ માટે પણ ગુરુદેવે કૃપા કરી છે. જેને આપણે સંકલિત કર્મ તથા તેનાથી ઉદ્ભવેલ સંસ્કાર કહીએ છીએ તે પણ સમય અને સંજોગોની દેન છે.આપણા સ્થૂળ શરીરની માટે સ્થૂળ અસ્તિત્વ કારણભૂત છે. સૂક્ષ્મ અસ્તિત્વની પાછળ સૂક્ષ્મ પરિબળો કાર્યરત છે. કારણ અસ્તિત્વ પાછળ તે પરાશિવ કારણભૂત છે. આપણું કશું જ નથી અને આપણે કશું જ નથી. જો આપણે આપણી જાતને સ્થૂળ અને સૂક્ષ્મ અસ્તિત્વથી અલગ કરી માત્ર આત્મસ્વરૂપ જોઈએ તો તે આત્મા પણ પરમ-આત્માના અંશ સમાન છે — આ આત્મા પરમાત્માની દેન છે. તેની લીલાના ભાગ સ્વરૂપે આપણી હયાતી છે, આમ આત્મા તરીકે પણ આપણી હયાતી પરતંત્ર છે.

જીવન ટકાવી રાખવા માટેનું અન્ન અન્ય કોઈ પેદા કરે છે. પાણી મળી રહે તે માટે કુદરતે વ્યવસ્થા કરી રાખી છે. શ્વાસ લેવા માટેની હવા પણ કરુણાસભર મહાદેવે ચારે તરફ ફેલાવી રાખી છે. ઋષિઓએ — સંતજનોએ આપણી માટે માર્ગ સૂચિત કરી રાખ્યા છે —



આપણી ચિને અનુકૂળ હોય તેવા બધા જ સંભવિત માર્ગ સ્થાપિત કરાયા છે.

ભક્તિ માટે શ્રદ્ધામાં સતત વધારો થાય તેની વ્યવસ્થા થઈ ચૂકી છે. યોગ-સાધના માટેના માર્ગ પણ વિસ્તારથી વર્ણવાયા છે. નિષ્કામ કર્મની સંભાવના ટકી રહે તે માટે સમાજમાં ચોક્કસ પ્રકારની પરિસ્થિતિ કાયમ હોય છે. જ્ઞાનના માર્ગે જો આગળ વધવું હોય તો પણ સાધનો અને માધ્યમો તૈયાર છે. આપણા આધ્યાત્મિક વિકાસ માટે ગોઠવણ કરાઈ ચૂકી છે. આપણે આમાંનું કશું નથી કર્યું. અધિકારથી એમ કહી શકાય તેમ નથી કે આ મારું અને મારી માટે છે. બધું જ તે શ્રીરામ દ્વારા નિર્ધારિત થઈ ચૂક્યું છે. આપણે તો માત્ર પરિસ્થિતિ પ્રમાણે જીવનાર પ્રાણી છીએ.

પંચ-તત્ત્વ આપણા નથી. મન-બુદ્ધિ-ચિત્ત-અહંકાર પાછળના પ્રેરક બળો પણ આપણા તાબામાં નથી. આપણા માટે કારણરૂપ આત્માની સમજ ક્યારે સંભવિત નથી. પછી અહંકાર શેનો. હું અને માંનો ભાવ ક્યાંથી. જે તે શક્તિ છે તે મારી ક્યાંથી. જે કંઈ સમજ છે તે પણ ગુરુકૃપાથી સ્થાપિત થયેલ છે. માત-પિતા, વડીલો તથા સંતજનોના આશીર્વાદ ને કારણે થોડો ઘણો સદભાવ ટકી રહ્યો છે. જાતને સમજવા તથા અન્ય સમક્ષ જાતને પ્રસ્તુત કરવા માટે, જેના કારણે બધું જ સંભવ બને છે, તેમને જ શ્રેય આપવો જોઈએ. શ્રીરામની કૃપાથી મળેલ શ્રીરામની શક્તિ શ્રી રામના હિસાબમાં જ જોડવાની હોય. અહીં જે કંઈ છે તે શ્રીરામના સંકલ્પનું પ્રતિબિંબ માત્ર છે, હકીકતમાં કશું છે જ નહીં. જે છે તે માત્ર શ્રીરામનો નિર્વિકલ્પ સંકલ્પ છે.

શક્તિ ચૈતન્યમાં હોય. જડ પદાર્થમાં શક્તિ ત્યારે જ અનુભવાય જ્યારે કોઈક ચૈતન્યથી તે ગતિમાં આવે. ચૈતન્યનો આધાર ઈશ્વર છે. આમ તો જડનો આધાર પણ ઈશ્વર છે પરંતુ જ્યાં શક્તિની વાત કરવામાં આવે ત્યારે ચૈતન્યને કેન્દ્રમાં રાખવું જરૂરી બને. સર્જન ચૈતન્યથી સંભવ બને, પાલન પાછળના પરિબળો પણ ચૈતન્યને આધારિત હોય અને વિનાશ માટે જરૂરી બળ પણ ચૈતન્યમાંથી પ્રગટે.

પરિવર્તન માટે ચૈતન્ય જરૂરી છે. વિકાસ માટે ચૈતન્ય જરૂરી છે. પ્રવાસ માટે ચૈતન્ય જરૂરી છે. જન્મ લીધા પછી પરિવર્તન થતું રહે છે, વિકાસ સ્વાભાવિક છે અને પ્રવાસ — દિશા ગમે તે હોય — થતો જ રહે છે. આ બધાની શક્તિ તે ઈશ્વરની શક્તિ છે.

શરીરમાંથી જો આત્માની બાદબાકી થઈ જાય તો ઊર્જા જ બાકી ના રહે — માત્ર જડ પંચમહાભૂત અસ્તિત્વમાં રહે. શરીર લાકડા સમાન થઈ જાય અને લોકો તેને લાકડાની જેમ જ અગ્નિદાહ આપી દે. મૃત્યુ પહેલાના તબક્કામાં જે કંઈ શક્તિ



## વિષ્ણુ માંચુની 'કન્નપ્પા'ની રિલીઝ પોસ્ટપોન થઈ

પોસ્ટપોન કરી દેવાઈ છે. તેમણે સોશિયલ મીડિયા પોસ્ટ દ્વારા આ અંગે માહિતી આપી હતી, તેમાં તેમણે વિલંબ પાછળનું કારણ પણ કહ્યું હતું.આ ફિલ્મમાં વિષ્ણુ માંચુ સાથે મોહન બાબુ અને અક્ષય કુમાર પણ છે, અક્ષય તેમાં ભગવાન શિવનો રોલ કરી રહ્યો છે. આ ફિલ્મ પહેલાં ૨૫ એપ્રિલે રિલીઝ થવાની હતી. આ ફિલ્મથી અક્ષય કુમાર તેલુગુ સિનેમામાં ડેબ્યુ કરી રહ્યો છે. વિષ્ણુ માંચુએ જાહેર કરેલાં નિવેદનમાં કહ્યું હતું કે ફિલ્મના વીએફએક્સને વધુ ચોક્કસ કરવા માટે ટીમને થોડા વધુ સમયની જરૂર છે.વિષ્ણુ માંચુએ ફૅન્સ અને ફિલ્મ રસિકોની દિલથી માફી માગી અને ટૂંક સમયમાં તેમના દ્વારા નવી રિલીઝ ડેટ જાહેર કરવામાં આવશે એવું પણ કહ્યું. તેમણે લખ્યું, “વ્હાલા ફૅન્સ, શુભેચ્છકો અને ફિલ્મ રસિકો, 'કન્નપ્પા'ને જીવંત બનાવવું એ એક એનોખી સફર રહી છે. ગુણવત્તાના ઉચ્ચત્તમ ધોરણો સાથે લોકો સુધી એક અનોખો અનુભવ બની રહે તેવી ફિલ્મ પહોંચાડવી એ અમારી જવાબદારી છે. હવે અમે એવું કરી શકીએ એ માટે અમારે થોડા વધુ સમયની જરૂર છે, જેથી અમે મહત્વના એક પ્રકરણના વીએફએક્સને પ્રર્ફેક્ટ બનાવી શકીએ. તેનો અર્થ એવો છે કે ફિલ્મની રિલીઝ થોડી મોડી થાય એવું છે.”તેમણે આગળ લખ્યું, “આ ફિલ્મ માટેની ઉત્સુકતા અમે સમજીએ છીએ અને વિલંબ માટે અમે ખુબ દિલગિર છીએ. હું આપની ધીરજ અને સહકારની સરાહના કરું છું અને અમારા માટે એ જ બધું છે. અમારી ટીમ તેના માટે અથાગ પ્રયત્ન કરે છે અને અમે વચન આપીએ છીએ કે તમારી રાહ જોવી વ્યર્થ નહીં જાય. અમે બહુ જલ્દી અપડેટ સાથે પાછા ફરીશું અને નવી તારીખ જાહેર કરીશું.”આ પહેલાં ફિલ્મનું ટીઝર લોંચ કરવામાં આવ્યું છે, જેમાં ફિલ્મના ધ્રુજાવી દેતાં બૅકગ્રાઉન્ડ મ્યુઝીક અને ઝકડી રાખતી એક્શ સિક્વન્સ, મજબૂત ડાયલોગ અને મજાની કોરિયોગ્રાફીની ઝલક મળે છે. મુકેશ કુમાર સિંઘે આ ફિલ્મ ડિરેક્ટ કરી છે

## તમારી પસંદ અને નિર્ણયો જ એક કલાકારને અન્ય સ્ટાર્સથી અલગ પાડે છે : રશ્મિકા મંદાના



રશ્મિકાએ ઈન્ડસ્ટ્રીમાં સ્પર્ધા વિશે વાત કરી .રશ્મિકા મંદાનાની એક પછી એક સફળ ફિલ્મ આવી રહી છે, 'છાવા'માં વિકી કૌશલ સાથે કામ કર્યા પછી હવે સલમાન ખાન સાથે તેની 'સિકંદર' રિલીઝ થઈ છે. આર મુર્ગાદોસની આ ફિલ્મ ૩૦ માર્ચે રિલીઝ થઈ છે. ત્યારે ઈડસ્ટ્રીના પડકારો અંગે એક ઈન્ટરવ્યુમાં રશ્મિકાએ વાત કરી હતી. રશ્મિકા સાઉથ ઈન્ડસ્ટ્રીમાં પણ નવા નવા પડકારો સાથેના રોલ કરતી રહે છે, તેમજ બોલિવૂડમાં પણ અલગ અલગ પ્રકારના રોલ કરે છે. સાથે તે પોતાની કૅરિઅરમાં યોગ્ય નિર્ણયનું મહત્વ પણ સમજે છે. આ ઈન્ટરવ્યુમાં રશ્મિકાએ કહ્યું, “મને તાજેતરમાં જ એક સુવાક્ય ધ્યાનમાં આવ્યું છે, જેમાં કહેવાયું હતું, “તમારી પસંદગી અને નિર્ણયથી જ તમે એક સ્ટાર અને એક કલાકાર તરીકે અલગ પડી શકો છો.” મેં અલગ અલગ ફિલ્મ ઈન્ડસ્ટ્રીમાં કામ કરવાનું પસંદ કર્યું છે – કન્નડા, તેલુગુ, તમિલ અને હિન્દી – મારે બહુ જલ્દી મલયાલમ ફિલ્મમાં પણ કામ કરવાની ઈચ્છા છે.રશ્મિકા પોતાની સફર વિશે કહે છે, “મારા નિર્ણયો મારા પોતાના છે અને મારી સફર અન્યોથી અલગ છે, તેથી મારી સામે કોઈ માર્ગદર્શક કે સંદર્ભ નથી. હું કૂર્ગથી આવું છું અને કન્નડા ઈન્ડસ્ટ્રીથી શરૂઆત કરી હતી અને પછી તમિલ અને હિન્દી ફિલ્મમાં કામ કર્યું હતું. હું મારી પસંદગી અને નિર્ણયો અને તેના ભવિષ્યમાં જે પરિણામ મળે તે માટે સંપુર્ણપણે જવાબદાર છું.”ઈન્ડસ્ટ્રીમાં હરિફાઈ અંગે રશ્મિકાએ કહ્યું, “મને હરિફાઈથી કોઈ ફરક પડતો નથી, કારણ કે બધાં પોતાનું કામ કરે છે. હરિફાઈથી જ તમારો વિકાસ થાય છે. તમારે દરરોજ તમારી જાત પર કામ કરવું જોઈએ.”

## કપિલ શર્માએ ફિલ્મની સિક્વલનો ફર્સ્ટ લૂક જાહેર કર્યો

કોમેડી કલાકાર કપિલ શર્માએ ૨૦૧૫માં 'કિસ કિસ કો પ્યાર કરું' ફિલ્મથી બોલિવૂડમાં ડેબ્યુ કર્યું હતું. હવે તેના દસ વર્ષ પછી કપિલ શર્માએ આ ફિલ્મની સિક્વલની જાહેરાત કરી છે. ઈદના દિવસે કપિલે પોતાની ફિલ્મની સિક્વલનો પહેલો લૂક જાહેર કરીને ફૅન્સને સરપ્રાઈઝ આપી છે.

સોમવારે કપિલ શર્માએ પોતાના સોશિયલ મીડિયા પર 'કિસ કિસ કો પ્યાર કરું ૨'નું પોસ્ટર શેર કર્યું છે. જેમાં કપિલ એક દુલ્હાના રૂપમાં દેખાય છે, તેણે શેરવાની પહેરી છે અને માથે સહેરો પહેરેલો છે. તેના ચહેરા પર આશ્ચર્ય અને આઘાતના ભાવ દેખાય છે. તેની સાથે એક દુલ્હન પણ છે, જેનો ચહેરો ઘુંઘટમાં છુપાયેલો છે. તે પણ




માથે સહેરો બાંધીને બ્લૂ સાડીમાં કપિલની બાજુમાં ઉભેલી દેખાય છે. તે બંનેના હાથ એકબીજાને વીંટળાયેલાં છે. આ પોસ્ટરના બૅકગ્રાઉન્ડમાં શરણાઈનો અવાજ સંભળાય છે.

આ પોસ્ટરની કેપ્શનમાં કપિલે લખ્યું હતું, “ઈદ મુબારક(હાથ જોડેલા ઈમોજી અને તાળી પાડતાં ઈમોજી) કેકેપીકેર.”

આ પોસ્ટ પર ઘણા લોકોએ પોતાનો ઉત્સાહ વ્યક્ત કર્યો હતો અને ફિલ્મ માટેની પોતાની આતુરતા પણ વ્યક્ત કરી હતી. ઘણા લોકોએ આ પોસ્ટ પર પોતાનો પ્રેમ વરસાવ્યો હતો. ૨૦૨૪થી આ ફિલ્મની સિક્વલ આવાવની હોવાની ચર્ચા છે. એ વખતે આ ફિલ્મ સાથે સંકળાયેલા એક સૂત્રએ જણાવ્યું હતું કે, “કિસ કિસ કો પ્યાર કરું પછી કપિલ શર્માએ વિવિધ જોનરની ફિલ્મમાં ઘણા પ્રયોગો કર્યા હવે તે ફરી એક પ્યોર કોમેડી ફિલ્મ સાથે આવી રહ્યો છે.”આ ફિલ્મમાં કપિલ સાથે મનોજ સિંઘ પણ મહત્વના રોલમાં છે. આ ફિલ્મ અનુલ્પ ગોસ્વામીએ લખી છે. આ પહેલાં કપિલ શર્માએ કરીના કપૂર, તબ્બુ અને ક્રિતિ સેનન સાથે ક્રૂ ફિલ્મમાં જોવા મળ્યો હતો.




## સની દેઓલ અને અરશદ વારસીની 'ભૈયાજી સુપરહિટ' ૧૦મી એપ્રિલ ૨૦૨૫ના રોજ ભવ્ય પુનઃપ્રદર્શન માટે તૈયાર છે!

ફરી એકવાર મોટી સ્ક્રીન પર ધમાલ મચાવવા માટે તૈયાર થાઓ! સની દેઓલની જબરદસ્ત એક્શન-કોમેડી ફિલ્મ 'ભૈયાજી સુપરહિટ' ૧૦ એપ્રિલ ૨૦૨૫ના રોજ ફરીથી રિલીઝ થઈ રહી છે. આ બહુપ્રતિક્ષિત રિ-રિલીઝમાં, દર્શકો ફરી એકવાર સની દેઓલના દમદાર અભિનય અને મસાલા મનોરંજનનો આનંદ માણશે.

નીરજ પાઠક દ્વારા દિગ્દર્શિત, આ ફિલ્મ પ્રીતિ ઝિન્ટા, અરશદ વારસી, અમીષા પટેલ, શ્રેયસ તલપડે, પંકજ ત્રિપાઠી, સંજય મિશ્રા, જયદીપ અહલાવત, રફ્તાર, વિજય રાઝ અને મનોજ જોષી સહિતની શ્રેષ્ઠ કલાકારો સાથે આવે છે. આ ફિલ્મમાં એક્શન, કોમેડી અને ડ્રામાનું શાનદાર મિશ્રણ છે, જે દરેક પેઢીના પ્રેક્ષકો માટે એક પરફેક્ટ બોલિવૂડ એન્ટરટેઈનર સાબિત થશે.મહેન્દ્ર ધારીવાલ દ્વારા નિર્મિત અને મેટ્રો મૂવીઝ પ્રોડક્શનના બેનર હેઠળ બનેલી આ ફિલ્મ ઓમ શાંતિ ક્રિએશન્સ અને હનવંત ખત્રી દ્વારા રજૂ કરવામાં આવી રહી છે.

પોતાની ખુશી વ્યક્ત કરતાં, ફિલ્મના નિર્માતા મહેન્દ્ર ધારીવાલે જણાવ્યું હતું કે, 'ભૈયાજી સુપરહિટ'નું પુનઃપ્રદર્શન એ અમારા બધા ચાહકો માટે એક ખાસ ભેટ છે જેમણે આ ફિલ્મને વર્ષોથી પ્રેમ અને સમર્થન આપ્યું છે. સની દેઓલની શક્તિશાળી સ્ક્રીન હાજરી અને રોમાંચક વાર્તા ફરી એકવાર દર્શકો માટે એક્શનથી ભરપૂર અનુભવ લાવશે." સની દેઓલની વિસ્ફોટક એક્શન સિક્વન્સ, દમદાર ડાયલોગ્સ અને મનોરંજક વાર્તા સાથે, 'ભૈયાજી સુપરહિટ' બોક્સ ઓફિસ પર ફરી એકવાર ધમાકો કરવા માટે તૈયાર છે. તો નોંધ લો તારીખ - ૧૦મી એપ્રિલ ૨૦૨૫! 'ભૈયાજી સુપરહિટ'ના જાદુને ફરી જીવંત કરો અને જુઓ બોલિવૂડની એક્શનની અસલી મજા!



## આત્મા વેચીને ડોલરની કઠપૂતળી બનો અથવા મૌન રહો : કુણ કામરા

કુણાલે એક પોસ્ટ શેર કરી હતી, જેના કેપ્શનમાં લખ્યું હતું કે, 'લોકશાહી રીતે કલાકારની હત્યા કેવી રીતે કરવી?' તેની કેટલીક સૂચનાઓ'

મહારાષ્ટ્રના નાયબ મુખ્યમંત્રી એકનાથ શિંદે પર કથિત વાંધાજનક ટિપ્પણી બાદ સ્ટેન્ડ-અપ કોમેડિયન કુણાલ કામરા વિવાદમાં છે. પોલીસ ફરિયાદ બાદ કુણાલ સોશિયલ મીડિયા પર સતત એક્ટિવ છે અને એક પછી એક પોસ્ટ કરી રહ્યા છે. મંગળવારે કામરાએ ઠ પર 'હાઉ ટુ કિલ એન આર્ટિસ્ટઃ અ સ્ટેપ-બાય-સ્ટેપ ગાઈડ' નામની પાંચ-પોઈન્ટ પોસ્ટ શેર કરી હતી. જેમાં તેમણે તેમના તાજેતરના શો સામેના હિંસક આક્રોશની ટીકા કરતા હતું કે, 'કલાકારો કાં તો ડોલરની કઠપૂતળી બને અથવા મૌન રહે.'

કુણાલે એક પોસ્ટ શેર કરી હતી, જેના કેપ્શનમાં લખ્યું હતું કે, 'લોકશાહી રીતે કલાકારની હત્યા કેવી રીતે કરવી?' તેની કેટલીક સૂચનાઓ'

૧. આક્રોશ- એટલો બધો કે બ્રાન્ડ્સે પોતાનું કામ બંધ કરી દે.

૨. આક્રોશ વધારો- જ્યાં સુધી પ્રાઈવેટ અને કોર્પોરેટ કામ બંધ ન થઈ જાય.૩. આક્રોશનો અવાજ વધારો- જેથી મોટા આયોજન સ્થળ કોઈ રિસ્ક ન લે.૪. હિંસક આક્રોશ- જ્યાં સુધી નાનામાં નાની જગ્યાઓ પણ પોતાના દરવાજા બંધ ન કરી દે.૫. કલાને ક્રાઈમ સીનમાં ફેરવીને તેમના પ્રેક્ષકોને પૂછપરછ માટે બોલાવો.શોમાં યોગ્ય ભાષા અને શિષ્ટાચાર જાળવીશઃ અલ્હાબાદિયા પોડકાસ્ટર રણવીર અલ્હાબાદિયાએ મંગળવારે સુપ્રીમ કોર્ટમાં દાખલ કરેલા સોગંદનામા દ્વારા તેમના ડિજિટલ શોમાં શિષ્ટાચાર જાળવવાનું વચન આપ્યું હતું. વરિષ્ઠ વકીલ અભિનવ ચંદ્રચુડ દ્વારા રજૂ કરાયેલા આ બાંયધરીપત્રમાં, અલ્હાબાદિયાએ કહ્યું છે કે તેઓ તેમના કાર્યક્રમોમાં યોગ્ય ભાષા અને શિષ્ટાચાર જાળવી રાખશે, જે હાલમાં કાનૂની તપાસ હેઠળ છે. સુનાવણી દરમિયાન ચંદ્રચુડે સુપ્રીમ કોર્ટ દ્વારા પાસપોર્ટ જમા કરાવવાની શરતમાં છૂટછાટ માંગી હતી. તેમણે દલીલ કરી હતી કે તેમના ક્લાયન્ટની વ્યાવસાયિક જવાબદારીઓ, જેમ કે ઈન્ટરવ્યુ માટે આંતરરાષ્ટ્રીય મુસાફરી પ્રતિબંધને કારણે અવરોધાઈ રહી છે.

## જેઠાલાલને નવી દયા મળી ગઈ હોવાની ચર્ચા
## છેલ્લા સાત વર્ષથી દિશા વાકાણીના આ પાત્રને કોઈ સંભાળે તેની રાહ જોવાઈ રહી છે



**છેલ્લાં થોડાં દિવસથી ચર્ચા છે કે નવા દયાબેન મળી ગયાં છે અને તેમણે શૂટિંગ પણ શરૂ કરી દીધું છે. ત્યારે હવે કેટલાંક અહેવાલો એવા પણ છે કે આ પાત્ર હવે કોણ ભજવશે તેનું નામ પણ જાહેર થઈ ગયું**

ટેલિવિઝનના ઈતિહાસની સૌથી વધુ લાંબી ચાલનારી લોકપ્રિય કોમેડી સિરીયલ 'તારક મહેતા કા ઉલ્ટા ચશ્મા'માં સાત વર્ષે દયાબેનની એન્ટ્રી થશે એવી ચર્ચા છે. તારક મહેતા શોમાં જેઠાલાલ અને દયાભાભીનાં પાત્રો સૌથી લોકપ્રિય પાત્રોમાંના બે હતાં, તેમાં દયા ભાભીનું પાત્ર ભજવતાં દિશા વાકાણી ૭ વર્ષથી શોમાંથી બહાર છે અને ગડા પરિવાર સાથે શોના દર્શકો પણ દયાબેનની આતુરતાથી રાહ જુએ છે. ત્યારે હવે બધાની આતુરતાનો અંત આવે તેવી શક્યતા છે.

છેલ્લાં થોડાં દિવસથી ચર્ચા છે કે નવા દયાબેન મળી ગયાં છે અને તેમણે શૂટિંગ પણ શરૂ કરી દીધું છે. ત્યારે હવે કેટલાંક અહેવાલો એવા પણ છે કે આ પાત્ર હવે કોણ ભજવશે તેનું નામ પણ જાહેર થઈ ગયું છે, જોકે હજુ સુધી શોના પ્રોડ્યુસર કે શોની ટીમ પછી કોઈ નામની જાહેરાત કરવામાં આવી નથી. એવી ચર્ચા છે કે ટેલિવિઝનની અનુભવી એક્ટ્રેસ કાજલ પિસલ દયાનું પાત્ર ભજવશે. પ્રોડ્યુસર આસિત મોદી છેલ્લા ઘણા વર્ષથી આ પાત્ર માટે કોઈ કલાકારની શોધમાં હતા. તેમણે દયાનું પાત્ર કરતાં દિશા વાકાણીને પાછા લાવવાના ઘણા પ્રયત્નો કર્યા, તે અંતે પાછા ન આવતા તેમણે નવા કલાકારની શોધ આદરી હતી.

હવે એવી પણ ચર્ચા છે કે કાજલ પિસલે ડમી એપિસોડ માટે શૂટ શરૂ પણ કરી દીધું છે. ત્યારે હવે ઘર ઘરમાં દયા તરીકે જામી ગયેલાં દીશા વાકાણીનું સ્થાન કાજલ પિસલ કઈ રીતે લઈ શકશે અને આ પાત્રને કેટલાં અંશે ન્યાય આપી શકશે તે જોવાનું રહ્યું.

## જોન અબ્રાહમ અને રણદીપ હુડાને હિન્દી ફિલ્મ ઈન્ડસ્ટ્રીના ભવિષ્યની ચિંતા
### ઘેટાશાહી જેવી જડ માનસિકતાના કારણે અન્ય મેકર્સને કંઈ અલગ કરવાની સ્વતંત્રતા મળતી નથીઃ જોન અબ્રાહમ

બે અઠવાડિયા પહેલા પ્રમોશનની ધામધૂમ વગર જોન અબ્રાહમની ફિલ્મ ધ ડિપ્લોમેટ રિલીઝ થઈ હતી. ફિલ્મને ઠીકઠાક રિસ્પોન્સ મળ્યો હતો, પરંતુ જોનની ચિંતા પોતાની એક ફિલ્મ પૂરતી મર્યાદિત નથી. વર્તમાન સમયમાં બની રહેલી હિન્દી ફિલ્મો અને સ્ટીરિટો ટાઈપ સ્ટોરી-કેરેક્ટરના કારણે બે દમદાર એક્ટર જોન અબ્રાહમ અને રણદીપ હુડાને હિન્દી ફિલ્મ ઈન્ડસ્ટ્રીના ભવિષ્યની ચિંતા સતાવી રહી છે. હિન્દી ફિલ્મોમાં છવાયેલી ઘેટાશાહી જેવી માનસિકતાના કારણે સારી ફિલ્મો ન બનતી હોવાનું તેઓ માને છે.

જોન અબ્રાહમે વર્તમાન સમયમાં બોલિવૂડ કન્ટેન્ટ અને સોશિયલ મીડિયાની ટીકાઓની અસર અંગે વાત કરતાં કહ્યું હતું કે, આ સમગ્ર સ્થિતિ હિન્દી ફિલ્મ ઈન્ડસ્ટ્રી માટે ડરામણી છે. કંઈક અલગ કરવાનો ઝંડો મેં નથી ઊપાડ્યો, પરંતુ અમારા જેવા કેટલાક લોકો અલગ કરવા માગે છે. પોતે કમર્શિયલ હીરો હોવાનું સ્વીકારતા જોને કહ્યું હતું કે, કમર્શિયલ રહેવા ઉપરાંત અમારે કંઈક અલગ કરવું છે, તો અમને તેવું કરવાની સ્વતંત્રતા મળવી જોઈએ. અલગ કરવા માટે વધારે મહેનતાણુ મળતું થાય તો ઈન્ડસ્ટ્રી તરીકે સૌનો વિકાસ થાય.

જોન અબ્રાહમની 'ધ ડિપ્લોમેટ'ને બોક્સઓફિસ પર રૂ.૩૦ કરોડનં કલેક્શન મળ્યુ હતું. ભારત-પાકિસ્તાનના સંબંધો આધારિત આ ફિલ્મમાં જોને ભારતના રાજદૂતનો રોલ કરેલો છે, જે પાકિસ્તાનમાં ફસાયેલી ભારતીય મહિલાને બચાવવા પ્રયાસ કરે છે.

જોન અબ્રાહમની જેમ રણદીપ હુડા પણ બોલિવૂડની ટ્રેન્ડ ફોલોઈંગ માનસિકતાને પસંદ કરતો નથી. રણદીપને સ્ટોરીટેલિંગ બાબતે સાઉથના ફિલ્મમેકર્સ વધારે ઓથેન્ટિક લાગે છે, કારણ કે તેઓ પોતાની સંસ્કૃતિ સાથે જોડાયેલા રહે છે. હુડાએ કહ્યું હતું કે, બોલિવૂડ માટે નિરાશાજનક સમય છે. વર્ષમાં માંડ બે ફિલ્મો સફળ રહે છે. બોલિવૂડમાં અત્યારે ઘેટાશાહી ચાલી રહી છે. સોશિયલ મીડિયા ટ્રેન્ડ સેટ કરે છે. રી-રિલીઝમાં એક-બે ફિલ્મોએ સારું પ્રદર્શન કર્યું, તો દરેક રી-રિલિઝ સફળ થાય તે જરૂરી નથી. કોઈ એક અખતરો સફળ રહે તો બધા તેને ફોલો કરે છે. બધાને એવું જ બનાવવું છે. 'સ્ત્રી' પછી બધાને હોરર કોમેડી બનાવવાનો ચસકો ઉપડ્યો છે. એક વસ્તુ સફળ થાય એટલે બધા લોકો તે માપદંડ અપનાવે છે. બધા એક બંધિયાર વાતાવરણમાં જકડાઈ ગયા છે અને ત્યાં નવા અખતરા માટે મોકળાશ રહેતી નથી.



**જોન અબ્રાહમની જેમ રણદીપ હુડા પણ બોલિવૂડની ટ્રેન્ડ ફોલોઈંગ માનસિકતાને પસંદ કરતો નથી. રણદીપને સ્ટોરીટેલિંગ બાબતે સાઉથના ફિલ્મમેકર્સ વધારે ઓથેન્ટિક લાગે છે, કારણ કે તેઓ પોતાની સંસ્કૃતિ સાથે જોડાયેલા રહે છે.**

હુડાએ ફિલ્મી જગતની બંધિયાર માનસિકતા વચ્ચે ઓટીટી પ્લેટફોર્મ્સ પર સ્ટોરી ટેલિંગ બાબતે સ્વતંત્રતા મળતી હોવાનું સ્વીકાર્યું છે. હુડાએ કહ્યું હતું કે, ઓટીટી પર ઓડિયન્સને પસંદ આવે અને સબસ્ક્રિપ્શન વધારે તેવા કન્ટેન્ટને પસંદ કરવામાં આવે છે. મેઈનસ્ટ્રીમ અને એક્સપ્રિમેન્ટલ પ્રોજેક્ટ્સ વચ્ચે સંતુલન સાધવાનું જરૂરી છે. સાઉથની ઈન્ડસ્ટ્રીના વખાણ કરતાં હુડાએ કહ્યું હતું કે, તેઓ મૂળભૂત માનવીય લાગણી સાથે જોડાયેલી ફિલ્મો બનાવે છે. પુષ્પાના સિક્સ પેક એબ્સ નથી. તેની દાઢી વધેલી છે અને ખભો નમેલો છે. આમ છતાં ઓડિયન્સને તે પોતાનો લાગે છે. કેટલાક કહેવાતા મોટા એક્ટર્સ પોતાના કેરેક્ટરને ડેવલપ કરવાના બદલે એબ્સ બનાવવા મહેનત કરે છે. રણદીપે આગામી ફિલ્મ 'જાટ'માં ક્રૂર વિલન રણતુંગાનો રોલ કર્યો છે. આ ફિલ્મમાં સની દેઓલ, રેજિના કસાન્દ્રા, આયેશા ખાન, સૈયામી ખેર, ઝરીના વહાબ મહત્ત્વના રોલમાં છે. આ ફિલ્મ ૧૦ એપ્રિલે રિલીઝ થવાની છે.

# શ્રેયસે સિક્સર અને ફિફ્ટી ફટકારી મેચ જીતી



મંગળવારે, પંજાબ કિંગ્સ એ લખનઉ સુપર જાયન્ટ્સને ૮ વિકેટથી હરાવ્યું. નિકોલસ પૂરનના ૪૪ રનથી PBKS ને LSG માટે ૧૭૨ રનનો લક્ષ્યાંક મળ્યો. જવાબમાં, પંજાબે પ્રભસિમરન સિંહ અને સુકાની શ્રેયસ ઐયરની અડધી સદીની મદદથી ૧૭૭/૨ રન બનાવ્યા અને ૨૨ બોલ બાકી રહેતા મેચ જીતી લીધી.

એકાના સ્ટેડિયમમાં રસપ્રદ ક્ષણો જોવા મળી. અબ્દુલ સમદે અર્શદીપ સિંહના બોલ પર સ્કૂપ શોટ રમ્યો. મિશેલ માર્શે પ્રિયાંશ આર્યનો કેચ છોડી દીધો. પ્રભસિમરન સ્વીચ હિટ પર બાઉન્ડ્રી ફટકારે છે. આયુષ બદોની અને રવિ બિશ્નોઈએ સાથે મળીને કેચ પકડ્યો. શ્રેયસે સિક્સર ફટકારીને મેચ જીતી લીધી.

મેચ પહેલા પંજાબી ગાયક મીકા સિંહે એકાના સ્ટેડિયમમાં પરફોર્મ કર્યું. ૪૭ વર્ષીય મિકાએ બોલિવૂડ માટે ઘણા હિટ ગીતો ગાયા છે. તેણે ૧૯૯૮માં 'સાવન મેં લગ ગઈ આગ' આલ્બમથી પોતાના કરિયરની શરૂઆત કરી હતી.

ત્રીજી ઓવરમાં એડન માર્કરામને રાહત મળી. આ ઓવરના ત્રીજા બોલ પર, બોલર અર્શદીપે ફોલો થ્રો પર કેચ છોડી દીધો. માર્કરામે સામે ફુલ લેન્થ બોલ રમ્યો. બોલ અર્શદીપ પાસે ગયો પણ તેના હાથ પર વાગ્યો અને નીચે પડી ગયો. ૧૮મી ઓવર ફેંકતા અર્શદીપ સિંહે ૨૦ રન આપ્યા. તેની ઓવરમાં, અબ્દુલ સમદે સતત ૩ બોલ પર બાઉન્ડ્રી ફટકારી. ચોથા બોલ પર અર્શદીપે ફુલ ટોસ ફેંક્યો, જેના પર સમદે સ્કૂપ શોટ રમ્યો અને બોલ ડીપ ફાઈન લેગ પર બાઉન્ડ્રી માટે ગયો. ૧૯મી ઓવરમાં અર્શદીપે આયુષ બદોનીને આઉટ કર્યો. ઓવરના બીજા બોલ પર આયુષે મોટો શોટ રમ્યો. બોલ ડીપ મિડવિકેટ પર ઉભેલા ગ્લેન મેક્સવેલ પાસે ગયો. તે ડાબી બાજુ દોડ્યો, ડાઈવ મારી અને કેચ પકડ્યો.

# પંજાબ કિંગ્સે લખનઉંને ૮ વિકેટથી હરાવ્યું, પ્રભસિમરન સિંહ-શ્રેયસ અય્યરની ધમાકેદાર બેટિંગ

આજે (૧ એપ્રિલ) ઈન્ડિયન પ્રીમિયર લીગ (IPL) ૨૦૨૫ની ૧૩મી મેચ લખનઉ સુપર જાયન્ટ્સ (LSG) અને પંજાબ કિંગ્સ (PBKS) વચ્ચે રમાઈ હતી. જેમાં પંજાબે લખનઉને ૮ વિકેટથી હરાવ્યું હતું. પંજાબની ટીમે આ મેચમાં ટોસ જીતીને પહેલા બોલિંગ કરવાનો નિર્ણય લીધો હતો. પ્રથમ બેટિંગ કરતા લખનઉની ટીમે ૨૦ ઓવરમાં ૭ વિકેટ ગુમાવીને ૧૭૧ રન બનાવ્યા હતા. જેના જવાબમાં પંજાબે ૧૬.૨ ઓવરમાં જ ૨ વિકેટના નુકસાને ૧૭૭ રન બનાવ્યા હતા. લખનઉ તરફથી બદોની ૪૧ રન, નિકોલસ પૂરને ૪૪ રન અને અબ્દુલ સમદે ૨૭ રન બનાવ્યા હતા.

પંજાબ કિંગ્સની પ્લેઈંગ ઈલેવનઃ પ્રિયાંશ આર્ય, પ્રભસિમરન સિંહ, શ્રેયસ ઐયર, શશાંક સિંહ, માર્કસ સ્ટોઈનિસ, ગ્લેન મેક્સવેલ, સૂર્યાંશ શેડગે, માર્કો જાનસેન, લોકી ફર્ગ્યુસન, યુઝવેન્દ્ર ચહલ, અર્શદીપ સિંહ.

લખનઉં સુપર જાયન્ટ્સની પ્લેઈંગ ઈલેવનઃ મિશેલ માર્શ, એડન માર્કરામ, નિકોલસ પૂરન, ઋષભ પંત, આયુષ બદોની, ડેવિડ મિલર, અબ્દુલ સમદ, દિગ્વેશ સિંહ રાઠી, શાર્દુલ ઠાકુર, અવેશ ખાન, રવિ બિશ્નોઈ.



# ૨૭ કરોડ પાણીમાં! પંતના આઉટ થતાં જ ફેન્સ ગુસ્સે



IPL ૨૦૨૫ ની મેગા ઓક્શનમાં, લખનૌ સુપર જાયન્ટ્સે રિષભ પંત માટે પાણીની જેમ પૈસા ખર્ચ્યા. દરેક ટીમ સાથે લાંબી લડાઈ પછી, લખનૌએ પંતને ૨૭ કરોડની મોટી રકમ આપીને તેની ટીમમાં સામેલ કર્યો.ફ્રેન્ચાઈઝી અને ફેન્સ અપેક્ષા રાખતા હતા કે પંત LSG જર્સીમાં ધમાલ મચાવશે. પરંતુ ઈન્ડિયન પ્રીમિયર લીગની ૧૮મી સીઝનમાં તેનાથી વિપરીત પરિસ્થિતિ જોવા મળી છે. પંત દરેક રન માટે ઉત્સુક હોય તેવું લાગે છે. પંજાબ કિંગ્સ સામે એકાના મેદાન પર મર્યાદા ઓળંગી ગઈ. લખનૌનો કેપ્ટન પંત ગ્લેન મેક્સવેલના બોલ પર આઉટ થયો હતો, જેને તે કોઈપણ દિશામાં સીમા રેખાની પાર મોકલી શકતો હતો. પંતની આ બેટિંગ જોઈને સોશિયલ મીડિયા પર ફેન્સનો ગુસ્સો ફાટી નીકળ્યો છે.પંજાબ કિંગ્સ સામે ત્રીજા નંબરે બેટિંગ કરવા ઉતર્યા બાદ ફેન્સ રિષભ પંત પાસેથી તેના હોમ ગ્રાઉન્ડ પર મોટી ઈનિંગ્સની અપેક્ષા રાખતા હતા. પરંતુ પંત ફરી એકવાર અપેક્ષાઓ પર ખરા ઉતરવામાં નિષ્ફળ ગયો. રિષભની ઈનિંગ ફક્ત ૫ બોલમાં જ ખતમ થઈ ગઈ અને તેને ફક્ત ૨ રન બનાવ્યા.ગ્લેન મેક્સવેલે શોર્ટ પિચ બોલ ફેંક્યો જેને પંત બાઉન્ડ્રી લાઈનની પાર ફટકારવા માંગતો હતો પરંતુ તેને શોર્ટ લેગ પર ઉભેલા ફિલ્ડરના હાથમાં બોલ પકડાઈ ગયો. શોટ રમ્યા પછી, લખનૌનો કેપ્ટન પોતે સમજી ગયા કે તેને ફરી એકવાર મોટી ઈનિંગ્સ રમવાની તક ગુમાવી દીધી છે. આઈપીએલના ઈતિહાસમાં આ ત્રીજી વખત હતું જ્યારે મેક્સવેલે પંતને પેવેલિયન મોકલ્યો હતો.IPL ૨૦૨૫ અત્યાર સુધી રિષભ પંત માટે બેટ સાથે સારું રહ્યું નથી. દિલ્હી કેપિટલ્સ સામે રમાયેલી મેચમાં પંત ખાતું ખોલાવ્યા વિના પેવેલિયન પરત ફર્યો હતો. આ પછી, સનરાઈઝર્સ હૈદરાબાદ સામે પણ પંતનું બેટ શાંત રહ્યું અને તે ૧૫ બોલમાં ૧૫ રન બનાવીને આઉટ થયો. અત્યાર સુધી, રિષભ ત્રણ મેચમાં કુલ માત્ર ૧૭ રન બનાવી શક્યો છે. આંતરરાષ્ટ્રીય ક્રિકેટની દ્રષ્ટિએ પણ પંત માટે આ IPL સીઝન ખૂબ જ મહત્વપૂર્ણ માનવામાં આવી રહી છે. પંતને ચેમ્પિયન્સ ટ્રોફી ૨૦૨૫માં બેન્ચ પર રાખવામાં આવ્યો હતો અને તેને T૨૦ ટીમમાં પણ તક મળી રહી નથી.

તમને જણાવી દઈએ કે દિગ્વેશ સિંહે IPL ૨૦૨૫માં દિલ્હી કેપિટલ્સ સામે ડેબ્યૂ કર્યું હતું. તે મેચમાં તેણે દિલ્હી કેપિટલ્સના કેપ્ટન અક્ષર પટેલને આઉટ કરીને તેના IPL કારકિર્દીની પ્રથમ વિકેટ લીધી હતી. મિસ્ટ્રી સ્પિનર દિગ્વેશ રાઠીએ દિલ્હી માટે બે ટી૨૦ મેચ રમી છે. તેણે ૨૦૨૪-૨૫માં સૈયદ મુશ્તાક અલી ટ્રોફીમાં ભાગ લીધો હતો અને ત્રણ વિકેટ લીધી હતી. રાઠી ગયા વર્ષે દિલ્હી પ્રીમિયર લીગમાં પોતાના પ્રદર્શનથી ચર્ચામાં આવ્યા હતા. તે ટુર્નામેન્ટમાં તેણે ૧૦ મેચમાં ૭.૮૨ની ઈકોનોમી પર ૧૪ વિકેટ લીધી. મેગા ઓક્શનમાં દિગ્વેશને લખનૌ સુપર જાયન્ટ્સે ૩૦ લાખ રૂપિયામાં ખરીદ્યો હતો.

# આગ્રામાં IPL સટ્ટાબાજી રેકેટનો પર્દાફાશ, પોલીસે ૯ લોકોની કરી ધરપકડ

ઉત્તર પ્રદેશના આગ્રામાં પોલીસે એક મોટી IPL સટ્ટાબાજી ગેંગનો પર્દાફાશ કર્યો છે. પોલીસે ક્લબ સ્ક્વેર ૮ કાફે પર દરોડા પાડ્યા અને ૯ બુકીઓની ધરપકડ કરી લીધી છે. ઘટનાસ્થળેથી ૧.૬૨ લાખ રૂપિયા રોકડા, ૧૦ મોબાઈલ ફોન, ૧ એસયુવી કાર, ૨ ટુ-વ્હીલર અને અન્ય વસ્તુઓ પણ મળી આવી છે.



આગ્રા પોલીસને માહિતી મળી હતી કે IPL મેચ દરમિયાન ક્લબ સ્ક્વેર ૮ કાફેમાં સટ્ટો રમાઈ રહ્યો છે. ત્યારબાદ SOG ટીમ અને જગદીશપુર પોલીસ સ્ટેશને સંયુક્ત ઓપરેશન હાથ ધર્યું અને કાફેમાં દરોડા પાડ્યા હતા. પોલીસ આવતાની સાથે જ બુકીઓએ ભાગવાનો પ્રયત્ન કર્યો, પરંતુ પોલીસે તેમને ચારે બાજુથી ઘેરી લીધા હતા.

૨ આરોપીઓ વોશરૂમમાં છુપાઈ જવાનો પ્રયાસ કરી રહ્યા હતા, પરંતુ તેમને પણ પોલીસે પકડી લીધા હતા. કહેવામાં આવી રહ્યું છે કે કાફેમાં મોટાપાયે સટ્ટો રમાઈ રહ્યો છે. સ્થાનિક લોકોને આ વિશે કોઈ જાણકારી નહોતી, પરંતુ પોલીસ દરોડામાં આખી ગેંગનો પર્દાફાશ થયો છે. આ કાફે છેલ્લા દોઢથી બે વર્ષથી ચાલી રહ્યું હતું અને તે ધીમે ધીમે જાણીતું થઈ રહ્યું હતું.કાફે ઓપરેટર ગૌતમ ધાકડ ઉપરાંત પોલીસે બબલુ ધાકડ, હર્ષ સ્વરૂપ ધાકડ, વિજેન્દ્ર સિંહ, નિખિલ સિંહ, ગાંડી દોરી લાલ, નીતિન શર્મા અને વિજય સિંહની ધરપકડ કરી છે. પોલીસના જણાવ્યા અનુસાર, દરોડા દરમિયાન જ બધા આરોપીઓ આમતેમ દોડવા લાગ્યા હતા, પરંતુ પોલીસે કોઈને પણ ભાગવા દીધા નહી. આ બાબતે એડીસીપીએ કહ્યું કે અમે ૯ લોકોને રંગે હાથે પકડ્યા છે. તેમની પાસેથી ૧,૬૨,૦૦૦ રૂપિયા, ૧૦ મોબાઈલ ફોન, ૧ એસયુવી, ૨ ટુ-વ્હીલર અને અન્ય વસ્તુઓ જપ્ત કરવામાં આવી હતી. બધા આરોપીઓને જેલમાં ધકેલી દેવામાં આવ્યા છે.

# ધોનીના સન્યાસ પર સંગ્રામ, આઈપીએલમાંથી પણ નિવૃતિ લઈ લેશે ધોની?



IPL ૨૦૨૫નો રોમાન્સ ચરમસીમાએ છે. અત્યાર સુધી ૧૨ મેચ રમાઈ છે. આ દરમિયાન પાંચ વખત ચેમ્પિયન બનેલી ચેન્નાઈ સુપર કિંગ્સે ૩ મેચ રમી છે. તેણે પોતાની પ્રથમ મેચમાં મુંબઈ ઈન્ડિયન્સ સામે જીત મેળવી હતી. જે બાદ રોયલ ચેલેન્જર્સ બેંગ્લોર અને રાજસ્થાન રોયલ્સ સામે હારનો સામનો કરવો પડ્યો હતો. IPLના પહેલા તબક્કામાં જો કોઈ વ્યક્તિની સૌથી વધુ ચર્ચા થઈ હોય તો તે ચેન્નાઈના પૂર્વ કેપ્ટન મહેન્દ્ર સિંહ ધોની છે. છેલ્લી બે મેચમાં તે ટીમને જીત તરફ દોરી શક્યો ન હતો. આ કારણે તેની ઘણી ટીકા થઈ રહી છે અને કેટલાક લોકો તેને સંન્યાસ લેવાની સલાહ આપી રહ્યા છે.ધોની છેલ્લા ત્રણ સિઝનથી સતત નીચલા ક્રમમાં બેટિંગ કરી રહ્યો છે. ચાહકો અને ક્રિકેટ નિષ્ણાતો માને છે કે જો ભૂતપૂર્વ ભારતીય સુકાની પોતાને ક્રમમાં આગળ વધે તો CSKનું પ્રદર્શન સુધરી શકે છે.ઘણા ચાહકોએ ધોનીને ઉચ્ચ બેટિંગ કરવા માટે બોલાવ્યા છે અને એવી અટકળો છે કે તે ચેપૉક ખાતે ૫ એપ્રિલે દિલ્હી સામે ચેન્નાઈની આગામી મેચમાં ત્રીજા નંબરે બેટિંગ કરી શકે છે.એક રિપોર્ટ અનુસાર માર્ચમાં ધોની સૌથી વધુ ચર્ચામાં રહેલો વ્યક્તિ છે. તે આ મામલે વિરાટ કોહલી અને રોહિત શર્મા કરતા આગળ છે. ધોની બાદ વિરાટ કોહલી બીજા સ્થાને, વડાપ્રધાન નરેન્દ્ર મોદી ત્રીજા સ્થાને અને ભારતીય કેપ્ટન રોહિત શર્મા ચોથા સ્થાને છે.અનુભવી ક્રિકેટર ચેતેશ્વર પુજારા પણ માને છે કે ટીમના પ્રદર્શનમાં વધુ યોગદાન આપવા માટે ધોનીએ ઉંચી બેટિંગ કરવી જોઈએ. તેણે તાજેતરની મેચોમાં CSKની ધીમી ગતિ પર પણ કમેન્ટ કરી.પૂજારાએ કહ્યું, "તેણે તેને થોડો લાંબો છોડી દીધો." જ્યારે જાડેજા અને એમએસ બેટિંગ કરતા હતા, ત્યારે તેઓ થોડા વહેલા વેગ આપી શક્યા હોત. પરંતુ આની બે બાજુઓ છે. જો તેમાંથી કોઈ બહાર હોત, તો વસ્તુઓ અલગ હોત.ધોની ઘણા વર્ષોથી નિવૃત્તિની અફવાઓના કેન્દ્રમાં છે. ફેબ્રુઆરી ૨૦૨૫ માં, તેણે થોડા વધુ વર્ષો રમવાનું ચાલુ રાખવાનો સંકેત આપતાં જણાવ્યું હતું કે તે રમતનો તેટલો જ આનંદ લેવા માંગે છે જેટલો તે બાળપણમાં કરતો હતો.

# હાર્દિક પંડ્યાએ નાના ફેનની પૂરી કરી ઈચ્છા, સીડીઓ પર જીત્યું દિલ

સોમવારે કોલકાતા નાઈટ રાઈડર્સને ૮ વિકેટે હરાવીને મુંબઈ ઈન્ડિયન્સ (MI) એ IPL ૨૦૨૫ માં પોતાનું ખાતું ખોલ્યું. મુંબઈના વાનખેડે સ્ટેડિયમમાં હાર્દિક પંડ્યાની આગેવાની હેઠળની MI એ ૧૧૭ રનના લક્ષ્યનો પીછો માત્ર ૧૨.૫ ઓવરમાં કર્યો.મેચ પછી, હાર્દિકે એક નાના ફેનની 'ઈચ્છા' પૂરી કરી, જેનો વીડિયો મંગળવારે MI દ્વારા શેર કરવામાં આવ્યો. હાર્દિકે ફેનની વિનંતી પર તેની સાથે સેલ્ફી લીધી.વીડિયોમાં, હાર્દિક ડ્રેસિંગ રૂમ તરફ સીડીઓ ચઢતો જોવા મળે છે. હાર્દિકને જોઈને બધા ફેન્સના ચહેરા ચમકી ઉઠે છે. પછી એક નાનો ફેન તેની સાથે ફોટો પડાવવાની ઈચ્છા વ્યક્ત કરે છે. હાર્દિક અટકીને તેનો ફોન લે છે અને પછી પોતે સેલ્ફી લે છે. હાર્દિકની આ સ્ટાઈલની ખૂબ પ્રશંસા થઈ રહી છે. એક યુઝરે કોમેન્ટ કરી છે કે "હાર્દિક ખૂબ જ ડાઉન ટુ અર્થ વ્યક્તિ છે." અન્ય યુઝરે કહ્યું છે કે "હાર્દિકે મારું દિલ જીતી લીધું છે." અન્ય યુઝરે લખ્યું છે કે "મુંબઈ પ્રેમ."MI એ હાર્દિકનો વીડિયો શેર કર્યો અને તેને કેપ્શન આપ્યું, "સમયની સૌથી સારી વાત એ છે કે તે બદલાય છે." તમને જણાવી દઈએ કે જ્યારે IPL ૨૦૨૪ માં રોહિત શર્માની જગ્યાએ હાર્દિકને મુંબઈ ઈન્ડિયન્સનો કેપ્ટન બનાવવામાં આવ્યો ત્યારે ઘણા ફેન નારાજ થયા હતા. હાર્દિકને માત્ર સોશિયલ મીડિયા પર ટ્રોલ કરવામાં આવ્યો ન હતો, પરંતુ મેદાનમાં તેને હુટિંગનો પણ સામનો કરવો પડ્યો હતો. પરંતુ IPL ૨૦૨૫માં, હાર્દિક પ્રત્યે ફેનની ભાવનાઓ બદલાઈ ગઈ છે.ઝડપી બોલર અશ્વિની કુમારના ઐતિહાસિક ડેબ્યૂ અને રિયાન રિકેલ્ટન (૪૧ બોલમાં અણનમ ૬૨ રન) ના ફિફ્ટી રનની મદદથી, મુંબઈએ ડિફેન્ડિંગ ચેમ્પિયન કેકેઆરને હરાવ્યું. આઈપીએલમાં પોતાની પહેલી મેચ રમી રહેલા ૨૩ વર્ષીય અશ્વિને ૨૪ રન આપીને ચાર વિકેટ લીધી. અશ્વિન આઈપીએલમાં પોતાના ડેબ્યૂ મેચમાં ચાર વિકેટ લેનાર પ્રથમ ભારતીય બોલર બન્યો છે.



# આજે કોહલી ફજ ગિલ વચ્ચે મુકાબલો

IPL ૨૦૨૫ની ૧૪મી મેચ આજે રોયલ ચેલેન્જર્સ બેંગલુરુ અને ગુજરાત ટાઈટન્સ વચ્ચે રમાશે. આ મેચ બેંગલુરુના હોમ ગ્રાઉન્ડ એમ ચિન્નાસ્વામી સ્ટેડિયમમાં સાંજે ૭:૩૦ વાગ્યે રમાશે. આ સીઝનમાં બંને ટીમ પહેલી વાર એકબીજા સામે ટકરાશે. ગત સીઝનમાં બન્ને ટીમ બે વાર એકબીજા સામે ટકરાઈ હતી. બેંગલુરુ બન્નેમાં જીત્યું હતું.RCBએ બે મેચમાં બે જીત સાથે ૪ પોઈન્ટ સાથે પોઈન્ટ ટેબલમાં ટોચ પર છે. તે જ સમયે, ગુજરાત બે મેચમાં એક જીતથી ૨ પોઈન્ટ સાથે ચોથા સ્થાને છે.IPLમાં ગુજરાત અને બેંગલુરુ વચ્ચે કુલ ૫ મેચ રમાઈ છે. બેંગલુરુએ ૩માં જીત મેળવી, જ્યારે ગુજરાતે ૨ માં જીત મેળવી. તે જ સમયે, બંને ટીમ એમ ચિન્નાસ્વામી સ્ટેડિયમ ખાતે ત્રીજી વખત એકબીજાનો સામનો કરશે. આ પહેલા રમાયેલી બે મેચમાં બન્નેએ ૧-૧થી જીત મેળવી હતી.વિરાટ કોહલી RCBનો ટૉપ સ્કોરર છે. પોતાની છેલ્લી મેચમાં તેણે ચેન્નઈ સામે ૩૦ બોલમાં ૩૧ રન બનાવ્યા હતા. તેણે પહેલી મેચમાં કોલકાતા સામે અણનમ ૫૯ રન બનાવ્યા હતા. કેપ્ટન રજત પાટીદાર બીજા



નંબરે છે. તેણે છેલ્લી મેચમાં ચેન્નઈ સામે ૩૨ બોલમાં ૫૧ રન બનાવ્યા હતા. આ સીઝનમાં તેણે બે મેચમાં ૮૫ રન બનાવ્યા છે. બોલિંગમાં, જોશ હેઝલવુડ ૫ વિકેટ સાથે ટોચ પર છે.

# ખેલૈયાઓને ભૂમિ ત્રિવેદીના તાલે ગરબાની રમઝટ પર ઝુમાવ્યા

## ખેલૈયાઓ આજની રાત્રીએ હરિઓમ ગઢવીને સુરે ઝુમશે



સુરત, તા.૧

કોસમાડા ચોકડી, આઉટર રીંગ રોડ પરના સંપદા સર્કલ પાસે સંપદા ફેસ્ટિવિટી ગ્રાઉન્ડ સ્થિત દેશમાં સૌપ્રથમ વાર થયેલ સુરસંપદા ચૈત્રી નવરાત્રિમાં ગરબાનું આયોજન કરવામાં આવ્યું છે. જેમાં ચૈત્રિ નવરાત્રિના ત્રીજા નોરતે પ્રખ્યાત કલાકાર ભૂમિ ત્રિવેદીના તાલે ગરબાની રમઝટ પર ખેલૈયાને ઝુમાવ્યા હતા. ભૂમિ ત્રિવેદીએ ડીજે અને ઢોલના તાલે યુવક-યુવતિઓ, ખૈલૈયાઓ ગરબે રમીને ચૈત્રી નવરાત્રિમાં મા જગદંબાની આરાધનામાં લિન કર્યા હતા. ખેલૈયાઓ ધોતી કેડિયુ, કુર્તા-ચણિયાચોળી જેવા પરંપરાગત વસ્ત્રોમાં સજ્જ યુવાધન ઢોલીના ધબકારે પગના અંગમરોડ અને નૃત્યલયની મુદ્રામા દોઢિયુ જેવા ગરબાના વિવિધ પ્રકારો મુજબ સ્ટેપ ગોઠવીને ગરબે ઘુમવાનો આનંદ માણી રહ્યા છે. ભૂમિ ત્રિવેદીએ સુરતીઓને ગુજરાતી ગરબાના સુરમાં તલ્લીન કરી દીધા છે. બુધવારની સાંજે હરિઓમ ગઢવીના સૂરે ખેલૈયાઓને ગરબાની રમઝટપર ઝુમાવશે.

ભૂમિ ત્રિવેદીએ જણાવ્યું હતું કે સુસંપદા નવરાત્રિના આયોજકોનો ખુબ ખુબ આભાર માનું છું કે લોકોને ચૈત્રી નવરાત્રિ અંગે જાગુત કર્યા છે. માતાજીના આશિર્વાદથી જ ઈતિહાસમાં સૌપ્રથમવાર આ ચૈત્રિ નવરાત્રિમાં ગરબાનું આયોજન થતું હોય છે હવે વર્ષમાં એક નહિ પણ બે-બે નવરાત્રિમાં ગરબાનું આયોજન થશે, હું ખુશ છું કે લોકો જાગુત થઈને માતાજીની આરાધના કરવાનું આ ઉતમ પર્વ છે. સુરતીઓને ચૈત્રી નવરાત્રિની ખુબ ખુબ શુભેચ્છા આપું છું.



### નગર પ્રાથમિક શિક્ષણ સમિતિ સુરત સંચાલિત

# મહારાણા પ્રતાપ અને ઈશ્વર પેટલીકર શાળામાં પ્રવેશ માટે લાંબી લાઈન લાગી

## શ્રેષ્ઠ શાળામાં એડમીશન મેળવવા ત્રણહજાર વાલીઓ ઉમટ્યાં

સુરત, તા.૨

નગર પ્રાથમિક શિક્ષણ સમિતિ સુરત સંચાલિત મહારાણા પ્રતાપ પ્રાથમિક શાળા અને ઈશ્વર પેટલીકર પ્રાથમિક શાળામાં આજે પ્રવેશ કાર્ય માટે ફોર્મ ભરવાનું પ્રારંભ કરવામાં આવ્યો છે. શાળાના શ્રેષ્ઠ શિક્ષણને કારણે વાલીઓમાં શાળાનું ખૂબ આકર્ષણ છે. આજે અંદાજે ત્રણ હજાર જેટલા વાલીઓ પ્રવેશ માટે લાઈનમાં ઉભા હતા. મહારાણા પ્રતાપ પ્રાથમિક શાળા પ્રારંભથી આજ સુધી તેની શૈક્ષણિક ગુણવત્તામાં ઉત્તરોત્તર વધારો થઈ રહ્યો છે. હાલમાં શાળાના તમામ વર્ગોમાં ઈન્ટરેક્ટિવ બોર્ડ, ઈન્ટરનેટ, કમ્પ્યૂટર લેબ વગેરે અનેક અદ્યતન સુવિધાઓ ઉપલબ્ધ છે. નગર પ્રાથમિક શિક્ષણ સમિતિ સંચાલિત ઘણી શાળાઓમાં હાલમાં પ્રવેશ માટે વાલીઓનો ખૂબ ઘસારો હોય છે. મહારાણા પ્રતાપ પ્રાથમિક શાળા એવી પહેલી શાળા છે કે જ્યાં ખાનગી શાળાઓમાંથી મોટી સંખ્યામાં પ્રવેશ મેળવવાની શરૂઆત ૨૦૦૮ થી થઈ હતી. બે દાયકાઓ સુધી શાળાએ પોતાનું ગૌરવંતુ સ્થાન જાળવી રાખ્યું છે અને તેમાં ઉત્તરોત્તર વધારો થઈ રહ્યો છે. જ્ઞાન સાધના, CET, NMMS વગેરે જેવી તમામ પરીક્ષાઓમાં શાળાના ખૂબ મોટી સંખ્યામાં વિદ્યાર્થીઓ મેરીટમાં સ્થાન પામે છે. રમતગમત ક્ષેત્રે પણ આ શાળાએ ભવ્ય સિદ્ધિઓ હાંસલ કરી છે.

# પશ્ચિમ રેલવે દ્વારા પાંચ વર્ષમાં ૧૦૫ લેવલ ક્રોસિંગ બંધ કરાયા

## પશ્ચિમ રેલ્વેના મુંબઈ સેન્ટ્રલ ડિવિઝિને પ્રાપ્ત કરેલી સિદ્ધિ

મુંબઈ, તા.૨

પશ્ચિમ રેલ્વે તેના મુસાફરોને સલામત અને આરામદાયક મુસાફરીનો અનુભવ પૂરો પાડવા માટે પ્રતિબદ્ધ છે. આ દિશામાં, પશ્ચિમ રેલ્વેના મુંબઈ સેન્ટ્રલ ડિવિઝને છેલ્લા ૫ વર્ષમાં ૧૦૫ લેવલ ક્રોસિંગ બંધ કરીને એક મહત્વપૂર્ણ સીમાચિહ્ન હાંસલ કર્યું છે, જેમાં ઈન્ટરલોક્ડ અને નોન-ઈન્ટરલોક્ડ ક્રોસિંગ બંનેનો સમાવેશ થાય છે. રેલ્વે પર લેવલ ક્રોસિંગ બંધ કરવાથી અનેક ફાયદા થાય છે, જેમાં રોડ અને રેલ સલામતીમાં વધારો, ભીડમાં ઘટાડો, અકસ્માતોમાં ઘટાડો, ટ્રેનની ગતિમાં વધારો અને સમયસરતામાં સુધારો તેમજ એકંદરે સરળ રેલ કામગીરી અને કાર્યક્ષમતાનો સમાવેશ થાય છે. પશ્ચિમ રેલવેના મુખ્ય જનસંપર્ક અધિકારી શ્રી વિનીત અભિષેક દ્વારા જારી કરાયેલી એક અખબારી યાદી અનુસાર, પશ્ચિમ રેલવેના મુંબઈ સેન્ટ્રલ ડિવિઝને છેલ્લા ૫ વર્ષમાં ૧૦૫ લેવલ ક્રોસિંગ બંધ કરીને સલામતી વધારવામાં નોંધપાત્ર સિદ્ધિ હાંસલ કરી છે. રેલ્વે પર લેવલ ક્રોસિંગ બંધ કરવાથી ઘણા ફાયદા થશે, જેમાં નીચેનાનો સમાવેશ થાય છે: લેવલ ક્રોસિંગ બંધ કરવાથી ટ્રેનો અને રોડ વાહનો વચ્ચે અથડામણની શક્યતા દૂર થઈને અકસ્માતો, ઈજાઓ અને જાનહાનિનું જોખમ નોંધપાત્ર રીતે ઓછું થાય છે. લેવલ ક્રોસિંગ બંધ કરવાથી અકસ્માતોનું જોખમ દૂર થઈને જાહેર સલામતી વધે છે, જેનાથી પરિવારો અને સમુદાયો પર ભાવનાત્મક અને આર્થિક અસર ઓછી થાય છે. લેવલ ક્રોસિંગ બંધ થવાથી ટ્રાફિક ભીડમાં નોંધપાત્ર ઘટાડો થયો છે, ખાસ કરીને મુંબઈ-વડોદરા-દિલ્હી સેક્શન જેવા વ્યસ્ત રૂટ પર, જ્યાં વંદે ભારત, રાજધાની, શતાબ્દી એક્સપ્રેસ જેવી હાઈ-સ્પીડ ટ્રેનો દોડે છે. લેવલ ક્રોસિંગ નાબૂદ કરવાથી ટ્રાફિકનો પ્રવાહ સુધરે છે, ભીડ ઓછી થાય છે અને ટ્રેનો ૧૬૦ કિમી પ્રતિ કલાકની ઉચ્ચ સેક્શનલ ગતિ પ્રાપ્ત કરી શકે છે. લેવલ ક્રોસિંગ બંધ કરવાથી વાહનોને રોકવાની જરૂર ન પડે તે રીતે ટ્રાફિક કાર્યક્ષમતા વધે છે, જેનાથી મુસાફરીનો સમય ઓછો થાય છે. આનાથી રેલ્વે ઝડપથી ટ્રેન સેવાઓનો વિસ્તાર કરી શકે છે, જાહેર માંગ પૂરી કરી શકે છે અને એકંદર ટ્રાફિક વ્યવસ્થાપનમાં સુધારો કરી શકે છે.

# કુટણખાનામાંથી ઝડપાયેલા ગ્રાહકના જામીન મંજૂર કરતી કોર્ટ

(પ્રતાપ પ્રતિનિધિ) સુરત, તા.૨

સરથાણા યોગીચોક ખાતે આવેલી પેલેડિયમ મોલમાં ચાલતા કુટણખાના ઉપર સરથામા પોલીસે દરોડા પાડી ત્રણ મહિલા અ ને એક ગ્રાહકને ઝડપી પાડવામાં આવ્યા હતા. જ્યારે સંચાલકને પોલીસે વોન્ટેડ જાહેર કર્યો હતો. આ કેસમાં પકડાયેલા ગ્રાહક રામ ગોવિંદ યાદવે કોર્ટમાં જામીન અરજી કરતા કોર્ટે તેના જામીન મંજુર કર્યા હતા.

આ કેસની વિગત અનુસાર સરથાણા પોલીસે બે દિવસ પહેલા સરથાણા યોગીચોક પેલેડિયમ મોલની દુકાન નં.જી-૮૪માં ચાલતા આલીશાન હેર એન્ડ કેર નામની દુકાનમાં ચાલતા સ્પા મસાજ પાર્લરમાં રેડ કરી હતી. આ સ્પામાંથી પોલીસે એક ગ્રાહક રામ ગોવિંદ રામનજક યાદવ ઉ.વ.૨૮ મુળ ઉત્તરપ્રદેશને ઝડપી પાડ્યો હતો. સ્પામાંથી ત્રણ મહિલાઓ પણ મળી આવી હતી જ્યારે સ્પાના સંચાલકને વોન્ટેડ જાહેર કરાયો હતો. આ કેસમાં આરોપી રામ ગોવિંદ યાદવે એડવોકેટ નયન બી.રાજપુત મારફતે કોર્ટમાં જામીન અરજી કરી હતી. નયન રાજપુતે દલીલ કરી હતી કે શરીર સંબંધીત ગુનામાં ૩ વર્ષ સુધીની સજા હોય આરોપી પહેલી વખત આ પ્રકારના ગુનામાં પકડાયો છે. કોર્ટે બંને પક્ષની દલીલો બાદ આરોપીના જામીન મંજુર કર્યા હતા.

# સૂર્ય સાક્ષીએ અધ્યાત્મનું ખેડાણ કરીને મણિપુર ચક્ર એટલે કે રત્નોનાં નગરની સફરે જઈએ

આજે ચૈત્રી નવરાત્રીના ચોથો દિવસે નવદુર્ગાના ચોથા સ્વરૂપ એટલે કે પૃથ્વી નામના ગર્ભમાંથી પ્રાણીમાત્રને જન્મ આપનારી કુષ્માંડા ને નમન કરીએ. મનુષ્ય પણ એક પ્રાણી જ છે, અને તેના મૂળમાં પણ અન્ય પ્રાણીની જેમ કામ જ કેન્દ્ર બિંદુ છે. એટલે તેની પ્રાણશક્તિને કામ શક્તિ માંથી રામ શક્તિ તરફ ઉર્ધ્વગમન કરાવવાની આ આધ્યાત્મિક સફરનું નામ જ કુંડલિની જાગરણ છે. મનુષ્ય તરીકે એને સાત જન્મ મળે છે, પરંતુ અહીં જન્મ લઈ તે રામ શક્તિને જાગૃત કરી રામકામ કે સારા કર્મ કરે તો આ સાતની અવધી લંબાઈ શકે છે, એટલે કે ઈશ્વરને હાથ જન્મ મૃત્યુ હોવા છતાં, મૃત્યુ સમયે તે મુક્તિ ન માંગતા ભક્તિ માંગે છે, અને નરસિંહના પદ મુજબ ભક્તિ તો ભૂતળનો પદાર્થ છે, એટલે એ ફરી અહીં જન્મ લે છે. ગર્ભાવસ્થામાં એને પૂર્વ જન્મના સંસ્કારની સ્મૃતિમાંથી ઉપર ઉઠવાનું હોય છે. પરંતુ આપણે પૂર્વ જન્મ સુધી ન વિચારીએ તો પણ આ જન્મની જ ભૂતકાળની સારી ખરાબ બંને પ્રકારની સ્મૃતિઓ આપણને આગળના ઉજ્જવળ જીવન તરફ જતા ઘણીવાર રોકી રાખે છે, અને જીવ વિષય, વાસના કે કામનાઓથી ઘેરાયેલું રહે છે, એને રામ દેખાતો નથી, અને મનુષ્ય માનવી ન બનતાં એક પ્રાણી તરીકે જ અહીંથી વિદાય લે છે. મનુષ્ય અને માનવી બંને એકબીજાના પર્યાય હોવા છતાં આ બંનેમાં આટલો તફાવત છે, એટલે કે માનવી એને જ કહેવાય જે કામ ભાવમાંથી આગળ વધી રામ નામ અને રામ કામ સુધી પહોંચી શકે, અને એ રીતે પોતાના હૃદયમાં માનવતા અર્જીત કરે. પણ તત્વતઃ રામ એમ અધ્યાત્મિક સફર વગર અંદર હોવા છતાં અનુભવી શકાય નહીં! અધ્યાત્મ એટલે આપણી અંદરનો આત્મા કે પ્રાણ, જે છે ખરો, પણ અદ્રશ્ય છે! એટલે કે તેના હોવાનાં ખૂબ બધાં પ્રમાણ રોજ મળે છે, પણ આજસુધી કોઈએ જોયો નથી! અને એ જ રીતે પરમેશ્વર તત્વ કે જે અધ્યાર છે! એટલે કે સૃષ્ટિ સંચાલન દ્વારા એનાં હોવાનાં પણ પ્રમાણ મળે છે! અધ્યાર એટલે કે કોઈને સાકાર રુપે પ્રતિતિ થઈ છે તો કોઈને નિરાકાર રુપે! માટે આ અદ્રશ્ય અને અધ્યાર તત્વ બંનેને જોડવાથી જ રામ તત્વની અનુભૂતિ થાય! અને આ આખી સફર ને આધ્યાત્મિક સફર કહેવાય કોઈ ને વર્ષો લાગી જાય, તો કોઈને પલભરમાં રામ તત્વની અનુભૂતિ થાય! આજે આપણે આ કુંડલીની જાગરણના સાત ચક્રો માંથી મહત્વનાં ત્રીજા ચક્ર એટલે કે મણીપુર ચક્રની શાસ્ત્રીય રચના જાણી તેને આપણી રીતે જાગૃત કરવાની કોશિશ કરીએ.

આપણી નાભિના પાછળના હિસ્સામાં કરોડરજ્જુ પર સાતેય ચક્રમાં મહત્વનાં એવા મણિપુર ચક્રનું સ્થાન છે. જઠરાગ્નિના સ્થાન પર હોવાથી મણિપુર ચક્ર આપણાં પાચન સાથે સંકળાયેલું ચક્ર છે. અહીંથી ૭૨ હજાર નાડીઓ પસાર થતી હોવાથી નાડી પ્યૉરિફિકેશન માટે પણ આ ચક્ર મહત્ત્વનું છે. એનો શાબ્દિક અર્થ પણ એની મહત્તાને દર્શાવે છે. મણિ એટલે કે રત્નો અને પુર એટલે કે નગર. અહીં ધ્યાન કેન્દ્રિત કરવાથી આલ્હાદક આનંદની પ્રતિતિ થાય છે.મણિપુરા ચક્રને દસ પાંખડીઓ ધરાવતું દર્શાવવામાં આવ્યું છે, જેમાં સંસ્કૃત અક્ષરો દા, ધા, ના , તા , થા, ડા, ના , પા , અને ફા છે . મધ્યમાં બીજનો અવાજ રં કે રામ છે .અગ્નિ તત્વથી બનેલું આ ચક્ર લાલ ત્રિકોણ તરીકે બતાવવામાં આવ્યું છે. બીજ મંત્રનો ઉચ્ચારણ 'રં' એટલે કે રામ છે, આ ચક્રના દેવ રુદ્ર છે.તે લાલ અથવા સફેદ છે, ત્રણ આંખો સાથે, ચાંદીની દાઢી સાથે પ્રાચીન પાસું છે, અને સફેદ રાખથી ઢંકાયેલ છે. આ ચક્ર જાગૃત થાય તો ડર દૂર કરે છે, અને રૂદ્ર દેવ વાઘ ચર્મ અથવા બળદ પર બેઠો છે. રુદ્રની શક્તિ દેવી લાકિની છે, તે કાળો અથવા ઘેરા વાદળી રંગના ત્રણ ચહેરાઓ ધરાવે છે, દરેકમાં ત્રણ આંખો છે; અને ચાર શસ્ત્ર છે. લાકીની પાસે વીજળીનો અવાજ છે, અને લાકીની લાલ કમળ પર બેઠેલી છે.મણિપુરાની દસ પાંખડીઓ ઘેરા-વાદળી અથવા કાળી હોય છે, જેમ કે ભરાયેલા વરસાદી વાદળો જેવા ઘેરા-વાદળી રંગની છે, જોકે આ બધું તંત્ર સાધના માટે જરૂરી છે, આપણે તો જાગરણ માટે આ પાંખડીઓ આધ્યાત્મિક અજ્ઞાન, તરસ , ઈર્ષ્યા , વિશ્વાસઘાત , શરમ , ભય , અણગમો , ભ્રમણા , મૂર્ખતા અને ઉદાસીની વૃત્તિઓ માંથી ઉપર ઉઠવાનો સંકેત કરે છે, એટલું જ્ઞાન પણ પર્યાપ્ત છે. પાંખડીઓ દસ પ્રાણ એટલે કે જે જીવંત પ્રવાહ અને ઉર્જા સ્પંદનનું પ્રતિનિધિત્વ કરે છે, જે મણિપુરા ચક્ર દ્વારા નિયંત્રિત થાય છે. પાંચ પ્રાણ વાયુ છેઃ પ્રાણ, અપાન, ઉડાન, સામન અને વ્યાન. પાંચ ઉપપ્રાણ છેઃ નાગ, કુર્મ, દેવદત્ત, ક્રિકલા અને ધનંજય. મણિપુર ચક્ર સૂર્ય નાડી સાથે સંકળાયેલું છે, અને તેને સક્રિય કરવા સૂર્ય માંથી શક્તિ શોષવાની અને આત્મસાત કરવાની હોય છે, જો તે યથા માત્રામાં સક્રિય થાય તો સૂર્યમાંથી શક્તિ શોષણ કરી તેની જેમ તેજસ્વી અને પ્રભાવશાળી બને છે. આ ઉપરાંત શાસ્ત્રોમાં એને દશચ્છડા, દશદલા પદ્મ, દશપત્ર, દશપતરામ્બુજ, મણિપુરા, મણિપુરાકા, નાભિપદ્મા, નાભિપંકજા નામથી પણ ઓળખવામાં આવે છે, આ થઈ એની શાસ્ત્રીય વાત.

મનુષ્ય જીવનમાં માત્ર તેની શક્તિનો દસમો ભાગ જ વાપરે છે, અને એ રીતે એ માત્ર પ્રાણી બની રહી જાય છે. મેડીકલ સાયન્સ પણ માને છે કે માણસના મગજની પાછળના અને આગળના સેરીબ્રેલનો જ વિકાસ થયેલ છે પોન્સ, થેલેમસ, હાઈપોથેલેમસ, પિનિયલ અને પિટ્યુટરી ગ્રંથિનો વિકાસ નથી થયો, અને તેના કાર્યોની પણ બહુ ઓછી ખબર છે. પણ વિજ્ઞાનનો જ્યાં અંત છે ત્યાંથી જ આધ્યાત્મિક વિજ્ઞાન શરૂ થાય છે, અને એ જ આપણને મનુષ્ય નામના પ્રાણી માંથી માનવી બનાવી શકે. યોગશાસ્ત્ર મુજબ કરોડરજ્જુનાં બીજા અને ત્રીજા મણકા વચ્ચે કંદ નામનું હાડકું ઉંધા ત્રિકોણના રૂપમાં આવેલ છે. હાડકાંની ફરતે કુંડલિની પોતાના મુખથી પોતાની પૂંછડી પકડીને બેઠેલ સાપ જેમ હોય છે. આપણે આપણી અંદર ઈચ્છા નામની એક સર્પિણી પાળીએ છે, અને આપણી ઈચ્છા શક્તિ જ આપણને મનુષ્યમાંથી માનવી બનવા દેતી નથી, એ તરફ આપણું ધ્યાન કેન્દ્રિત થાય તો આ સાત ચક્રો માંથી કુંડલીની જાગરણ થાય કે ના થાય, પણ માનવી પણું થોડું થોડું આવી શકે! એટલે કે વિશેષ કર્મ થાય કે ન થાય, પણ ખોટા કામ કરવાનું બંધ થાય! ખોટા રાગ દ્વેષ, ખોટા વિચારો, અને ઈર્ષા નિંદા જ અજ્ઞાનને વધારે છે, અથવા તો જ્ઞાનને પ્રવેશવા નથી દેતી, એ તરફ આપણું ધ્યાન કેન્દ્રિત કરીએ તો સૂર્ય શક્તિ રૂપી સકારાત્મકતા જીવનમાં આવે, અને આપણું જીવન પણ સોનેરી કે તેજસ્વી બની શકે. આ ઉપરાંત આ ચક્ર જઠર આગળ સ્થાન ધરાવે છે, અને અગ્નિ તત્વ મુખ્ય હોવાથી તેને જઠરાગ્નિ રૂપે જોઈએ, તો આપણો જેટલો જઠરાગ્નિ હોય અને જે સારી રીતે પચાવી શકે, આપણી શરીરની તાસીર અને આપણાં પ્રદેશની આબોહવા મુજબનો પૌષ્ટિક અને સાદો આહાર ગ્રહણ કરવાથી સ્વાદને નામે પોષાતાં વિકારોથી બચી શકાય છે. હવે ઉનાળો શરૂ થતો જાય છે ત્યારે વધું પડતાં ઠંડાં પદાર્થથી જઠરાગ્નિ મંદ પડી જાય, તેમજ પ્રકૃતિ એ ગરમ એવાં તેજ તીખાં પદાર્થ પણ લેવા નહીં ,નહીં તો કાયમ માટે પિત્તની તકલીફ શરૂ થઈ જાય. યોગની શાસ્ત્રીય પદ્ધતિ અનુસાર આપણે મણીપુર ચક્રને સક્રિય કરી સૂર્ય શક્તિને આત્મસાત કરી શકીએ તો એ ઘણું ઉત્તમ છે બાકી આપણી ઈચ્છા શક્તિ કે કામના શક્તિને રામ શક્તિ તરફ વાળી શકીએ એટલે કે સ્વ માંથી સર્વ તરફ જતી દિશામાં જીવનને વાળી શકીએ, તો પણ ઘણું! બાકી ચૈત્રીના ઉગતા સૂર્યપ્રકાશનો વધુને વધુ લાભ લઈને જીવન રત્ન જેમ પ્રકાશિત કરીને સચ્ચિદાનંદ સ્વરૂપે રામને અંતરમાં જન્માવીએ.

**લી ફાલ્ગુની વસાવડા (ભાવનગર)**

### તેલંગાણા

પહેલા પાનાનું ચાલુ

તરત જ, અમારી સરકારે જાતિગત વસ્તી ગણતરી શરૂ કરી. અગાઉ, કોંગ્રેસ સરકારે રાજ્યપાલને OBC અનામત વધારીને ૩૭ ટકા કરવાનો પ્રસ્તાવ મોકલ્યો હતો. આ સરકાર પહેલાનો પ્રસ્તાવ પાછો ખેંચી રહી છે અને હવે ૪૨ ટકા અનામતનો નવો પ્રસ્તાવ મોકલી રહી છે.અમે OBC અનામત ૪૨ ટકા સુધી વધારવા માટે જરૂરી કાનૂની મદદ પણ લઈશું. જ્યાં સુધી પછાત વર્ગો માટે ૪૨ ટકા અનામત ન થાય ત્યાં સુધી અમે શાંત બેસીશું નહી.૧૧૭ બેઠકોવાળી તેલંગાણા વિધાનસભામાં કોંગ્રેસના ૬૪ ધારાસભ્યો છે. તેથી, OBC અનામત બિલ વિધાનસભામાં પસાર થશે પરંતુ તેના અમલીકરણ પછી, તેલંગાણામાં અનામત મર્યાદા ૬૨% સુધી પહોંચી જશે. આ સુપ્રીમ કોર્ટ દ્વારા નક્કી કરાયેલ ૫૦% અનામત મર્યાદાનું ઉલ્લંઘન કરશે.

### યુપીના

પહેલા પાનાનું ચાલુ

હોવાનું માનવામાં આવે છે.તે હાલ નોઈડાની એક ખાનગી કંપનીના સફાઈ કર્મચારી તરીકે કામ કરે છે અને તેણે નોકરી સમયે તેના આધાર-પાન સહિતના દસ્તાવેજો આપ્યા હતા તો બેન્ક ખાતા માટે આપ્યા હતા. હવે આ મુદ્દે પોલીસમાં તેણે ફરિયાદ કરી છે.

### ભારતના કૃષિ

પહેલા પાનાનું ચાલુ

EU એ કહ્યું... અમે અમેરિકા પર વળતો ટેરિફ લાદીશુંઃ યુરોપિયન યુનિયન (EU) ના પ્રમુખ ઉર્સુલા લેહને મંગળવારે કહ્યું કે, અમે ટ્રમ્પના રેસિપ્રોકલ કર પર વળતો ટેરિફ લાદીશું. ઈયુમાં કેટલાક યુએસ ઉત્પાદનોનો મફત પ્રવેશ પણ બંધ કરવામાં આવશે.

વાસ્તવમાં, ટેરિફ એક પ્રકારની બોર્ડર ફી અથવા ટેક્સ છે, જે કોઈપણ દેશ વિદેશથી આવતા માલ પર લાદે છે. આ કર આયાત કરતી કંપની પર લાદવામાં આવે છે. આમાં વધારો કે ઘટાડો કરીને દેશો એકબીજા સાથેના વેપારને નિયંત્રિત કરે છે.ટ્રમ્પે કહ્યું હતું- ૨ એપ્રિલથી ભારત પર ૧૦૦% ટેરિફ લાદશે અમેરિકી સંસદના સંયુક્ત સત્રમાં ટ્રમ્પે કહ્યું હતું કે - ભારત અમારી પાસેથી ૧૦૦%થી વધુ ટેરિફ વસૂલ કરે છે, અમે પણ આવતા મહિનાથી આવું જ કરવા જઈ રહ્યા છીએ. તેમણે જાહેરાત કરી કે તેમના વહીવટ હેઠળ, જો કોઈ કંપની અમેરિકામાં પોતાનું ઉત્પાદન નહી કરે, તો તેણે ટેરિફ ચૂકવવા પડશે. કેટલાક કિસ્સાઓમાં, આ ટેરિફ ખૂબ મોટો હશે.તેમણે કહ્યું કે અન્ય દેશો અમેરિકા પર ભારે કર અને ટેરિફ લાદે છે, જ્યારે અમેરિકા તેમના પર ખૂબ જ ઓછા કરવેરા લાદે છે. આ ખૂબ જ અન્યાયી છે. બીજા દેશો દાયકાઓથી આપણા પર ટેરિફ લાદી રહ્યા છે, હવે આપણો વારો છે.ટ્રમ્પે કહ્યું કે ૨ એપ્રિલથી અમેરિકામાં 'પારસ્પરિક ટેરિફ' લાગુ કરવામાં આવશે. તેનો અર્થ એ કે તેઓ આપણા પર જે પણ ટેરિફ લાદે છે, અમે પણ તેમના પર તેટલો જ ટેરિફ લાદીશું. તેઓ આપણા પર ગમે તેટલો કર લાદે, અમે પણ તેમના પર એટલો જ કર લાદીશું. ટ્રમ્પ હસ્યા અને કહ્યું કે હું તેને ૧ એપ્રિલે લાગુ કરવા માંગતો હતો, પરંતુ ત્યારે લોકોને એવું લાગ્યું હોત કે તે 'એપ્રિલ ફૂલ' છે.

ટ્રમ્પે કહ્યું હતું કે ભારત અમારી પાસેથી ખૂબ ઊંચા ટેરિફ વસૂલ કરે છે ૭ માર્ચે ટેરિફની જાહેરાત બાદ ટ્રમ્પે કહ્યું હતું કે ભારત અમારી પાસેથી ખૂબ ઊંચા ટેરિફ વસૂલ કરે છે. તમે ભારતમાં કંઈપણ વેચી શકતા નથી. જોકે, ભારત હવે તેના ટેરિફમાં નોંધપાત્ર ઘટાડો કરવા માંગે છે કારણ કે અમે તેમની પોલ ખોલી રહ્યા છીએ.તેમણે કહ્યું- બધાએ આપણા દેશને લૂંટ્યો છે, પરંતુ હવે તે બંધ થઈ ગયું છે. મેં મારી પ્રથમ ટર્મ દરમિયાન તેને બંધ કરાવી દીધું હતું. હવે આપણે આને સંપૂર્ણપણે બંધ કરીશું, કારણ કે આ ખૂબ જ ખોટું છે. અમેરિકાને આર્થિક, નાણાકીય અને વેપારી દ્રષ્ટિકોણથી વિશ્વના લગભગ દરેક દેશે લૂંટ્યું છે.

### ઓડીશામાં

પહેલા પાનાનું ચાલુ

આગામી બે દિવસ માટે હવામાન આગાહી...૩ એપ્રિલ - ઓડિશા, મહારાષ્ટ્ર, તમિલનાડુ, પુડુચેરી, કેરળ, કર્ણાટક અને આંધ્રપ્રદેશમાં વરસાદ, આંધી અને વાવાઝોડાની સ્થિતિ ચાલુ રહેશે. મધ્યપ્રદેશ, છત્તીસગઢ, કર્ણાટક, તેલંગાણા, ઝારખંડમાં કરા પડી શકે છે.૪ એપ્રિલ — આંધ્રપ્રદેશ, તમિલનાડુ, પુડુચેરીમાં ભારે વરસાદ પડી શકે છે. તેલંગાણા, કર્ણાટક, ઝારખંડ અને ઓડિશામાં કરા પડી શકે છે.

### દુનિયામાં ફરવા

પહેલા પાનાનું ચાલુ

યાદીમાં ત્રીજા નંબરે છે. તે ગત વર્ષે ચોથા નંબરે હતું.જાપાનની રાજધાની સામાન્ય રીતે સસ્તી નથી માનવામા આવતી. પરંતુ દૈનિક ખર્ચ ૮૧.૭૧ ડોલર છે, જે લંડન કે પેરિસમાં ખર્ચ કરાતી રકમથી ઓછો છે. આ યાદીમાં બાલી ચોથા ક્રમે પહોંચી ગયું છે.સમુદ્ર તટના કિનારે વસેલું શહેર કુટામાં સરેરાશ દૈનિક ખર્ચ લગભગ ૮૯.૨૮ ડોલર છે. કિંમતો ગત વર્ષ લગભગ પાંચ ટકા વધુ છે પણ બાલી હજુ પણ બહેતરીન જગ્યા છે.

### બજારમાંથી

પહેલા પાનાનું ચાલુ

સાબીત થાય છે. અત્યાર સુધીમાં બાવન કંપનીઓએ આઈપીઓની મંજુરી મળી ગઈ છે. અને ૬૫ કંપનીઓએ તે માટેના ડ્રાફટ પ્રોસ્પેકટસ રજુ કરી દીધા છે.

શેરબજારની મંદીને કારણે ભારતીય આઈપીઓ માર્કેટ ફેબ્રુઆરી મહિનાથી ઠપ્પ હતી પરીણામે અનેક કંપનીઓએ આઈપીઓનાં પ્લાન સ્થગીત કરીને પણ ઠેલ્યા હતા. ૨૦૨૫ ના ચાલૂ કેલેન્ડર વર્ષમાં હજુ સુધી માત્ર ૯ આઈપીઓ આવ્યા હતા તેમાં કંપનીઓએ ૧૫૭૨૩ કરોડ ઉઘરાવ્યા હતા. ૨૦૨૪ ના ૫૭ કંપનીઓએ ૧.૬ લાખ કરોડ એકત્રીત કર્યા હતા.

કંપનીઓએ સપ્ટેમ્બરનાં ત્રિમાસીક પરિણામોના આધારે એકત્રીત કર્યા હતા. કંપનીઓએ સપ્ટેમ્બરનાં ત્રિમાસીક પરિણામોનાં આધારે આઈપીઓ માટે ૩૧ માર્ચ સુધીની ડેડલાઈન હોય છે. સેકન્ડરી માર્કેટમાં ફરી તેજી આવવાના આશાવાદથી કંપનીઓ આઈપીઓમાં આગળ વધવા માંગે છે. છેલ્લા દિવસોમાં સેબીમાં ડ્રાફટ પ્રોસ્પેકટસ ફાઈલ કરનારી કંપનીઓમાં એડવાન્સ એગ્રોલાઈફ આનંદ રાઠી, શેર એન્ડ સ્ટોક બ્રોકર્સ, આરડી એન્જીનીયરીંગ ઈએસડીએસ સોફટવેર, ગુજરાત કિડની એન્ડ સુપર સ્પેશ્યાલીસ્ટી જૈન રિસોર્સ, રિસાયકલીંગ, ઓમ ક્રેઈટ, પેસ ડીજીટેક પાર્ક મેડીવર્લ્ડ, પ્રોઝીલ, ગ્રીન એનર્જી એસઆઈએસ કેશ સર્વીસ સ્વસ્તિક ઈન્ફ્રા તથા ટી પોસ્ટનો સમાવેશ થાય છે.

### બિહારનો ચૂંટણી

પહેલા પાનાનું ચાલુ

બુથ સ્તરેથી જ ભાજપ અને તેના સાથી જનતાદળ (યુ)ના મત વધે અને અન્ય સાથી પક્ષ લોકજનતાંત્રીક પાર્ટીને પણ આ કામગીરીમાં સામેલ થવા જણાવ્યું છે. શ્રી શાહે ફકત જનતાદળ (યુ)ના સંગઠન પર આધાર નહી રાખવા પક્ષના નેતાઓને સ્પષ્ટ સૂચના આપી દીધી છે અને શ્રી શાહે દાવો કર્યો કે જો આપણે માઈક્રો મેનેજમેન્ટ કરશું તો ૨૪૩માંથી ૨૨૫ બેઠકો સુધી આપણે વિજય વાવટો ફરકાવી શકીએ તેમ છીએ. ટોચના સૂત્રોના જણાવ્યા મુજબ આ તમામ પ્લાનીંગ પર મોનેટરીંગની કામગીરી કેન્દ્રીય મંત્રી અને ગુજરાત સહિતના રાજયમાં પ્રભારી રહી ચુકેલા શ્રી ભુપેન્દ્ર યાદવને હવે બિહારની જવાબદારી સોંપી છે.શ્રી યાદવ અગાઉ ૨૦૧૫ થી ૨૦૨૧ સુધી બિહારના પ્રભારી રહી ચૂકયા છે અને તેથી તેઓ માટે આ કામગીરી વધુ સરળ હશે. આ ઉપરાંત ભાજપે હાલ તો નિતીશકુમારના નેતૃત્વ હેઠળ અને એકંદરે વડાપ્રધાન મોદીના ચહેરા પર ચુંટણી લડવાનો નિર્ણય લીધો છે પણ સાથોસાથ જનતાદળ (યુ) કયાં નબળુ છે અને લાલુપ્રસાદ યાદવનો રાષ્ટ્રીય જનતાદળ (આરજેડી) કયાં મજબૂત છે તે પણ બ્લુપ્રિન્ટ તૈયાર કરવા જણાવ્યું છે.ખાસ કરીને બિહારમાં યાદવ મતદારોની સંખ્યા મોટી છે અને લાલુપ્રસાદ યાદવનો તેમના પર મોટો અંકુશ છે પણ ભાજપે હવે યાદવ વોટબેન્કમાં ગાબડા પાડવાની રણનીતિ બનાવી છે. વકફ સહિતના કાનૂન છતાં ફકત ધર્મના આધારે મતની વહેંચણી ન થાય તે જોવા માટે પણ રણનીતિ ઘડી કાઢી છે. ભાજપે દિલ્હીની માફક જ ભ્રષ્ટાચારને મોટો મુદો બનાવવાની તૈયારી કરી છે.લાલુપ્રસાદ યાદવ તથા તેના કુટુંબીજનોના જે ભ્રષ્ટાચાર છે તેને પણ ખુલ્લો કરાશે. ખાસ કરીને ચારા ઘોટાડામાં બિહાર સરકારે હવે લાલુપ્રસાદ યાદવના કુટુંબ પાસેથી વસુલાતનો તખ્તો પણ તૈયાર કર્યો છે જેથી કરીને લોકોને એક એવો સંદેશ જશે કે યાદવ કુટુંબ માટે મત આપવા એ ભ્રષ્ટાચારીને મત આપવા જેવું ગણાય છે.

### લોકસભામાં

પહેલા પાનાનું ચાલુ

આ દેશમાં હાલનો કોઈપણ કાયદો હોય, તે (વકફ) તેનાથી ઉપર રહેશે. આ દેશમાં આવો કાયદો કેવી રીતે મંજૂર થઈ શકે?

૨૦૧૩માં પસાર થયેલા બિલથી મને આશ્ચર્ય થયું. ૧૯૭૦થી દિલ્હીમાં એક કેસ ચાલી રહ્યો હતો. વક્ફે દિલ્હીમાં ઘણી મિલકતોનો દાવો કર્યો હતો. તેમાં સંસદ ભવન પણ હતું. યુપીએ સરકારે ૧૨૩ મિલકતો વકફને આપી હતી. જો આજે આ સુધારો ન લાવવામાં આવ્યો હોત તો સંસદ ભવન પર પણ દાવો કરવામાં આવ્યો હોત. જો યુપીએ સરકાર ચાલુ રહી હોત, તો કઈ મિલકતોનો દાવો કરવામાં આવ્યો હોત? બધાને નોટિફાય કરવામાં આવ્યા હોત.

કેન્દ્રીય મંત્રી કિરેન રિજિજુએ જણાવ્યું હતું કે સ્વતંત્રતા પછી, ૧૯૫૪ માં પ્રથમ વખત વકફ કાયદો બનાવવામાં આવ્યો હતો. તે સમયે, રાજ્ય વકફ બોર્ડ માટે પણ જોગવાઈ કરવામાં આવી હતી. ત્યારથી અનેક સુધારાઓ પછી, ૧૯૯૫ માં વકફ કાયદો લાગુ કરવામાં આવ્યો. તે સમયે, કોઈએ કહ્યું ન હતું કે આ ગેરબંધારણીય છે. આજે જ્યારે આપણે એ જ બિલમાં સુધારો કરીને લાવી રહ્યા છીએ, ત્યારે તમે કહી રહ્યા છો કે તે ગેરબંધારણીય છે. તમે બધું બાજુ પર મૂકીને અને એવી વાતનો ઉલ્લેખ કરીને લોકોને ગેરમાર્ગે દોરી રહ્યા છો જે સંબંધિત નથી.

જો કોઈ વક્ફના નિર્ણયને સ્વીકારતું નથી તો તે ટ્રિબ્યુનલમાં જઈ શકે છે. ૫ લાખ રૂપિયાથી વધુ કિંમતની મિલકતો માટે એક અધિકારીની નિમણૂક કરવામાં આવશે.

### ખેતરો ખાડીઓમાં

પેજ-૨ પાનાનું ચાલુ

હાલમાં બે ડ્રોન કામે લગાવવામાં આવ્યા છે. આગામી ચોમાસાની ઋતુમાં સર્વેલન્સ ડ્રોન દ્વારા ઈન્ડસ્ટ્રીયલ કોમર્શિયલ અને રહેણાંક વિસ્તારમાં સર્વેલન્સની કામગીરી કરી મચ્છરોનાં ઉત્પતિ સ્થાનો શોધી ઉપરોક્ત પદ્ધતિ મુજબ જ તેનો નાશ કરવામાં આવશે. ડ્રોન દ્વારા સર્વેલન્સ દરમિયાન જે લોકોનાં ઘરની છત પર ખુલ્લી ટાંકીઓ નકામો કાટમાળ કે જેમાં વરસાદનું પાણી ઘેરાઈ રહી મચ્છરોની ઉત્પત્તિ થવાની સંભાવના છે તેવા સ્થળો શોધી તેની ઈમેજ કલાઉડ બેજ પ્લેટફોર્મ પર ગ્રાઉન્ડ ટીમને મોકલશે અને ગ્રાઉન્ડ ટીમ દ્વારા તેના નિકાલની કાર્યવાહી કરવામાં આવશે. જે સ્થળે મેન્યુઅલી જંતુનાશક દવા છંટકાવ શક્ય નહી હોય ત્યાં ડ્રોન દ્વારા દવા છંટકાવની કામગીરી કરવામાં આવશે વધુમાં જે ઈસમો દ્વારા વારંવાર આ પ્રકારની બેદરકારી દાખવવામાં આવશે તો ડ્રોનની ઈમેજ અને લોકેશનના આધારે આવી જગ્યા આઈડેન્ટીફાઈ કરી તેવા ઈસમોની સામે ધી જી.પી.એમ.સી એકટની જોગવાઈઓ મુજબ શિક્ષાત્મક કાર્યવાહી પણ કરવામાં આવશે.

આજનાં ડેમો કાર્યક્રમમાં મેયરશ્રી દક્ષેશભાઈ માવાણી૪ આરોગ્ય સમિતિ ચેરમેન શ્રીમતિ નેન્સીબેન શાહ ડ્રેનેજ કમિટિ ચેરમેન શ્રી કેયુરભાઈ ચપટવાલા કોર્પોરેટરશ્રી અજીતભાઈ પટેલ૪ કોર્પોરેટર શ્રીમતિ ગોરીબેન સાપરીયા૪ ડેપ્યુટી કમિશ્નરશ્રી(હે.એન્ડ હો.) શ્રી ડો.આશિષભાઈ નાયક૪ ડેપ્યુટી કમિશ્નરશ્રી ધર્મેશ મિસ્ત્રી તેમજ આરોગ્ય વિભાગનાં વિવિધ અધિકારીશ્રી૪ કર્મચારીશ્રીઓ હાજર રહેલા.

### જાપાનમાં ભારતીય

પેજ-૨ પાનાનું ચાલુ

સાધવામાં આવી હતી. વધુમાં શ્રી જનક પચ્ચીગરે સુરત સહિત દક્ષિણ ગુજરાતના વિવિધ ઉદ્યોગોની મુલાકાત માટે તેમજ ઈન્ટરેકટીવ બીટુબી મિટીંગ માટે જાપાનના ઉદ્યોગકારોના પ્રતિનિધિ મંડળને સુરત ખાતે પધારવા માટે ચેમ્બર વતિ શ્રી કમલેશ પ્રસાદને આમંત્રણ આપ્યું હતું. જયારે ભારતીય દુતાવાસના વાઈસ કાઉન્સીલ જનરલ શ્રી કમલેશ પ્રસાદે પણ SGCCIના નેજા હેઠળ દક્ષિણ ગુજરાતના ઉદ્યોગકારોના પ્રતિનિધિ મંડળને જાપાન ખાતે એકઝીબીશનો તથા ઉદ્યોગોની મુલાકાત માટે આમંત્રણ આપ્યું હતું.

છેલ્લા પાનાનું ચાલુ

### સુરત શહેરની

હતો જેને લઈને રાજયના તમામ શહેર અને જિલ્લાઓમાં પોલીસને નિર્દેશ મળ્યા બાદ અધિકારીઓને ચેકિંગનો આદેશ આપ્યો હતો અને આદેશ બાદ સુરત શહેરના પોલીસ કમિશનર અનુપમસિંહ ગેહલોત આ ઘટનાને ગંભીરતાથી લઈને સુરત શહેરમાં તમામ કાયમી લાઈસન્સ ધરાવતા અને હંગામી ધરાવતા લાયસન્સ પર દુકાન તેમજ ગોડાઉન ફટકડા ના ધારા ધોરણ મુજબ છે કે નથી તેમજ સુરક્ષાને લઈ તમામ પાસાઓની ઉપર ચેકિંગ કરવાનો ગ્રુપમાં સર્ક્યુલર બહાર પાડ્યું હતું જેના આધારે સુરત શહેરના તમામ પોલીસ ઈન્સપેક્ટર પોતાના વિસ્તારમાં આવેલા ફટાકડાની કાયમી અને હંગામી દુકાન અને ગોડાઉનની તપાસ હાથ ધરવામાં આવી હતી પોલીસે સમગ્ર દુકાનમાં તપાસ કરવામાં આવી હતી જેમાં ફટાકડાના જથ્થા પ્રમાણે મુજબ ફટાકડાના જથ્થો વધારે હોય તેના પર કાયદેસરની કાર્યવાહી કરવાનો નિર્દેશ આપવામાં આવ્યો હતો અને ફટાકડાના લઈને સેફ્ટી સૌથી મહત્વનું ચેકિંગ નો ભાગ રાખવામાં આવ્યો હતો .

આ સંદર્ભે પોલીસ દ્વારા ફાયર આરોગ્ય ટ્રાફિક તેમજ ઈલેક્ટ્રીક લાયસન્સ ને વેરિફિકેશન કરવામાં આવ્યું હતું અને સાથે સાથે ફાયર સેફ્ટી ધ્યાન આપવામાં આવ્યું હતું આ સંદર્ભે સ્પેશિયલ નાયબ પોલીસ કમિશનર હેતલ પટેલ દ્વારા જણાવવામાં આવ્યું હતું કે સુરત શહેરમાં કાયમી ફટાકડાના લાયસન્સ ૧૫ થી ૨૦ થી વધુ ધરાવે છે દર વર્ષે હંગામી લાયસન્સ ફટાકડામાં ૪૦ થી ૫૦ વધારે લોકોને આપવામાં આવે છે તે લોકોના દુકાન અને ઘરોમાં પણ ફટાકડા નું ચેકિંગ હાથ ધરવામાં આવ્યું હતું જેમાં ખાસ કરીને ફટાકડા નો સ્ટોક જેમ સરકારી ધારા ધોરણ મુજબ આપવામાં આવ્યો છે એ મુજબ રાખવાનો હોય છે અને વધારે પ્રમાણમાં હશે તેના વિરુદ્ધમાં કાયદેસરની પોલીસ કાર્યવાહી કરવાનો આદેશ આપવામાં આવ્યો છે

Pratap Darpan, Daily, Editor : Pravinbhai Ratnabhai Gohil. OWNER:-IMAGE PUBLICATION Printer and Publisher Rajesh Balubhai Patel "Printed at IMAGE PRINTERS, 20, 21 Bhidbhanjan Society, Bamroli Rord, Udhna, Surat-394210 . Published From: Pratap Darpan Karayalay, S-6, K.S.B Olympia, Near Kailash Chowkdi , Pandesara, Surat - 394221 , Gujarat-India : Founder Late Mrs. Kantaben Babubhai Rayka

સાંધ્ય દૈનિક

# પ્રતાપ દર્પણ

બુધવાર, તા.૦૨ એપ્રિલ ૨૦૨૫ | E-mail : pratap_darpan@yahoo.co.in | મોબાઈલ : ૯૮૨૫૫ ૩૨૫૦૫

### ડીસામાં ફટાકડાની ફેક્ટરીમાં ભયાનક દુર્ઘટનાને પગલે

## સુરત શહેરની ફટાકડાની દુકાનો અને ગોડાઉનોમાં પોલીસ દ્વારા તપાસ શરૂ

### ફટાકડાનું હંગામી તથા કાયમી લાયસન્સ ધરાવતા વેપારીઓને ત્યાં ફાયર સેફ્ટી અને લાયસન્સ રિન્યુ અંગે તાબડતોબ તપાસ કરતી પોલીસ



ડીસામાં ગેરકાયદે ફટાકડાનું ઉત્પાદન કરતી ફેક્ટરીમાં આગની ભયાનક દુર્ઘટનામાં ૨૦ જેટલા શ્રમિકોના મોત થતા આગની દુર્ઘટના અંગે સતર્ક બની ગયેલી સુરત શહેર પોલીસ દ્વારા શહેરભરમાં ફટાકડાનું હંગામી તથા કાયમી વેચાણનું લાયસન્સ ધરાવતી દુકાનો તથા ગોડાઉનોમાં ફાયર સેફ્ટી અંગે તપાસ શરૂ કરવામાં આવી હતી. (તસવીર : હનીફ મલેક)

**સુરત,તા.૦૨**

સુરત શહેરમાં કાયમી અને હંગામી લાયસન્સ ધારકો ના દુકાન અને ગોડાઉન તેમજ ઘરમાં ચેકિંગ કરાયું : અનુપમસિંહ ગેહલોત

ગુજરાતના બનાસકાંઠા ડીસામાં ઢૂંવા રોડ પર આવેલી એક ફટાકડાની ફેક્ટરીમાં અચાનક આગ લાગી હતી અને સાથે વિસ્ફોટ થતાં ૨૧ જેટલા નિર્દોષ લોકોનો ભોગ લેવાયો હતો આ ઘટનાના બાદ ગુજરાત ગૃહ મંત્રાલય દ્વારા રાજ્યના તમામ શહેર અને જિલ્લાઓમાં ફટાકડાના ગોડાઉનની સુરક્ષા લઈને ચેકિંગ હાથ ધરવામાં આવ્યો હતો જેને લઈને સુરત પોલીસ કમિશનર અનપમસિંહ ગેહલોત દ્વારા સુરત શહેરના અલગ અલગ કાયમી લાયસન્સ ધારક ના ગોડાઉન અને દુકાન તેમજ હંગામી દુકાન ચલાવતા દુકાનમાં ચેકિંગ હાથ ધરાવતા ફટાકડા ના વિક્રેતાઓમાં ફડફડાટ વ્યાપી ગયો હતો જેમાં લાઈસન્સ સાથે ફાયર સેફ્ટી આરોગ્ય ટ્રાફિક અને ઈલેક્ટ્રીક ના લાયસન્સ અપડેટ પર વિશેષ ધ્યાન રાખવામાં આવ્યો હતું સુરત શહેરમાં પોલીસે ૧૫ થી ૨૦ જેટલા ફટાકડા લાયસન્સ ચેકિંગ હાથ ધરવામાં આવ્યું હતું

ગુજરાતમાં બનાસકાંઠામાં આવેલા ડીસા પાસે ઢુંવા રોડ પર એક ફટાકડા ની ગેરકાયદેસર ફેક્ટરીમાં અચાનક બપોરે આગ લાગવાની સાથે વિસ્ફોટ થયો હતો જેમાં અગ્નિકાંડમાં ૨૧ જેટલા નિર્દોષનો ભોગ લેવાયો હતો આ ઘટનાને જાણકારી બાદ સફળ જાગેલું સરકારી તંત્રોએ તાત્કાલિક ગૃહ મંત્રાલયને ફટાકડાના વિક્રતાઓ અને ગેરકાયદેસર ફેક્ટરીઓની તપાસ હાથ ધરવાનો નિર્દેશ આપ્યો

અનુસંધાન પાના ૭ પર

## આગામી રામ નવમીની ઉજવણી માટે સુરત શહેર પોલીસ સતર્ક

### રેલી રૂટ, સંવેદનશીલ સ્થળો પર ખાસ વોચ

**(પ્રતાપ પ્રતિનિધિ), સુરત,તા.૦૨**

ભગવાન મર્યાદા પુરષોત્તમ શ્રી રામના જન્મની ભવ્યાતિભવ્ય ઉજવણી કરવામાં આવે છે

ભગવાન મર્યાદા પુરષોત્તમ શ્રી રામના જન્મની સુરત શહેર અને દેશભરમાં ભવ્ય ઉજવણી કરવામાં આવે છે. સવારથી જ મંદિરોમાં ભક્તોનું ઘોડાપુર ઉમટી પડતું હોય છે. આ ઉપરાંત મંદિરોમાં રામ નવમી નિમિતે શોભાયાત્રા, રામધુન, ભંડાર તેમજ શહેરમાં રેલી શોભાયાત્રા સહિતનું વિશ્વ હિન્દુ પરિષદ અને હિન્દુ સંગઠનો દ્વારા અલગ અલગ આયોજન આવ્યું છે. રામ નવમી નિમિતે મંદિરોને પણ શણગારમાં આવી રહ્યાં છે સુરતમાં રામ નવમીની ઊજવણી દરમિયાન શહેરમાં કોમી છમકલું ન થાય તે માટે પોલીસે તૈયારી આરંભી છે. કોઈ અઈચ્છનીય ઘટના ન બને અને કાયદો અને વ્યવસ્થા જાળવવા માટે સુરત પોલીસ દ્વારા શહેરમાં ડ્રોન પેટ્રોલિંગ હાથ ધરવામાં આવ્યું છે. ડ્રોન પેટ્રોલિંગથી ભીડભાડવાળા વિસ્તારો અને સંવેદનશીલ સ્થળોએ સુરક્ષાને વધુ મજબૂત બનાવવાનો પ્રયાસ કરવામાં આવી રહ્યો છે.

આ પાવન તહેવારને ધ્યાનમાં રાખીને પોલીસ સંપૂર્ણપણે એલર્ટ મોડ પર આવી ગઈ છે.ખાસ કરીને શહેરમાં રામ નવમીના દિવસે વિવિધ સંગઠનો દ્વારા રેલીનું આયોજન કરવામાં આવે છે. આ રેલીના રૂટ પર કડક સુરક્ષા માટે પોલીસ દ્વારા ડ્રોન સર્વેલન્સ અને ગ્રાઉન્ડ પેટ્રોલિંગ હાથ ધરવામાં આવ્યું છે. લોકો તહેવાર શાંતિપૂર્વક ઉજવી શકે એ માટે જો કોઈ શખસ ગેરકાયદેસર હરકત કરવાનો પ્રયાસ કરશે તો તેના વિરુદ્ધ કડક કાર્યવાહી પોલીસ દ્વારા કરવામાં આવશે

## ઉધનાના ગેરકાયદે બાંધકામમાં અવધેશ તિવારીએ ૫૦ હજાર પડાવ્યા

### આરટીઆઈનો દુરૂપયોગ કરનાર વધુ એક તોડબાજ સામે ફરિયાદ

**(પ્રતાપ પ્રતિનિધિ), સુરત,તા.૦૨**

ઉધના રોડ નં.૬ ઉપર એક ધંધેદારીનું બાંધકામ ગેરકાયદેસર હોવા સંબંધની અરજી ઉધના ઝોનમાં કરી રૂ.૫૦ હજાર પડાવી લેનાર અવધેશકુમાર તિવારી નામના આરટીઆઇ એક્ટીવીસ્ટ વિરૂધ્ધ ઉધના પોલીસ સ્ટેશનમાં ગુનો નોંધાયો છે.

ઉધના પોલીસ મથકેથી મળતી વિગત અનુસાર મુળ ઉત્તર પ્રદેશના સુલતાનપુરના વતની અને હાલ નવાગામ પોલીસ ચોકીની ગલીમાં હરીહરનગર સોસાયટીમાં રહેતા જ્ઞાન પ્રકાશ શ્રીવાસ્તવ ઉ.વ.૬૦ને ગઈ તા.૭ ઓક્ટોબર ૨૦૨૩ના રોજ અવધેશકુમાર તિવારી નામના આરટીઆઇ એક્ટીવીસ્ટે ઉધના રોડ નં.૬ ખાતેનું બાંધકામ ગેરકાયદેસર હોવાનું જણાવ્યું હતું. ત્યારબાદ ઉધના ઝોનમાં અરજી કરીને જો રૂપીયા નહીં આપે તો માણસો દ્વારા માર મરાવી હાથ ટાંટીયા તોડાવની નંખાવાની ધમકી આપી ડરાવીને રૂ.૫૦ હજાર પડાવી લીધા હતા. તાજેતરમાં જ આરટીઆઇના નામે તોડ કરનારાઓ સામે ગુના નોંધાઇ રહ્યા હોય આ મામલે ઉધના પોલીસ સ્ટેશનમાં તોડ કરનાર અવધેશકુમાર તિવારી વિરૂધ્ધ ગુનો નોંધાવવામાં આવ્યો હતો.

## એસડીસીએ ચૂંટણી:૫૨૨૩ સભ્યો જ મતાધિકારનો ઉપયોગ કરી શકશે

### બે પેનલ અને એક અપક્ષ વચ્ચે ત્રિપાખીઓ ચૂંટણી જંગ જામશે

**(પ્રતાપ પ્રતિનિધિ), સુરત,તા.૦૨**

સુરત ડિસ્ટ્રિક્ટ ક્રિકેટ એસોસિએશનની ૧૩ મી એપ્રિલના રોજ યોજાનારી ચૂંટણીમાં ૩૧મી માર્ચ સુધીમાં નિભાવ ખર્ચ એટલે કે મેન્ટેનન્સ ફી ભરવાની હતી અંદાજે ૫૪૦૦ સભ્ય સામે ૫૨૨૩ સભ્યોએ જ ૩૧મી માર્ચ સુધીમાં ફી ભરી દીધી છે એટલે હવે ચૂંટણીમાં ૫૨૨૩સભ્યો જ બધાધિકાર નો ઉપયોગ કરી શકશે એવું એસડી સી એ સૂત્રોએ જણાવ્યું હતું.

અત્રે ઉલ્લેખનીય છે કે, એસડીસીએ ની ચૂંટણીમાં સ્ટેડિયમ પેનલ, હેમંત કોન્ટ્રાક્ટર ની પેનલ અને અપક્ષ ઉમેદવાર જયેશ પટેલ ઉર્ફે જયેશ મગદલ્લા ચૂંટણી લડવાના છે ત્યારે ત્રણેય વચ્ચે ત્રિપાખીયો જંગ જામશે ઉમેદવાર જયેશ પટેલ દ્વારા રજુ કરવામાં આવેલી વાંધા અરજીઓ ચૂંટણી કમિશનર અને એડવોકેટ આર. જી.શાહે ફગાવી દેતા હવે જયેશ મગદલ્લા એ હાઈકોર્ટમાં ચેલેન્જ કરવાની પણ તૈયારીઓ શરૂ કરી દીધી છે.

## સ્કૂલ બેગમાં છુપાવાયેલો ૨૯.૨૯ લાખનો હાઈ બ્રીડ ગાંજો ઝડપાયો

### નિયોલ ચેકપોસ્ટ પાસેથી સારોલી પોલીસે કેનીલ પટેલને ઝડપી પાડ્યો

**(પ્રતાપ પ્રતિનિધિ), સુરત,તા.૦૨**

સારોલી પોલીસે નિયોલ ચેકપોસ્ટથી સાબરગામ ચાર રસ્તા જતા રોડ ઉપરથી જહાંગીરપુરાના એક યુવકને સ્કુલ બેગમાં સંતાડેલા ૯૯૮ ગ્રામ હાઈબ્રીડ ગાંજાના જથ્થા સાથે ઝડપી પાડવામાં આવ્યો હતો. રૂ.૨૯.૨૯ લાખની સારોલી પોલીસે મત્તા કબ્જે કરી કેનીલ પટેલ નામના આરોપીની પુછપરછ હાથ ધરી હતી.

સારોલી પોલીસ ઈન્સ્પેક્ટર સંદીપ વેકરીયાના માર્ગદર્શન હેઠળ સર્વેલન્સ સ્ટાફના પાીઅેસાઆાઈ એચ.એલ.દેસાઈની ટીમના પોલીસ કોન્સ્ટેબલ વિલેશ જશવંતભાઈ નિયોલ ચેક પોસ્ટ પાસે હાજર હતા તે સમયે બાતમીને આધારે નિયોલ ચેકપોસ્ટથી પુર્વે સાબરગામ ચાર રસ્તા પાસે અંબાબા કોલેજના ગેટ નજીકથી સર્વિસ રોડ પાસેથી આરોપી કેનીલ સુભાષ પટેલ ઉ.વ.૨૩ (રહે. કૈલાશધામ સોસાયટી, ઈસ્કોન સર્કલ પાસે, જહાંગીરપુરા, તથા ધનલક્ષ્મી રો-હાઉસ, કોઝવે રોડ તાડવાડી, મુળ સિંગણપોર ગામ, નિશાળ ફળીયું)ને રૂ.૨૯.૯૪ લાખના ૯૯૮ ગ્રામ હાઈબ્રીડ ગાંજાના જથ્થા સાથે ઝડપી પાડ્યો હતો.

ગાંજાનો જથ્થો મંગાવનાર અક્ષય ઉર્ફે આઝાદ હીતેષ સોનીને અને મુંબઈથી ગાંજો મોકલાવનાર એક અજાણ્યાને પોલીસે વોન્ટેડ જાહેર કર્યા છે. વધુમાં જાણવા મળ્યું છે કે, પોલીસને ખબર ન પડે તે માટે આરોપી સ્કુલ બેગમાં હાઈબ્રીજ ગાંજાનો જથ્થો સંતાડીને લાવ્યો હતો. અન્ય કોઈને વેચાણ કરે તે પહેલા જ તેને પોલીસે ઝડપી પાડ્યો હતો.

## દક્ષિણ ગુજરાતમાં માવઠાની વકી ખેડૂતોને તકેદારી રાખવા સૂચના

### પાકમાં ખાતર તથા જંતુનાશકોનો ઉપયોગ હાલ કરવા નહીં

**સુરત, તા.૨**

હવામાન વિભાગ દ્વારા તા.૧ થી તા.૩ એપ્રિલ દરમિયાન ગુજરાતના અમુક જિલ્લાઓ સહિત દક્ષિણ ગુજરાતના વલસાડ, નવસારી, નર્મદા, તાપી, ડાંગ, સુરત જિલ્લાઓમાં છુટાછવાયા સ્થળોએ હળવા વરસાદની આગાહી કરવામાં આવી છે. આવા સમયે વાદળ છાયું વાતાવરણ અને વરસાદને અનુલક્ષીને ખેડૂતોએ પાકના રક્ષણ માટે જરૂરી પગલાઓ લેવા ખેતી નિયામકની કચેરી દ્વારા અનુરોધ કરવામાં આવ્યો છે.

કમોસમી વરસાદથી થતા પાક નુકશાનીથી બચવા માટે ખેડુતોના ખેત ઉત્પાદિત પાક, ખેતરમાં કાપણી કરેલ પાક ખુલ્લા હોય તો તેને તાત્કાલીક સલામત સ્થળે ખસેડવાની કાર્યવાહી કરવી અથવા પ્લાસ્ટિક કે તાડપત્રીથી યોગ્ય રીતે ઢાકી દેવું અને ઢગલાની ફરતે માટીનો પાળો બનાવી વરસાદનું પાણી ઢગલાની નીચે જતું અટકાવવું. વરસાદના સમયે પાકમાં જંતુનાશક દવા અને ખાતરનો ઉપયોગ આ સમયગાળા પુરતો ટાળવો અને ખાતર અને બિયારણના વિક્રેતાઓએ જથ્થો પલળે નહી તે મુજબ ગોડાઉનમાં સુરક્ષિત રાખવા. તેમજ APMCમા વેપારી અને ખેડુત મિત્રોએ કાળજી રાખવી.

APMC માં અનાજ અને ખેતપેદાશો સુરક્ષિત રાખવા. APMC માં વેચાણ અર્થે આવતી પેદાશો આ દિવસો દરમિયાન ટાળવી અથવા સુરક્ષિત રાખવા અનુરોધ કરવામાં આવ્યો છે.

આ અંગે વધુ જાણકારી આપના વિસ્તારના ગ્રામસેવક, વિસ્તરણ અધિકારી, તાલુકા અમલીકરણ અધિકારી, મદદનીશ ખેતી નિયામક(તા.મુ.), જિલ્લા ખેતીવાડી અધિકારી, નાયબ ખેતી નિયામક(તાલીમ), KVK અથવા કિસાન કોલ સેન્ટર ટોલ ફ્રી નંબર – ૧૮૦૦૧૮૦૧૫૫૧ નો સંપર્ક કરવો એમ સુરત જિલ્લા ખેતીવાડી અધિકારીની યાદીમાં જણાવાયું છે.

## કણાવના પારસી ફળિયામાંથી રૂા.૫૨ હજારનો દારૂ પકડાયો

### બુટલેગર હિતેશ રાઠોડની ધરપકડ કરતી પોલીસ

**(પ્રતાપ પ્રતિનિધિ), સુરત,તા.૦૨**

સુરત જિલ્લા એલસીબી પોલીસની ટીમે બાતમીના આધારે કણાવ ગામ પારસી ફળિયામાં દરોડો પાડી વિદેશી દારૂના જથ્થા સાથે એક બુટલેગરની ધરપકડ કરી હતી પોલીસે સ્થળ સ્થાન પર રૂ ૫૭૦૦૦ નો મુદ્દા માલ કબજે કર્યો હતો સુરત જિલ્લા ગ્રામ્ય એલસીબી પોલીસનો સ્ટાફ ગઈકાલે પોલીસ પેટ્રોલિંગમાં હતો ત્યારે ચિરાગ ને બાતમી મળી હતી કે મોજે કણાવ ગામે પારસી ફળિયામાં રહેતો સંદીપ રાજુભાઈ રાઠોડ એ ભારતીય બનાવટનો વિદેશી દારૂનો જથ્થો મંગાવી તેના ઘર ના વાડા ના ભાગે સંતાડી રાખેલ છે જે બાતમી ના આધારે પોલીસે દરોદો પાડ્યો હતો વાડામાં ચેક કરતા વિદેશી દારૂનો જથ્થો મળી આવ્યો હતો પોલીસે રહેતા દારૂ ના જથ્થા સાથે હિતેશ રાજુભાઈ રાઠોડની ધરપકડ કરી હતી પોલીસે મુખ્ય આરોપી સંદીપ રાજુભાઈ રાઠોડ ને વોન્ટેડ જાહેર કર્યો હતો પોલીસે ૩૫૪ નંગ દારૂની બાટલીઓ જેની કિંમત રૂપિયા ૫૨,૪૪૬ તથા મોબાઈલ નગ એક રૂ ૫૦૦૦ મલી કુલ્લે ૫૭૪૬ નો મુદ્દા માલ કબજે કર્યો હતો

## મિલકતના લેટર ઓફ એલોટમેન્ટ તેમજ શેર સર્ટીફીકેટ અંગેની જાહેર નોટીસ

આથી તમામ જાહેર જનતા અને લાગતા વળગતાને આ જાહેર નોટીસ થકી સુચીત કરવાનુ કે, ગુજરાત રાજયના INCORPORATED UNDER THE BOMBAY NON TRADING CORPORATION ACT 1959 હેઠળ REGAL CORPORATION, સીટીલાઇટ રોડ, અઠવાલાઈન્સ રોડ, સુરત-૩૯૫૦૦૧ રજીસ્ટ્રર નં. જી-૨૬૮૬ તા. ૨૩-૧૧-૧૯૮૯ ના રોજ નોંધાયેલ છે. ડીસ્ટ્રીકટ સુરત, સબ-ડીસ્ટ્રીકટ અઠવાલાઈન્સના મોજે ગામ ઉમરાની હદમાં ફાળવણી ટી.પી સ્કીમ નં. ૪, રે.સર્વે નં. ૧૪૪/૧/૬, ફાઇનલ પ્લોટ ૧૫૪ થી નોંધાયેલ જમીનમાં રહેણાંક ના હેતુથી પાડવામાં આવેલ "ઇન્દ્રપ્રસ્થ એપાર્ટમેન્ટ" માં છઠા માળ પર, ફલેટ નં. ડી-૬૦૪, જેનો ટેનામેન્ટ નં. 36A-25-2411-0-001 ક્ષેત્રફળ બીલ્ટઅપ એરીયા ૧૫૮૯ ચો.ફુટ યાને ૧૪૭.૬૭ ચો.મી (સુપર બીલ્ટઅપ એરીયા ૨૨૪૫ ચો.ફુટ યાને ૨૦૮.૫૭ ચો.મી.) વાળી મિલકત આ મિલકત તથા તેને લાગતા વળગતા અંદરના તથા બહારના તમામ હકકો સહીત કુલ્લ દરોબસ્ત મીલકત <u>સોભાગ્યબેન જયંતીલાલ શાહ ના કુલમુખત્યાર તરીકે જીજ્ઞેશભાઇ જયંતીલાલ શાહ</u> પોતાની સ્વતંત્ર માલીકી, કબજા ભોગવટા, વહીવટ હેઠળની હોવાનુ જણાવે છે. મજકુર મિલકતનો લેટર ઓફ એલોટમેન્ટ તેમજ શેર સર્ટીફિકેટ બંનેની ઓરીજનલ (અસલ) પાવતી ગુમ થયેલ છે અને આજદિન સુધી મળી આવેલ નથી એવુ જણાવેલ છે. જેથી સદરહુ મીલકત કે તેના કોઈ પણ ભાગ ઉપર કોઈપણ વ્યકિત, બેન્ક કે સંસ્થાનો વાંધો, હકક, હિસ્સો, લાગભાગ, દરદાવો, તર-તકરાર, હિત સંબંધ કે ઈઝમેન્ટ તથા અન્ય કોઈ પણ રીતે હકક હિસ્સો હોય અથવા ખોરાકી પોષાકીનો હકક, અધિકાર, ચાર્જ બોજો કે લોન હોય તો નીચેના સરનામે રૂબરૂ આવી દિન-૧૫ માં પુરાવા સહીત લેખીત જાણ કરવી.જો તેમ કરવામાં કસુર થશે તો આ નોટીસની મુદ્દત વિત્યે સદર મીલકતમાં કોઈ વ્યકિત કે સંસ્થાનો કોઈપણ જાતનો હકક, હિસ્સો કે લેણું નથી અને હોય તો જતો કરેલ છે. એમ માની ત્યાર પછી કોઈપણ વ્યકિત કે સંસ્થાની કોઈપણ જાતની તર-તકરાર ચાલશે નહી જેની જાહેર જનતાએ નોધ લેવી.

**એડવોકેટ શૈલેષકુમાર સી.હડિયા (મો.૯૪૯૯૫૦૫૦૩૫)**

ઓફિસ એડ્રેસ : ૧૨૨, પેલો માળ, ક્રિએશન પ્લાઝા-૨, પુણાગામ રોડ , સુરત

તે <u>સોભાગ્યબેન જયંતીલાલ શાહના કુલમુખત્યાર તરીકે જીજ્ઞેશભાઈ જયંતીલાલ શાહના</u> એડવોકેટ

## ઉમરાના જમીન કેસમાં આરોપીને આગોતરા જામીન આપતી કોર્ટ

### એડવોકેટ ઝફર બેલાવાલાની દલીલો ગ્રાહ્ય રાખતી કોર્ટ

**(પ્રતાપ પ્રતિનિધિ), સુરત,તા.૦૨**

ઉમરા ખાતે પારસી પરિવારની કરોડોની જમીન બોગસ દસ્તાવેજ બનાવી હડપ કરવાના પ્રયાસના ગુનામાં સંડોવાયેલા લિંબાયતના વેપારી સલમાન પટેલના આગોતરા જામીન સુરત સેશન્સ કોર્ટે મંજૂર કર્યા હતા.

આ કેસની વિગત એવી છે કે, મૂળ ભરૂચના વતની અને હાલ લિંબાયત મદીના મસ્જિદ પાસે રહેતા સલમાન ઈનાયત પટેલ અને અન્ય આરોપીઓ સામે ઉમરા પોલીસ સ્ટેશનમાં વર્ષ ૨૦૨૧માં લેન્ડ ગ્રેબિંગનો ગુનો નોંધાયો હતો. આરોપી સલમાન પટેલને આ ગુનામાં ગત તા.૨૧.૩.૨૦૨૫ના રોજ જી ડિવિઝનના એસીપી વી આર મલ્હોત્રાએ નોટિસ મોકલી હતી. જેથી આરોપી સલમાન પટેલે પોલીસ ધરપકડથી બચવા આગોતરા જામીન અરજી કરી હતી. આરોપી તરફે વકીલ ઝફર બેલાવાલાએ દલીલો કરી હતી કે, આરોપીએ બોગસ કે બનાવતી દસ્તાવેજો બનાવ્યા નથી. આરોપી માત્રને માત્ર બોનાફાઈડ પાર્ચેઝર છે. જેથી આરોપી પોતે ભોગ બનનાર કહેવાય. અને તેને ૬ લાખ પણ ચૂકવ્યા છે. ફરિયાદ પરથી ફરિયાદી પોતે સિવિલ દાવાને કામે પોતાનું ધાર્યું પરિણામ મેળવી ન શકતા સિવિલ તથા દીવાની પ્રકારની તદ્દન ખોટું ફોજદારી સ્વરૂપ આપી હાલની ફરિયાદ કરી છે.

## ચેક રિટર્ન કેસમાં અતુલ લાઠીયાને એક વર્ષની સજા

### ચેકની પુરી રકમ ફરિયાદીને ચૂકવી દેવા કોર્ટનો હુકમ

**(પ્રતાપ પ્રતિનિધિ), સુરત,તા.૦૨**

મિત્રતામાં લીધેલા નાણાની ચૂકવણી પેટે આપેલા રૂ.૧૦ લાખના ચેક રિટર્ન કેસમાં કામરેજના અતુલ કોઠીયાને એક વર્ષની સજા અને ચેકની રકમ ચૂકવવા કોર્ટે આદેશ કર્યો હતો.

નાનાવરાછા વિસ્તારમાં વસવાટ કરતા રાકેશ મોહન ડાયાણીએ વર્ષ ૨૦૨૦ના અરસામાં તેમના મિત્ર અતુલ રવજી કોઠીયાને રૂા.૧૦,૦૦,૦૦૦/- ધંધાના કામ કાજ અર્થે હાથ ઉછીના આપ્યા હતા. જે નાણાની ઉઘરાણી કરતા અતુલ કોઠીયાએ રૂા.૧૦,૦૦,૦૦૦/- ની રકમનો ચેક લખી આપ્યો હતો. જે ચેક રીર્ટન થતા ફરીયાદી રાકેશ ડાયાણીએ એડવોકેટ નિલેશ આર. માણીયા મારફતે સુરતની કોર્ટમાં ધી નેગોશિયેબલ ઈન્સ્ટ્રુમેન્ટ એકટની કલમ ૧૩૮ અંતર્ગત ફરિયાદ દાખલ કરાવી હતી. જે ફરિયાદ કોર્ટમાં ચાલી જતા કોર્ટે આરોપી અતુલ કોઠીયાને ૧ વર્ષની કેદ અને ચેકની રકમ ફરીયાદીને વળતર તરીકે ચુકવી દેવા હુકમ કર્યો હતો. વળતરની રકમ ચુકવવામાં કસુર કરે તો વધુ ૬ મહિનાની સજા ભોગવવાની રહેશે.

## ડભોલીના મકાનની મીટર પેટીમાં આગ

**(પ્રતાપ પ્રતિનિધિ), સુરત,તા.૦૨**

ડભોલી ચાર રસ્તા પાસે આવેલી એક સોસાયટીના મકાનમાં મૂકવામાં આવેલી મીટર પેટીમાં આગ લાગી હોવાનો બનાવ ફાયર બ્રિગેડના ચોપડે નોંધાયો હતો. શોર્ટ સર્કિટના કારણે ઈલેક્ટ્રીક મીટર પેટીમાં આગ લાગી હોવાનું ફાયર બ્રિગેડ એ જણાવ્યું હતું. ફાયર બ્રિગેડ સૂત્રોના જણાવ્યા અનુસાર, ડભોલી હરી દર્શન સોસાયટી માં આવેલ એક મકાનમાં આજે સવારે ઈલેક્ટ્રીક મીટર પેટીમાં આગ લાગી હતી. શોર્ટસર્કિટના કારણે લાગેલી આગ ની જાણ ફાયર બ્રિગેડ કંટ્રોલ રૂમને કરવામાં આવતા કતારગામ અને ડભોલી ફાયર સ્ટેશનની ફાયર ની ગાડીઓ તથા ફાયર ઓફિસરોને ઘટના સ્થળે મોકલી આપવામાં આવ્યા હતા ત્યાં તેઓએ પાણીનો છંટકાવ કરીને મીટર પેઢીમાં લાગેલી આગને બુજાવી નાખી હતી. આ બનાવ આજે સવારે ૧૧ વાગ્યાના અરસામાં બન્યો હતો. આગને કારણે મીટર પેટી મળીને રાખ થઈ ગઈ હતી.